પાના -૮, કિંમત રૂ.૨, તા. ૧૨-૧૧-૨૦૨૪- મંગળવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૨૮ ● અંક : ૨૮૫ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# ઝારખંડ અને પં. બંગાળમાં ૧૭ સ્થળોએ ઈડીના દરોડા

## ઝારખંડમાં કાલે ૪૩ બેઠકો પર મતદાન યોજવાનું છે તે પૂર્વે જ કેન્દ્રીય એજન્સીના છાપા : પશ્ચિમ બંગાળમાં ઘૂસણખોરી અને મનીલોન્ડરીંગ અંગે તપાસ

નવી દિલ્હી,તા.૧૨

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ મંગળવારે ઝારખંડ અને પશ્ચિમ બંગાળમાં ૧૭ સ્થળોએ દરોડા પાડ્યા હતા. આ મામલો બાંગ્લાદેશી ઘૂસણખોરી, વેશ્યાવૃત્તિ અને મની લોન્ડરિંગ સાથે સંબંધિત હોવાનું કહેવાય છે.

માહિતી અનુસાર, EDની ટીમ કેટલાક લોકો અને સંગઠનોની સરહદ પારથી ઘૂસણખોરી સંબંધિત નાણાકીય ગોટાળાઓની તપાસ કરી રહી છે.

ઝારખંડ વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કામાં આવતીકાલે એટલે કે બુધવારે ૪૩ બેઠકો પર મતદાન થવાનું છે. તેમજ, પશ્ચિમ બંગાળની ૬ વિધાનસભા બેઠકો પર પેટાચૂંટણી યોજાવાની છે.

ખરેખરમાં, આ વર્ષે જૂનમાં રાંચી પોલીસે બરિયાતુ પોલીસ સ્ટેશન વિસ્તારના હિલ વ્યૂ રોડ બાલી રિસોર્ટમાંથી ત્રણ શંકાસ્પદ બાંગ્લાદેશી યુવતીઓની ધરપકડ કરી હતી.

ધરપકડ કરાયેલી ત્રણ યુવતીઓની ઓળખ બાંગ્લાદેશના ચટ્ટોગ્રામની રહેવાસી નિમ્પી બિરુઆ, સમરીન અખ્તર અને નીપા અખ્તર તરીકે થઈ છે. ત્રણેય યુવતીઓએ પોલીસને જણાવ્યું હતું કે મનીષા રાય નામની અન્ય યુવતીની મદદથી બાંગ્લાદેશથી



જંગલ મારફતે પહેલા કોલકાતા અને પછી ત્યાંથી રાંચી લાવવામાં આવી હતી. તેમને બ્યુટી સલૂનમાં નોકરી આપવા માટે કહેવામાં આવ્યું હતું, પરંતુ અહીં તેમને વેશ્યાવૃત્તિમાં ધકેલી દેવામાં આવી હતી.

ધરપકડ કરાયેલી બાંગ્લાદેશી યુવતીઓ પાસેથી મળેલી માહિતીના આધારે રાંચીના બરિયાતુ પોલીસ સ્ટેશનમાં ૪ જૂન (નંબર ૧૮૮/૨૦૨૪) નોંધવામાં આવી હતી. આ કેસ આઈપીસીની કલમ ૪૨૦, ૪૬૭, ૪૬૮, ૪૭૧ અને ૩૪, પાસપોર્ટ એક્ટ ૧૯૬૭ની કલમ ૧૨, ફોરેનર્સ એક્ટ ૧૯૪૬ની કલમ ૧૪-એ હેઠળ નોંધવામાં આવ્યો હતો.

બાલી રિસોર્ટમાંથી પોલીસે જે ત્રણ યુવતીઓની ધરપકડ કરી હતી તેઓને કોર્ટે ૧૦,૦૦૦ રૂપિયાના વ્યક્તિગત બોન્ડ પર આ શરતે જામીન આપ્યા હતા કે તેઓ કેસની તપાસમાં સહકાર આપશે. ૨૦ દિવસ પહેલા, જ્યારે ઈડીની ટીમ આ કેસની તપાસ માટે બરિયાતુ પોલીસ સ્ટેશન ગઈ હતી, જ્યારે સ્ટેશન ઈન્ચાર્જ મનોજ કુમારને પૂછવામાં આવ્યું કે આ ત્રણેય છોકરીઓ ક્યાં છે, તો તેમણે કહ્યું કે આ વિશે કોઈ માહિતી નથી. બરિયાતુ પોલીસે યુવતીઓ પાસેથી જે આધાર કાર્ડ કબજે કર્યા હતા તે પણ ખોટા હતા.

# કાશ્મીરમાં સિઝનની પ્રથમ હિમવર્ષા : પ્રવાસીઓ ખુશખુશાલ

### ગુલમર્ગ અને સોમનર્ગ સહિતનાં ભાગોમાં બરફની ચાદર છવાઈ ગઈ

શ્રીનગર,તા. ૧૨

અર્ધો નવેમ્બર મહિનો વિતી રહ્યો હોવા છતાં દેશમા હજુ ઠંડી પડતી નથી પરંતુ હવે આવતા દિવસોમાં શિયાળાનો મિજાજ શરૂ થવાનો હોય તેમ કાશ્મીર-લદાખમાં સિઝનની પ્રથમ હિમવર્ષા થઈ છે. ઐતિહાસીક મુઘલરોડ બંધ કરવામાં આવ્યો હતો. હિમવર્ષાને પગલે પ્રવાસીઓ સ્કી રીસોર્ટ પર ઉમટવા લાગ્યા હતા.

કાશ્મીરની સુરેજ ખીણ જોજીલા, ગુલમર્ગ, સોનમર્ગ, પીરકી ગલી, પીર પંજાલ રેન્જ સહીતનાં ક્ષેત્રોમાં વતા ઓછા પ્રમાણમાં હળવી ભારે હિમવર્ષા થઈ હતી. હિમવર્ષા વચ્ચે ગાઢ ધુમ્મસ બનતા હવાઈ સેવા પ્રભાવીત થઈ હતી. જમ્મુની ફલાઈટ શરૂ કરવામાં આવી હતી. જયારે શ્રીનગરની ફલાઈટો રિ-શીડ્યુલ કરવામાં આવી હતી.

કાશ્મીરનાં પર્વતીય ભાગોમાં હિમવર્ષાની સાથોસાથ રાજોરીમાં ભારે વરસાદ વચ્ચે કરા પણ પડયા હતા. રાજયના મોટાભાગનાં વિસ્તારોમાં વાદળો-ધુમ્મસનાં કારણે વીઝીબીલીટી ખરાબ રહી હતી. હવામાન વિભાગે હજુ ૧૫-૧૬ નવેમ્બરે વરસાદ તથા [illegible]વર્ષાની [illegible]હી કરી છે.

કુપવાડા જીલ્લામાં હિમવર્ષાને પગલે સાધના ટોપ પર બરફની ચાદર છવાઈ હતી. ગુલમર્ગમાં બપોરથી સારી હમિવર્ષા વચ્ચે પ્રવાસીઓ ઉમટયા હતા.રાજૌરી-પુંછને જોડતો મુગલરોડ ભારે વરસાદથી બંધ કરવામાં આવ્યો હતો.કાશ્મીરમાં મૌસમની પ્રથમ હિમવર્ષા વચ્ચે દક્ષિણના રાજયોમાં ભારે વરસાદનું એલર્ટ આપવામાં આવ્યુ છે. હવામાન વિભાગ દ્વારા તટીય આંધ્રપ્રદેશ, રાયલસીમા, તમિલનાડુ, પોંડીચેરી સહિતના ભાગોમાં ભારે વરસાદનું યેલો એલર્ટ જાહેર કર્યુ છે.ચેન્નઈની તમામ સ્કુલોમાં આજે

અનુસંધાન પાના ૭ પર

# સૌરાષ્ટ્રમાં પ્રથમ વખત ઠંડીના ચમકારા : નલિયામાં ૧૮ ડિગ્રી

### ગાંધીનગરમાં ૧૫.૫ અમરેલીમાં ૧૭ અને રાજકોટમાં ૧૯.૬ ડિગ્રી તાપમાન

રાજકોટ,તા. ૧૨

સૌરાષ્ટ્ર-ગુજરાતમાં શિયાળો હવે નજીક આવી રહ્યાનાં એંધાણ વર્તાવા લાગ્યા છે અને આજરોજ વિવિધ સ્થળે શિયાળાનો પ્રથમ ચમકારો અનુભવાયો હતો. ખાસ કરીને આજરોજ અમરેલી, ગાંધીનગર, વડોદરા અને રાજકોટમાં ઠંડીનો અસલી ચમકારો અનુભવાયો હતો.

આજરોજ રાજયમાં સૌથી ઠંડુ શહેર ગાંધીનગર રહ્યું હતું. અત્રે સવારે ૧૫.૫ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયુ હતું. જયારે અમરેલીમાં પણ આજે સવારે ૧૭.૨ ડિગ્રી અને વડોદરામાં ૧૮.૮ ડિગ્રી તથા રાજકોટ શહેરમાં ૧૯.૬ ડિગ્રી લઘુતમ તાપમાન રહ્યું હતું.

જયારે પોરબંદરમાં ૧૯.૮ ડિગ્રી, અમદાવાદમાં ૨૦, ભાવનગરમાં ૨૧, ભુજમાં ૨૧.૪ ડિગ્રી તથા દમણમાં ૨૦.૪ ડિગ્રી અને ડિસામાં ૧૯.૮ તથા દિવમાં ૧૯.૫, દ્વારકામાં ૨૪ અને કંડલામાં ૨૩.૬ ડિગ્રી તથા નલિયામાં ૧૮ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું.

આ ઉપરાંત ઓખા ખાતે ૨૬ ડિગ્રી, સુરતમાં ૨૧.૮ અને

અનુસંધાન પાના ૭ પર

# શેર બજારના રોકાણમાં ગુજરાતના ચાર જિલ્લા દેશભરમાં ટોચ પર

### અમદાવાદ, સુરત, રાજકોટ અને ભાવનગર ઈક્વીટી માર્કેટમાં મોખરે

મુંબઈ,તા. ૧૨

ગુજરાતીમાં સાહસિક છે અને તેથીજ શેરબજારમાં તેઓ પાયોનીયર- રોકાણકાર પણ ગણવામાં આવે છે. જો કે હાલનો સમય રોકાણની દ્રષ્ટિએ નેગેટીવ રહ્યો. ખાસ કરીને આઈપીઓમાં હુંડાઈથી સ્વીગીના આઈપીઓએ લીસ્ટીંગ ગેઈનથી કમાણી કરનારને માટે ધબડકા જેવા બની રહ્યા છતા પણ સપ્ટેમ્બર માસમાં નવા રોકાણકારોની નોંધણીની દ્રષ્ટીએ ગુજરાત નવા રેકોર્ડ બનાવી રહ્યું છે અને દેશમાં એક માત્ર રાજય એવું બન્યું છે જેના એક-બે નહી પુરા ચાર જીલ્લા નવા રોકાણકારની નોંધણીની દ્રષ્ટીએ ટોપ પર રહ્યા છે.રાજયમાં અમદાવાદ, સુરત, રાજકોટ અને પ્રથમ વખત ભાવનગર એ નવા રોકાણકારની દ્રષ્ટીએ પુના અને બેંગ્લોર જેવા મેગા સીટીને પણ પાછળ રાખી દીધો છે. ભાવનગર હવે આ રીતે ગુજરાતમાં શેરબજાર રોકાણમાં આગળ વધી રહ્યું છે. ઓગષ્ટની સરખામણીએ સપ્ટેમ્બર માસમાં ભાવનગરમાં ૨૮૩% વધારા સાથે ૩૦૦૦૦ નવા રોકાણકાર નોંધાયા હતા અને તેણે પુના-બેંગ્લોરને પણ પાછળ રાખી દીધા છે.

રાજકોટમાં ૨૬૦૦૦ નવા રોકાણકાર નોંધાયા, જે ૧૯૩%નો માસીક વધારો છે. અમદાવાદમાં ૫૨૦૦૦ નવા રોકાણકારોએ શેરબજારમાં એન્ટ્રી કરી છે અને સુરતમાં પણ ૧૩૦%ના વધારા સાથે ૫૧૦૦૦ નવા રોકાણકાર નોંધાયા છે. દેશમાં કોઈ એક રાજયમાં ચાર-ચાર જીલ્લામાં નવા રોકાણકારોની સંખ્યા આ હદે વધી હોય તેમાં ગુજરાત એક માત્ર છે.

અનુસંધાન પાના ૭ પર

# સાઉદી અરબમાં ગેરકાયદે રહેતા ૨૦ હજાર જેટલા લોકોની ધરપકડ

### સાઉદી અરબમાં કાયદાના ભંગ અંગે સૌથી મોટું ઓપરેશન

નવી દિલ્હી,તા. ૧૨

સાઉદી અરબે સઘન કાર્યવાહી કરીને ૨૦,૦૦૦થી વધુ ઈલીગલ રેસિડેન્ટ્સની ધરપકડ કરી હતી.અધિકારીઓએ જણાવ્યું હતું કે ૧૫૬૯ વ્યક્તિઓ કિંગડમમાં પ્રવેશવાનો પ્રયાસ કરતા પકડાયા હતા.સાઉદી અરબે તેને ત્યાં એક સઘન ઓપરેશન હાથ ધર્યું હતું અને દેશમાં ઈલીગલ રેસિડેન્ટ્સની ધરપકડ કરી છે.

સાઉદી અરબે મોટી કાર્યવાહી કરી હતી અને તેમાં દેશની વિવિધ એજન્સીઓ પણ જોડાઈ હતી. સાઉદીએ જણાવ્યું છે કે ૧૧૦૦૦થી વધુ લોકોએ દેશના રિસેડેન્સી કાયદાનું ઉલ્લંઘન કર્યું છે. જેમાં સૌથી વધુ નાગરિકો ઈથિયોપીયાના હતા.

સાઉદી અરેબિયામાં ગત સપ્તાહે ઈલીગલ રેસિડેન્ટ્સ સામે મોટું અભિયાન હાથ ધર્યું હતું.સાઉદી અરબે સઘન કાર્યવાહી કરીને ૨૦,૦૦૦થી વધુ ઈલીગલ રેસિડેન્ટ્સની ધરપકડ કરી હતી.અધિકારીઓએ જણાવ્યું હતું કે

અનુસંધાન પાના ૭ પર

# મહારાષ્ટ્રનો જંગ જીતવા સંઘે ભાજપનો હાથ પકડયો

## આરએસએસની ૬૫ જેટલી સંસ્થાઓ પણ સક્રિય બની

નવી દિલ્હી,તા. ૧૨

લોકસભા ચૂંટણીમાં પછડાટ ખાધા બાદ આરએસએસ અને ભાજપ બન્નેને એ સમજાઈ ગયું છે કે બટેંગે તો કટેંગેનું તેનુ જ સૂત્ર તેને પણ લાગુ પડી શકે છે. ૨૦૨૪માં અબકી બાર ૪૦૦ કે પારના નારા સાથે ધસમસી રહેલા ભાજપના પગ હેઠળથી મતદારોએ જમીન ખેચી લીધી અને ૨૪૨ બેઠક પર અટકાવીને બહુમતીથી આ દૂર રાખી દીધો તેમાં આરએસએસની ભૂમિકા પણ હતી.

લોકસભા ચૂંટણી સમયે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ



જે.પી.નડ્ડાએ હવે અમારે (ભાજપ)ને સંઘની જરૂર નથી તેવું વિધાન કરીને જે બડાશ મારી તે પક્ષને ભારે પડી છે. દિલ્હી અને નાગપુર વચ્ચેનો આ મોટો તનાવ બની ગયો હતો પણ હવે સમાધાન કરી લીધુ છે જેની શરતો તો જાહેર થઈ નથી.

પણ માનવામાં આવે છે કે હાલની વિધાનસભા ચૂંટણીના પરિણામો બાદ સંઘ તે નિશ્ચિત કરશે. મહારાષ્ટ્રમાં અઢી વર્ષ શિવસેના-શિંદે અને એનસીપી અજીત પવારને સાથે રાખીને સતા તો મેળવી પણ તેનાથી ચુંટણી જીતવાનો મુદો મળ્યો નથી અને તેથી જ તે સંઘની મદદથી જ હવે મહારાષ્ટ્ર જીતવા માંગે છે. જો કે ભાજપે બટેંગે તો કટેંગે સુત્રને આગળ ધર્યુ છે તે મૂળભૂત ઉતરપ્રદેશમાં યોગી આદીત્યનાથે આપેલુ છે અને તે હવે મહારાષ્ટ્ર ભાજપની થીમ બની ગઈ છે.

સંઘની ૬૫ જેટલી સંસ્થાઓ હાલ મહારાષ્ટ્રમાં સક્રીય બની ગઈ છે. નાગપુર એ સંઘનું વડુ મથક છે

અનુસંધાન પાના ૭ પર

# વિકસિત દેશોનું કાર્બન ઉત્સર્જન જલવાયુનું મોટું કારણ બન્યું

### પર્યાવરણ પર ૨૦૦ દેશોના મહાકુંભમાં ૨૯ એસઓપી નિર્ધારિત

અઝરબૈજાન,તા. ૧૨

પર્યાવરણ પર ૨૦૦ દેશોનો મહાકુંભ સીઓપી ૨૯ તેલનો ધની દેશ અઝરબૈજાનની રાજધાની બાકુમાં સોમવારે શરૂ થયો છે. આ સંમેલનમાં સંયુકત રાષ્ટ્રનાં રિપોર્ટે ચેતવ્યા હતા કે વર્ષ ૨૦૨૪ દુનિયાનું સૌથી ગરમ વર્ષ થવાના રસ્તે છે.

સાથે સાથે પેરિસ કલાયમેટ સમજુતિનું લક્ષ્ય મોટા ખતરામાં છે. ૨૦૧૫ માં થયેલ પેરીસ સમજુતી[illegible] નકકી થયુ હતું કે ગ્લોબલ વોમ'ગ અર્થાત વૈશ્વિક તાપમાનને આ સદીના અંત સુધી ઔદ્યોગીકરણ કરવા ૧૯ મી સદીનાં પહેલાના તાપમાનથી ૧.૫ ડીગ્રી સેલ્સીયસથી વધુ ન થવા દેવાનું છે.અહી વિશ્વ હવામાન વિજ્ઞાન સંગઠન (ડબલ્યુએમઓ)ના રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે, આ વર્ષે જાન્યુઆરીથી સપ્ટેમ્બર વચ્ચે વૈશ્ર્વીક સરેરાશ તાપમાન ૧૯મી સદીનાં અંતના તાપમાનથી લગભગ ૧.૫૪ ડીગ્રી સેલ્સીયસ વધુ રહ્યું છે.જોકે રીપોર્ટનું કહેવુ છે

અનુસંધાન પાના ૭ પર

# શેરમાં ભારતીયોનું રોકાણ માત્ર ૩ ટકા ૧૦ વર્ષમાં ૮૪ લાખ કરોડની કમાણી

### મોર્ગન સ્ટેનલીનો રીપોર્ટ : સોના થકી ભારતીયોની સંપતિ ૨૨ ટકા વધી

નવી દિલ્હી,તા. ૧૨

ભારતમાં કોરોનાકાળ વખતથી શેરબજારમાં રોકાણનો ટ્રેન્ડ વધ્યો છે અને રીટેઈલ ઈન્વેસ્ટરોની સંખ્યા અનેકગણી કરોડોમાં વધી ગઈ છે. ત્યારે છેલ્લા ૧૦ વર્ષમાં ભારતીય રોકાણકાર પરિવારે એક મીલીયન ડોલર (ડોલરના વર્તમાન મુલ્ય મુજબ ૮૪ લાખ કરોડ)ની કમાણી કરી છે.

આંતર રાષ્ટ્રીય એજન્સી મોર્ગન સ્ટેનલીનાં રીપોર્ટમાં દર્શાવાયા પ્રમાણે ભારતીયોનું શેરબજારમાં રોકાણ અગાઉ માત્ર ૩ ટકા જ રહેતુ હતું જે હવે વધી રહ્યું છે. છેલ્લા ૧૦ વર્ષમાં શેરબજારમાં રોકાણથી એક ટ્રીલીયન ડોલરની કમાણી કરી છે. છેલ્લા ૧૦ વર્ષમાં ભારતીયોની સંપતિમાં કુલ ૮.૫ ટ્રીલીયન ડોલરનો વધારો થયો છે. તેમાંથી ૧૧ ટકા શેરબજાર-ઈલીટ્રીમાં રોકાણથી વધી છે.

સંપતિ વૃધ્ધિમાં સ્થાપકોનો પણ સમાવેશ કરવામાં આવે તો આંકડો ૯.૭ ટ્રીલીયન ડોલર થવા જાય છે અને શેરબજારની કમાણી બે ટ્રીલીયન ડોલર થવા જાય છે. રીપોર્ટમાં એમ જણાવવામાં આવ્યું છે કે શેરબજારમાં ભારતીયોનું રોકાણ હજુ ઘણુ ઓછુ છે કુલ સંપતીમાંથી ભારતીયોનું રોકાણ માત્ર ત્રણ ટકા છે. જોકે કંપની પ્રમોટરોનાં રોકાણનો આમા સમાવેશ નથી.

વર્તમાન તેજીના ટ્રેન્ડમાં ઈન્વેસ્ટરોની વધતી સંખ્યાને ધ્યાને લેવામાં આવતા વર્ષોમાં તે બે આંકડા સુધી પહોંચી શકે છે. ભારતીય શેરબજારમાં લીસ્ટેડ તમામ કંપનીઓનું માર્કેટ કેપીટલાઈઝેશન ૨૭ માર્ચ ૨૦૧૪ માં ૧.૨ ટ્રીલીયન ડોલર હતું તે હવે ૫.૪ ટ્રીલીયન ડોલર થયુ છે અને વિશ્વનું પાંચમાં નંબરનું સૌથી મોટુ શેરબજાર બન્યુ છે. વૈશ્વિક સ્તરે ભારતીય શેરબજારની ટકાવારી ૧.૬ ટકાથી વધીને ૪.૩ ટકા થઈ

અનુસંધાન પાના ૭ પર

# ક્રેડીટ કાર્ડની પર્સનલ લોનમાં ડિફોલ્ટરોની સંખ્યામાં વધારો

### અનસિક્યોર્ડ અને પર્સનલ લોનમાં ડિફોલ્ટનું પ્રમાણ ૧ વર્ષમાં ૧.૮ટકા વધ્યું

નવી દિલ્હી,તા. ૧૨

કોરોના કાળ બાદ બેન્કોએ જે રીતે છુટ્ટાહાથે ક્રેડીટકાર્ડથી પર્સનલ લોન સહિતના 'અનસિક્યોર્ડ' કેટેગરીના ધિરાણો આપ્યા હતા તેમાં હવે ડિફોલ્ટની સ્થિતિ બેન્કો માટે ચિંતા વધારી દીધી છે અને હવે પ્રી-એપ્રુવ્ડ-પર્સનલ લોન તથા ક્રેડીટ કાર્ડ માટે નવા કડક નિયમો અમલમાં મુકયા છે.

તો અનેક બેન્કોએ મોર્ગેજ લોનમાં લોન-ટુ-વેલ્યુ એટલે કે થાલમાં મુકાનારી મિલ્કત સામે લોનની રકમનો રેશિયો વધારી દીધો છે. ચાલુ વર્ષમાંજ જૂન માસથી ક્રેડીટ કાર્ડ ડિફોલ્ટર્સનો વધારો થયો છે. માર્ચ ૨૦૨૩માં જે ડિફોલ્ટનું પ્રમાણ ૧.૬% હતું તે હવે ૧.૮% થયુ છે. જયારે ગ્રાહક ક્રેડીટ લોન જે લાઈવ લોન તરીકે ઓળખવામાં આવે છે તેમાં પણ ડિફોલ્ટનું પ્રમાણ વધ્યુ છે.

હવે બેન્કોએ ક્રેડીટ સ્કોરમાં વધારો કરીને લોન અરજીમાં ૭૨૦ના સ્થાને ૭૫૦ ક્રેડીટ સ્કોરની લઘુતમ આવશ્યકતા નિશ્ર્ચિત કરી છે તો રાઈટ ઓફ કરવામાં ઝીરો ટોલરન્સ નીતિનો ઉપયોગ શરૂ કર્યો છે. રાજયના જ એક રીપોર્ટ મુજબ પર્સનલ લોનમાં એજયુકેશન લોન

અનુસંધાન પાના ૭ પર

# કોયલી ઓઈલ રિફાઈનરીમાં લાગેલી આગ ૧૫ કલાકે કાબુમાં આવી ગઈ

### વડોદરા રિફાઈનરીમાં આગની દુર્ઘટના અંગે ઉચ્ચ સ્તરીય તપાસના હુકમ

વડોદરા,તા. ૧૨

વડોદરાનાં કોયલી ખાતેની ઓઈલની રીફાઈનરીમાં પ્રચંડ બ્લાસ્ટ બાદ લાગેલી વિકરાળ આગ ૧૫ કલાકે કાબુમાં આવી હતી. બપોરે ધડાકા સાથે આગ લાગ્યા બાદ રાત્રે બીજો પ્રચંડ બ્લાસ્ટ થયો હતો. દુર્ઘટનામાં બે લોકોના મોત થયા હતા અને અન્ય બે ગંભીર રીતે ઘાયલ થયા હતા.કોયલીની ઓઈલ રીફાઈનરીમાં ગઈકાલે [illegible]પોરે અંદાજીત ૩.૩૦ વાગ્યે પ્રચંડ ધડાકા સાથે આગ ફાટી નીકળી હતી. વડોદરા ઉપરાંત અમદાવાદ, આણંદ, અંકલેશ્ર્વર, હાલોલ જેવા આસપાસનાં શહેરોમાંથી પણ ફાયર ટેન્કરો મંગાવવામાં આવ્યા હતા.ફાયર બ્રિગેડ દ્વારા જાહેર કરાયુ હતું કે આજે સવારે સાત વાગ્યે આગ પર સંપૂર્ણ કાબુ મેળવી લેવાયો હતો. સતત ૧૫ કલાક સુધી સમગ્ર વિસ્તાર ફાયર બ્રિગેડ તથા એમ્બ્યુલન્સના અવાજોથી ગુંજતો રહ્યો હતો.રીફાઈનરીમાં વિકરાળ આગને પગલે છ કિલોમીટર સુધી ધુમાડાનાં ગોટેગોટા નજરે પડતા હતા. દુઘર્ટનામાં બે લોકોનાં મોત નીપજયા હતા. આગ બુજાવવાની કામગીરીમાં સામેલ એક ફાયર કર્મચારી સહીત અન્ય બે લોકો ગંભીર રીતે ઘાયલ પણ થયા હતા.ઓઈલ રીફાઈનરીની આગ અત્યંત જવલનશીલ પદાર્થ બેન્ઝીનનાં ટેન્સમાં શરૂ થઈ હતી. પ્રચંડ બ્લાસ્ટ બાદ જોતજોતામાં આગે વિકરાટ સ્વરૂપ પકડી લીધુ હતું. વડોદરાથી ફાયર ટેન્કર દોડાવાયા બાદ રાજયભરનાં ફાયર વિભાગને એલર્ટ કરાયા હતા મેજર બ્રિગેડ કોલ જાહેર કરવામાં આવ્યો હતો.૧૫ કલાકની જહેમત બાદ આગ પર કાબુ મેળવાતા ફાયરબ્રિગેડ તથા તંત્ર દ્વારા રાહતનો શ્ર્વાસ લેવામાં આવ્યો હતો.આગનુ કારણ તથા નુકશાનીની તપાસ કરવામાં આવશે.

# સુરત એરપોર્ટ પર ઈન્ટરનેશનલ એર કાર્ગો સર્વિસ શરૂ કરાવવા માંગણી

## સુરત-મુંબઈ વચ્ચેના બિસ્માર હાઈવેને તાત્કાલિક ધોરણે રિપેર કરાવવા ચેમ્બરે રજૂઆત કરી

સુરત, તા.૧૨

ગુજરાતના આર્થિક પાટનગર ગણાતા સુરત શહેરના એરપોર્ટ પર ઈન્ટરનેશનલ એર કાર્ગો સર્વિસ શરૂ કરાવવા માટે ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીએ એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા કાર્ગો લોજિસ્ટીક્સ એન્ડ એલાઈડ સર્વિસિસ કંપનીના ચીફ એક્ઝીક્યુટીવ ઓફિસર શ્રી અજય કુમાર ભારદ્વાજને લેખિતમાં રજૂઆત કરી છે. તદુપરાંત ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા છેલ્લા એક વર્ષથી સુરત – મુંબઈ વચ્ચે ખૂબ જ બિસ્માર હાલતમાં જોવા મળી રહેલા હાઈવેને તાત્કાલિક રિપેર કરાવવા માટે ભારતના કેન્દ્રિય રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ હાઈવેઝ મંત્રી શ્રી નીતિન ગડકરીને લેખિતમાં રજૂઆત કરવામાં આવી છે.

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ જણાવ્યું હતું કે, સુરત એ ગુજરાતનું આર્થિક પાટનગર ગણાય છે. સુરતમાં ટેક્ષ્ટાઈલ, ડાયમંડ, કેમિકલ, જેમ એન્ડ જ્વેલરી, ફાર્મા, એકવા કલ્ચર, હોર્ટિ કલ્ચર અને ગારમેન્ટીંગ જેવા વિવિધ ઉદ્યોગો સ્થપાયા છે અને ડેવલપ થયા છે. જ્યારે દક્ષિણ ગુજરાતના એગ્રીકલ્ચર અને ઈન્ડસ્ટ્રીયલ બેલ્ટમાં સમૃદ્ધ ગામડાઓ આવેલા છે. આ ઉપરાંત સુરતમાં સી પોર્ટ પણ ધમધમે છે ત્યારે સુરત એરપોર્ટ પર ઈન્ટરનેશનલ એર કાર્ગો સર્વિસની જરૂરિયાત જણાઈ રહી છે.

સુરતથી સેમ્પલથી માંડીને ફિનીશ્ડ ગુડ્સ વિદેશ મોકલવામાં આવે છે, પરંતુ સુરત એરપોર્ટ ખાતે ઈન્ટરનેશનલ એર કાર્ગો સર્વિસના અભાવે ગુડ્સને મુંબઈ રૂટથી મોકલવાની ફરજ પડી રહી છે, જેને કારણે સમયનો તો બગાડ થાય જ છે પણ તેની સાથે સાથે રૂપિયાનો પણ ધૂમાડો થઈ રહયો છે. ફળ સામગ્રી, કેમિકલ તેમજ ફાર્માની કેટલીક દવાઓને ચોકકસ સમય મર્યાદામાં જ મોકલવાની હોય છે ત્યારે સુરત એરપોર્ટ ખાતે ઈન્ટરનેશનલ એર કાર્ગો સર્વિસ નહીં હોવાને કારણે સુરતથી ઈમરજન્સી ગુડ્સ મોકલી શકાતા નથી, આથી સુરતના વેપાર – ઉદ્યોગને ભારે નુકસાન થઈ રહયું છે, જેને અટકાવવા માટે ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા કાર્ગો લોજિસ્ટીકસ એન્ડ એલાઈડ સર્વિસિસ કંપનીના ચીફ એક્ઝીક્યુટીવ ઓફિસર શ્રી અજય કુમાર ભારદ્વાજને આજરોજ લેખિતમાં રજૂઆત કરી હતી. આ ઉપરાંત ચેમ્બર પ્રમુખે જણાવ્યું હતું કે, સુરતથી રોડ માર્ગે મુંબઈ જતી વખતે દહીસર સુધીના રસ્તાની હાલત ખૂબ જ બિસ્માર થઈ ગઈ છે. રસ્તા પર જ્યાં જોઈએ ત્યાં ખાડા પડી ગયા છે, જેથી વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહયો છે. સુરતથી મુંબઈ જવા માટે આશરે ૨૮૦ કિલોમીટરનું અંતર કાપતા સામાન્યપણે પાંચ કલાકનો સમય લાગે છે, પરંતુ હાલમાં રસ્તાની જે હાલત બગડી છે તેને કારણે આઠથી નવ કલાકનો સમય લાગી રહયો છે. મોટા અને ભારે વાહનોને તો એનાથી પણ વધારાનો સમય લાગી રહયો છે. જેને કારણે લોકોને બમણો સમય લાગી રહયો છે, સાથે જ રાષ્ટ્રીય સંપત્તિ એવા ઈંધણનો

અનુસંધાન પાના ૭ પર




### કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનની અધ્યક્ષતામાં

# વેસુ સંયમ વિહાર ખાતે જૈન વિશ્વ ભારતી સંસ્થાનો ૧૫મો દીક્ષાંત સમારોહ યોજાયો

## સાંસદ મુકેશ દલાલ અને આચાર્ય મહાશ્રમણજીની પ્રેરક ઉપસ્થિતિ

સુરત, તા.૧૨

કેન્દ્રીય શિક્ષણ મંત્રીશ્રી ધર્મેન્દ્ર પ્રધાનની અધ્યક્ષતામાં વેસુ સ્થિત સંયમ વિહાર ખાતે જૈન વિશ્વ ભારતી સંસ્થાનો ૧૫મો દીક્ષાંત સમારોહ યોજાયો હતો. જેમાં જૈન વિદ્યા એવં તુલનાત્મક ધર્મ તથા દર્શન વિભાગ, પ્રાકૃત એવં સંસ્કૃત વિભાગ, યોગ એવં જીવન વિજ્ઞાન વિભાગ, અહિંસા એવં શાંતિ વિભાગ, શિક્ષા વિભાગ, અંગ્રેજી વિભાગ તેમજ આચાર્ય કાલુ કન્યા મહાવિદ્યાલય મળી ૧૯૧૭ યુવા છાત્ર-છાત્રાઓને વિવિધ પદવીઓ એનાયત કરવામાં આવી હતી. જેમાં સ્નાતક અને અનુસ્નાતકની પરીક્ષાઓમાં ઉચ્ચ સ્થાન મેળવનારા ૧૦ વિદ્યાર્થીઓને સુવર્ણ પદક અને પ્રમાણપત્ર એનાયત કરાયા હતા. આ પ્રસંગે સુરતના સાંસદશ્રી મુકેશ દલાલ અને આચાર્યશ્રી મહાશ્રમણજી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે કેન્દ્રીય શિક્ષણ મંત્રીશ્રીએ જણાવ્યું કે ભારતીય સંવિધાનમાં વ્યક્તિની ગરિમાને વિશેષ સ્થાન મળ્યું છે. જ્ઞાન અને ચરિત્રનું શ્રેષ્ઠ નિર્માણ કરતી જૈન વિશ્વ ભારતી સંસ્થાનું મહત્વનું યોગદાન છે. આ દેશની પ્રથમ મોબાઈલ(ચલિત) સંસ્થા છે. જેમાં ભ્રમણ કરતા કરતા લોક ચરિત્રને આત્મસાત કરી શકાય છે. સમાનતા અને સમાનુભૂતિને મહત્વ આપતી આ સંસ્થા લોકોમાં જીવન મૂલ્યોનું શિક્ષણ આપે છે.

વધુમાં જૈન વિશ્વ ભારતી સંસ્થાના સિધ્ધાંતો અને વિષયોને નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ સાથે સરખાવતા તેમણે બાળકોમાં સૌ પ્રથમ આદર્શ મૂલ્યોની સ્થાપના પર મૂકાતા ભારણ વિષે વાત કરી હતી. વિદ્યાર્થીઓને ડિગ્રી અને વિષયમાં દક્ષ્યતા હાંસલ કરવાની સાથે મનની દક્ષ્યતા મેળવવા અનુરોધ કર્યો હતો. તેમણે કહ્યું કે, અહિંસા પર ચાલતા જૈન ધર્મની જેમ જ ભારત દેશના

અનુસંધાન પાના ૭ પર

# સુરત શહેરના એક સાથે પાંચ ઝોનમાં આખો દિવસ પાણી કાપ

## પાણી નહીં આવતાં ૧૧ લાખ લોકો અસરગ્રસ્ત

સુરત, તા.૧૨

દિવાળી વેકેશનને ધ્યાનમાં રાખી પાલિકાએ આજે એટલે ૧૨મી નવેમ્બર મંગળવારે વાલક ઈન્ટેકવેલની પાણી સપ્લાય લાઈન ઉપર વાલ્વ મુકવા, પ્લાન્ટના ૐ સ્વિચ યાર્ડમાં મેઈન્ટેનન્સ અને વોટર ચેનલ ડિસઈન્ફેકશનની કામગીરી માટે શટ ડાઉન જાહેર કરાયું છે. જેથી આજે મંગળવાર સવારે ૯ વાગ્યાથી સાંજે ૭ વાગ્યા સુધી ચાલનાર હાઈડ્રોલિક વિભાગના ઑપરેશનને પગલે સરથાણા ઝોન, વરાછા ઝોન, સેન્ટ્રલ ઝોન (ઉત્તર), લિંબાયત અને ઉધના ઝોનમાં પાણી કાપની અસર વર્તાશે.

સમગ્ર વિસ્તારના આશરે ૧૧ લાખ લોકોને ૧૨મી નવેમ્બરે પાણી મળશે નહી. જ્યારે ૧૩મી નવેમ્બર બુધવારે પાણી પુરવઠો અવરોધાશે અથવા લો-પ્રેશરથી મળશે.

વરાછા ઝોનઃ પુણા સંગના સોસાયટી, પંચવટી, યોગી ચોકથી બાપા સીતારામ ચોક સુધી, પુણા ગામતળ, નંદનવન, માતૃશકિત, સીતાનગર, કલ્યાણ નગર, વલ્લભ નગર, અભયનગર, આશીર્વાદ, ભૈયાનગર, વિધાતા, અમરદીપ, વિનાયક, રંગ અવધુત, જય ભવાની, મોમાઈ નગર, ભૈયાનગરથી પુણાગામ પોલીસ ચોકી, મગોબ.

લિંબાયત ઝોનઃ નીલગીરી સર્કલ, લક્ષ્મણ નગર ફાટક, નવાગામ પટેલ ફળીયા, નંદનવન સોસાયટી, ગોડાદરાના મધુસુદન, મણિ રત્ન, નીલકંઠ નગર, સાંઈધામ, મહારાણા પ્રતાપ નગર, રઘુનંદન સોસાયટી, ઋષિ નગર, કેસર ભવાની, વ્રજધામ, શિવ પાર્ક, દેવિકૃપા, ખોડિયાર નગર, ગોડાદરા ગામતળ, ડિંડોલી

અનુસંધાન પાના ૭ પર

# મિલ્કત વેરામાં રિબેટનો લાભ લેવા ચીફ ઓફીસરનો અનુરોધ

નવસારી, તા.૧૨

આથી નવસારી વિજલપોર નગરપાલિકાના ચીફ ઓફીસર શ્રી જે. યુ. વસાવા એક અખબારી યાદીમાં જણાવે છે કે, નવસારી વિજલપોર નગરપાલિકાના ૧ થી ૧૩ વોર્ડ નાં સને ૨૦૨૪-૨૫ ના મિલકત વેરામાં ૧૦% રીબેટની મુદત તા.૩૦/૧૧/૨૦૨૪ ના રોજ પુર્ણ થાય છે. આ રીબેટનો લાભ લેવા નવસારી વિજલપોર નગરપાલિકાના મિલકતધારકોને અપીલ કરવામાં કરવામા આવે છે. સદર તારીખ બાદ નવસારી વિજલપોર નગરપાલિકા દ્વારા જે મિલકત ધારકોની પાછલી બાકી હશે તેમના નળ / ગટર કનેકશન કાપવાની તથા સીલીંગની કામગીરી હાથ ધરવામા આવનાર છે. જેની નોંધ લેવા વિનંતી છે.

# વરાછામાં સરદાર પટેલ સ્પોર્ટ્સ સંકુલ બન્યું ખંડેર

## સિક્યુરિટીના અભાવે આખા સંકુલનું ધનોત-પનોત વળી ગયું

સુરત, તા.૧૨

સરદાર પટેલના નામે રાજકારણ રમતાં ભાજપ શાસકો અને ભ્રષ્ટ બ્યૂરોક્રેટ્સની મિલીભગતને લીધે વરાછા વિસ્તારમાં આવેલા સરદાર પટેલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષની હાલત દયનીય બની છે. રખરખાવના અભાવે આખું સંકૂલ ખંડેરની સ્થિતિમાં પહોંચી ચુક્યું હોવાથી આજે સુરત શહેર કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ કમ પૂર્વ કોર્પોરેટરે મુલાકાત લઈને પાલિકાની પોલ ખુલ્લી પાડી દીધી હતી.સુરત મહાનગર પાલિકાના વરાછા ઝોનની બરાબર પાછળ જ કહી શકાય ત્યાં પાલિકા પહોંચી શકતી નથી તો તાજેતરમાં પાલિકામાં સમાવિષ્ટ વિસ્તારમાં પાયાની સુવિધા પહોંચાડવા કેવી રીતે સક્ષમ બનશે એ યક્ષ પ્રશ્ન છે.કરોડોના ખર્ચે તૈયાર થયેલા સરદાર પટેલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષની યોગ્ય જગ્યા પસંદ કરવામાં ચૂક ખાઈ ગયેલા ભાજપના અભણ શાસકોએ પાલિકાની તિજોરી પર તો મોટો ફટકો પાડ્યો પરંતુ જેમના નામનું સંકૂલ બનાવવામાં આવ્યું તેમના નામની ગરીમા જાળવવા કોઈ પ્રયત્ન કર્યા નહી જેને કારણે સરદાર પટેલનું નામ માટીમાં મળી ગયું છે. (ચારે તરફ માટીના થર અને જાળા નજરે પડે છે) સંકૂલમાં આવેલા સ્વીમિંગ પૂલમાં એટલું દુર્ગંધ મારતું પાણી ભરાયેલું છેકે, ત્યાં ઉભા રહેવું મુશ્કેલ બન્યું છે. પાણીની સ્થિતિને જોતાં એવું દ્રશ્ય સામે આવે છેકે વરસાદનું પાણી ભરાયું છે. લીલથી છલકાતા સ્વિમિંગ પુલના પાણીને તાકીદે

અનુસંધાન પાના ૭ પર




# વિશ્વકર્મા મંદિર ખાતે તેજસ્વી વિદ્યાર્થીઓનું સ્નેહ મિલન યોજાયું

## તેજસ્વી વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપતા મોટિવેશનલ સ્પિકર જીગર પંચાલ

સુરત, તા.૧૨

શ્રી વિશ્વકર્મા મંદિર ટ્રસ્ટ, રાણીપ તરફ થી સમાજ નાં તેજસ્વી વિદ્યાર્થીઓ નું સ્નેહ મિલન યોજાયુ હતુ.આ કાર્યક્રમ નુ આયોજન સંચાલન શ્રી નિલેશ પંચાલ ( નવજીવન ચેરીટેબલ ટ્રસ્ટ) દવવારા કરવામા આવ્યુ હતુ જેમાં સમાજ ના લોકો તેમજ તેજસ્વી વિદ્યાર્થીઓ ભણતર નાં બોજ હેઠળ નાસીપાસ ન થાય,પ્રેશર માં આવી અયોગ્ય પગલા ન ભરે અને એમના ભણતર નું સાતત્ય રમતા રમતા જાળવી શકે એ હેતુસર મોટિવેશન સ્પીકર માઈન્ડ એન્ડ મેમરી કોચ શ્રી જીગરભાઈ પંચાલે એમના વ્યક્તવય સહ એમને યાદ શક્તિ વધારવા માટે ટીપ્સ આપી હતી.સમાજ નાં વિદ્યાર્થીઓ ના ભણતર માં સાતત્ય જાળવી રાખવા જણાવ્યુ હતુ આ કાર્યક્રમ મા હાજર રહેલ વિદ્યાર્થીઓ અને એમના વાલીઓ એ પ્રશંસા કરી હતી.

## પાલમાં રહેતી ૨૨ વર્ષીય યુવતી નશીતાબહેન ગુમ

સુરત, તા.૧૨

અડાજણ પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર તા.૧૫/૧૦/૨૦૨૪ના રોજ અડાજણ વિસ્તારનાં રહે-ફ્લેટ નં સી/૧૧૦૨ કુશલ વાટિકા સ્વસ્તિક પાર્ટી પ્લોટ, નિશાળ સર્કલ પાસે પાલ અડાજણ સુરત ખાતે રહેતી નશીતા કોઈને કહ્યા વગર ક્યાંક ચાલ્યા ગયા છે.જેમની ઉંમર ૨૨ વર્ષની છે. જેઓ શરીરે મધ્યમ બાંધાના, રંગે ઘઉંવર્ણ છે. જેમની ઉંચાઈ ૦૫.૦૧ફૂટ છે.જેણે શરીરે કાળા કલરનું ટી-શર્ટ તથા બ્લુ કલરનું જીન્સ પહેરેલ છે.જેઓ ગુજરાતી, મારવાડી અને હિન્દી ભાષા જાણે છે જે કોઈને ભાળ મળે તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા અડાજણ પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## વડોદમાં રહેતી ૧૬ વર્ષીય છોકરી ડોલી બહેન લાપતા

સુરત, તા.૧૨

પાંડેસરા પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર તા.૨૩/૧૦/૨૦૨૪ના રોજ પાંડેસરા વિસ્તારનાં રહે-બિલ્ડીગનં એ-૩૬ રૂમ નં.૧૪ ગોકુલધામ સોસાયટી, ગણેશ નગર, વડોદ પાંડેસરા સુરત ખાતે રહેતી ડોલીબહેન કોઈને કહ્યા વગર ક્યાંક ચાલ્યા ગયા છે.જેની ઉમર ૧૬ વર્ષની છે.જે શરીરે મધ્યમ બાંધાની રંગે ગૌરાવર્ણની છે.જેની ઉચાઈ ૦૫.૦૦ ફૂટ છે.જેને શરીરે લાલ કલરની ટી–શર્ટ તથા સફેદ કલરનું પેન્ટ પહેરેલ છે. જે હિન્દી ભાષા જાણે છે.જે કોઈને ભાળ મળે તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા પાંડેસરા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## કાપોદ્રાનો ૩૫ વર્ષનો યુવક અશ્વીનભાઈ ગુમ

સુરત, તા.૧૨

કાપોદ્રા પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર તા.૨૭/૧૦/૨૦૨૪ના રોજ કાપોદ્રા વિસ્તારનાં રહે-ઘર નં,૧૯૬,અશોકવાટિકા સોસાયટી સાગર સોસાયટીની પાછળ કાપોદ્રા સુરત ખાતે રહેતા અશ્વિનભાઈ કોઈ ને કહ્યા વગર ક્યાંક ચાલ્યા ગયા છે.જેની ઉમર ૩૫ વર્ષની છે.જે શરીરે મધ્યમ બાંધાના રંગે ઘઉં વર્ણ છે.જેની ઉચાઈ ૦૫.૦૫ફૂટ છે જેમણે શરીરે સફેદ કલરનું ટી-શર્ટબ્લુ કલરનું નાઈટ પેન્ટ પહેરેલ છે જે ગુજરાતી ભાષા જાણે છે. જે કોઈને ભાળ મળે તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા કાપોદ્રા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## વેસુ ગામમાં રહેતો યુવાન અક્ષત શાહ ગુમ થયો

સુરત, તા.૧૨

વેસુ પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર તા.૨૭/૧૦/૨૦૨૪ના રોજ વેસુ વિસ્તારનાં રહે-એ/૪૦૨ શ્રી બાલાજી હોમ્સ વેસુ ગામ સુરત ખાતે રહેતા અક્ષત શાહ કોઈ ને કહ્યા વગર ક્યાંક ચાલ્યા ગયા છે. જેની ઉમર ૨૯ વર્ષની છે. જે શરીરે પાતળા બાંધાનો રંગે ઘઉં વર્ણ છે. જેની ઉચાઈ ૦૫.૦૪ ફૂટ છે જેમણે શરીરે સફેદ કલરનું ટી-શર્ટ ગ્રે કલરનું ટ્રેક પેન્ટ પહેરેલ છે.આંખે ચશ્માં પહેરેલ છે.જે ગુજરાતી, અંગ્રેજી, હિન્દી ભાષા જાણે છે. જે કોઈને ભાળ મળે તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા વેસુ પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.



શિયાળાનું આગમન થવા પૂર્વે જ સુરતના તાપી નદી તટીય વિસ્તારોમાં વિદેશી પાયાવર પક્ષીઓનું આગમન થયું છે. તાપી નદી તટ તથા બ્રીજ પર મોટી સંખ્યામાં વિદેશી પક્ષીઓ નજરે પડે છે.

# સુગરના સભાસદ ખેડૂતોને બેંક વ્યાજ દરમાં રાહત આપવા માંગ

## ધિરાણ લેતા ખેડૂતોના હિતમાં કોંગ્રેસ અગ્રણી દર્શન નાયકની રજૂઆત

સુરત, તા.૧૨

સુરત ડિસ્ટ્રિક્ટ બેંક સાથે સંકળાયેલ સુરત-તાપી જિલ્લાની સુગર ફેકટરીઓના ખેડૂતો અને સભાસદો ઓવરડ્રાફ્ટ અને કિસાન ક્રેડિટ કાર્ડ લોનના વ્યાજ દરમાં રાહત આપવા બાબતે પ્રદેશકોંગ્રેસ મહેરબાન શ્રી, મહામંત્રી દર્શન નાયક દ્વારા બેંકના ચેરમેનને કરેલી લેખિત રજૂઆતમાં જણાવ્યું છે કે, સુરત અને તાપી જિલ્લાના ખેડૂતો અને સહકારી સંસ્થાઓ ની કામધેનુ સમાન ધી સુરત ડી.કો.ઓ.બેંક લી.ની સેવા અંતરિયાળ ગામડા અને ઘરો સુધી વિસ્તરેલી છે. ગામડાની નાની દુધ મંડળી, સેવા સહકારી મંડળી, શાકભાજી, ખાતર વેચાણ કરનાર સહકારી મંડળી કે સુગર ફેક્ટરી બેંકના સહકારથી વિસ્તરી રહી છે. સુગર ફેક્ટરી અને ખેડૂતોને આપેલ લોનની રીકવરી બાબતે બેંક ને બહુ તકલીફ પડી નથી. ખેડૂતો લોન ના હપ્તા લગભગ નિયમિત ભરતા હોય છે ત્યારે ખેડૂતોને લોન પરના વ્યાજમાં રાહત આપવી જોઈએ.

વર્તમાન સમયમાં ખેડૂતો, સહકારી મંડળીઓ અને સુગર ફેક્ટરી અસ્તિત્વની કટોકટીનો સામનો કરી રહી છે ત્યારે, જે ખેડૂતોએ લોન લીધી હોય, જે સુગર ફેક્ટરી લોન ઓવરડ્રાફટ લીધી હોય તેના વ્યાજ દરમાં ઘટાડો કરીને ખેડૂતો, મંડળીઓને, ફેક્ટરીઓને રાહત આપવી જોઈએ. ગત સિઝન ૨૦૨૩-૨૪ કરતા ચાલુ સિઝન ૨૦૨૪-૨૫ આશરે ૧૪-૧૫ દિવસ મોડી શરૂ થઈ રહી છે. સુરત ડિસ્ટ્રિક્ટ બેંક ખાંડ ઉપર વાર્ષિક ૯ ટકા વ્યાજ લે છે. જેમાં ટર્મ લોન (મોડીફીકેશન) ૮.૨૫ % અને વર્કિંગ કેપીટલ લોન ૮.૨૫ % સમાવેશ થાય છે. માર્કેટમાં ખાંડ તેમજ આડપેદાશો ની પરિસ્થિતિ અનિશ્ચિત રહેવાને કારણે સુગર ફેક્ટરી ખેડૂતોને સારા ભાવ આપી શક્તિ નથી. દિવસે-દિવસે શેરડીના

અનુસંધાન પાના ૭ પર

# અશ્વની કુમાર બાળ સ્મશાન ગૃહ માટે મોટી જગા ફાળવવા માંગ

## જાહેર હિતમાં મેયર તથા કમિશનરને રજૂઆત

સુરત, તા.૧૨

ફુલપાડા અશ્વનિકુમાર ખાતે આવેલ તાપી નદી કિનારે બાળ સ્મશાન ગૃહ બાબતે પૂર્વ કોર્પોરેટર દિનેશ કાછડીયાએ આજરોજ મેયર અને કમિશ્નરને રજુઆત કરતા જણાવ્યું હતું કે, હાલમાં તેની જગ્યા હજારથી પંદરસો મીટર જેટલી છે જે ઘણી નાની છે. તાપી નદી કિનારે પવિત્ર જગ્યા હોવાથી તમામ લોકો જ્યારે પોતાના ઘરે કોઈ નાના બાળકનું અવસાન થાય તો આ જગ્યાએ દફનવિધિ માટે લાવતા હોય છે. જ્યારે દફનવિધિ માટે આવતા હોય છે ત્યારે કોઈપણ જગ્યાએ ખાડો ખોદવામાં આવે તો બાળકની લાશ નીકળતી હોય છે. જગ્યા નાની હોવાને કારણે આ સમસ્યા વારંવાર ઊભી થાય છે.

આ મુદ્દે દિનેશભાઈ કાછડીયાએ સુરત મનપા કમિશનર, મેયર અને સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનને જાતે આ જગ્યાની સ્થળ વિઝીટ લઈ અને યોગ્ય ન્યાય આપી આ બાળ સ્મશાન ગૃહ માટે મોટી જગ્યા ફાળવવા માટે વિનંતી કરી હતી. વધુમાં દિનેશભાઈ કાછડીયાએ જણાવ્યું હતું કે, ૨૦૧૫ થી ૨૦૨૦માં હું જ્યારે સુરત મહાનગરપાલિકામાં કોર્પોરેટર તરીકે સેવા આપી રહ્યો હતો ત્યારે મારા દ્વારા સામાન્ય સભામાં અનેક વાર આ વિશે ચર્ચાઓ કરવામાં આવી છે. જે સમયે પૂર્વ મેયર શ્રી જગદીશભાઈ પટેલ આ વિસ્તારના પ્રતિનિધિ તરીકે હતા તેમને પણ વારંવાર રજૂઆત કરવામાં આવી હતી, પરંતુ આજદિન સુધી આ સમસ્યાનો હલ થયો નથી. મારા દ્વારા વારંવાર બાળ સ્મશાનની મુલાકાત લેવામાં આવે છે તે દરમિયાન ત્યાંના ટ્રસ્ટીશ્રી અને ફુલપાડા ગામના વતની એવા શ્રી ભગુભાઈ પટેલ દ્વારા મને રજૂઆત કરવામાં આવે છે. હું પોતે પણ આ સમસ્યાથી વાકેફ છું કારણ કે મારી જન્મભૂમિ અને

અનુસંધાન પાના ૭ પર

# ભરૂચ જિલ્લામાં ખેતીના નુકશાન અંગે ૧૨ હજાર અરજીઓ આવી

## સરકારી સહાય માટે આતુર બનેલા ભૂમિપુત્રો

સુરત, તા.૧૨

ભરૂચ જિલ્લામાં ઓગસ્ટ મહિનામાં અતિશય વરસાદ પડવાના કારણે ખેડૂતોને ખેતી પાકને નુકશાની પહોંચી હતી. જેના કારણે ખેડૂતોનો મહામુલો પાક બગડતાં સરકાર થકી સહાયની જાહેરાત કરવામાં આવી હતી. જેના માટે ૨૫ ઓક્ટોબર થી ઓનલાઈન અરજી ચાલુ કરવામાં આવી હતી. જે ૧૦ નવેમ્બર સુધી ખેડૂતોએ ગ્રામપંચાયત ના વિએલઈ પાસે સહાય માટે ઓનલાઈન અરજી કરાવવામાં આવી હતી. જેમાં કુલ ૧૭ દિવસમાં ૧૨ હજાર ખેડૂતોએ સહાય માટે અરજી કરી છે. દિવાળી પહેલા સહાયની સરકાર થકી જાહેરાત કરતાં ખેડૂતોને થોડી રાહત મળી હતી.

ખેતીવાડી વિભાગ માંથી મળતી માહિતી મુજબ મોટાભાગના ખેડૂતો નું પહેલા સ્થળ તપાસ થઈ ગયું છે. ફક્ત ૧૦ ટકા જેટલા એવા ખેડૂતોએ અરજી કરી છે, જેઓની સ્થળ તપાસ બાકી છે. તેની સ્થળ

અનુસંધાન પાના ૭ પર



સુરતના હીરા ઉદ્યોગમાં દિવાળીનું એક મહિનાનું લાંબુ વેકેશન પડ્યું છે. અલબત્ત દિવાળીના તહેવાર બાદ આજે દશમાં દિવસથી સુરતમાં નાના હીરાના કારખાનાઓ ફરીથી ધમધમતા થયા છે. જ્યારે મોટા કારખાનાઓ આગામી તા.૧૮મી અથવા તા.૨૦મીથી શરૂ થવાની સંભાવના છે.

# ઓમકારના નાદનું ઉચ્ચારણ કરવામાં આવે ત્યારે ધ્યાન નાદ પર રાખવું

**આ કુંભક વિનાનો ઉજ્જાયી પ્રાણાયામ પ્રમાણમાં ઘણો સરળ પ્રાણાયામ છે. આમ છતાં 'તાણ'ના દરદી માટે તે ક્યારેક કઠિન બની શકે છે. જો તેમ થાય તો તેનાથી તાણ વધી જાય. આમ ન બને તે માટે આટલી કાળજી રાખવી જોઇએ.**

જાણકાર વ્યકિત પાસે જ પ્રાણાયામનો અભ્યાસ શીખવી જોઇએ અને તેની દેખરેખ નીચે જ અભ્યાસ ચાલુ રાખવો જોઇએ. પાંચ સેક્ધડ અને ૧૦ સેક્ધડના પૂરક-રેચક કઠિન લાગે તો પ્રમાણ તેથી પણ ઓછું રાખવું, ત્રણ સેક્ધડ અને છ સેક્ધડના પૂરક-રેચકથી પણ પ્રારંભ કરી શકાય. પ્રાણાયમ શીખતી વખતે અનેક બાબતો શીખવી પડે છે. આ બધાનો પ્રારંભ એકસાથે જ કરવાને બદલે એક પછી એક મુદ્દાઓ શીખીની પછી બધવનો સમન્વય કરી શકાય.સાવધાન! આપણે અહી તાણમાંથી મુક્ત થવા માટે ઉજ્જાતી પ્રાણાયામનો અભ્યાસ કરીએ છીએ. તે અભ્યાસ તાણ વધારવામાં કારણભૃત ન બને તેની કાળજી રાખવી જોઇએ.ભારતીય અધ્યાત્મપરંપરામાં પ્રણવોપાસનાને એક ઘણી મૂલ્યવાન સાધના ગણવામાં આવે છે. પ્રણવોપાસના મૂલત: અધ્યાત્મસાધના છે. માનસિક સ્વાસ્થ્ય માટે પણ પ્રણવોપાસના ઉપયોગી થઇ શકે તેમ છે. પ્રાણાયામના અભ્યાસ પછી તરત પ્રણવોપાસના કરવામાં આવે તો આ અભ્યાસ વધુ ફળદાયી બની શકશે. માત્ર પુસ્તક દ્વારા પ્રણવોપાસના શીખી શકાય નહી. પ્રણવોપાસના કોઇ જાણકાર પાસે શીખવી જોઇએ. અહી આપણે પ્રણવોપાસના વિશેના કેટલાક મહત્ત્વના મુદ્દાઓ સંક્ષેપમાં નોંધીએ.

'ઓ'ની ત્રણ માત્રા છે. માત્રા એટલે લગભગ એક સેક્ધડ જેટલો સમય. ત્રણ માત્રા જેટલો સમય 'ઓ'ની ઉચ્ચાર કર્યા પછી મુખ બંધ કરીને 'મ'નો ઉચ્ચાર કરવો. 'મ'નો ઉચ્ચાર પોતાની શક્તિ પ્રમાણે ગમે તેટલો લંબાવી શકાય છે. 'મ'નો ઉચ્ચાર પૂરો થયા પછી થોડી ક્ષણો બાહ્ય કુંભકની અવસ્થામાં જ રહેવું. પછી પૂરકનો પ્રારંભ કરવો. ધીમી ગતિએ પૂરક દ્વારા શ્ર્વાસને પૂરો અંદર ભરી લેવો. પછી ફરીથી રેચક સાથે ઓમકારનો ઉચ્ચાર કરવો. આ રીતે ઓમકારના ઉચ્ચારણનાં અનેક આવર્તનો કરી શકાય.



(૩) ઓમકારના નાદનું ઉચ્ચારણ કરવામાં આવે ત્યારે ધ્યાન નાદ પર રાખવું. નાદનું ઉત્પન્ન થવું અને નાદનું શ્રવણ કરવું -આ બંને ક્રિયાઓ એકસાથે થવી જોઇએ, જેથી નાદસર્જન અને નાદશ્રવણનું એક ચક્ર પૂરું બને.(૪) દરેક આવર્તનમાં નાદને અંતે નાદના અનુરણનનું ધ્યાન કરવું. અનુરણન એટલે નાદના અંતે ચિત્તમાં ગુંજતી નાદની પ્રતિમા.(૫) નાદના અનુસંધાનની સાથેસાથે ઓમકારના અર્થનું ચિંતન કરવું, ઓમકાર પરબ્રહ્મનો વાચક છે. ઓમકાર પરબ્રહ્મ પરમાત્માનું સર્વશ્રેષ્ઠ સર્વોચ્ચ નામ છે. ઓમકાર શબ્દબ્રહ્મ છે.પ્રણવની સાડાત્રણ માત્રા છે. અ, ઉ અને મ-આ ત્રણે અનુક્રમે સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ-અવસ્થાની પ્રતીક-માત્રા છે. અર્ધમાત્રા તુરીયાવસ્થાની પ્રતીક-માત્રા છે. પ્રણવોપાસના દ્વારા આ ત્રણે અવસ્થાનો ભેદીને તુરીયાવસ્થામાં પહોંચવાનું છે.

સમસ્યાઓ સમજના અભાવમાં ઉત્પન્ન થાય છે અને સમજ દ્વારા સમસ્યાઓનું નિરાકરણ મળે છે. માનસિક તાણનો દરદી જો પરિપક્વ હોય તો પોતાની સમસ્યાના સ્વરૂપને સમજે અને જો એમ બની શકે તો આ સમસ્યાના નિરાકરણમાં તેનાથી ઘણી સહાય મળી શકે તેમ છે. પણે પ્રારંભમાં જ તાણનાં સ્વરૂપ અને કારણોની વિગતવાર વિચારણા કરી છે. તાણનો દરદી પોતે આ વિગતો સમજે અને તેને આધારે અને વિષયની કોઇ જાણકર વ્યક્તિની સહાય મેળવી પોતાની સમસ્યાના સમગ્ર સ્વરૂપને સમજી લે તો આ સમજ તેને સમસ્યામાંથી મુક્ત થવામાં સહાયભૂત બને છે.

આ સમજની પ્રક્રિયામાં વ્યકિતની પોતાની જાગૃતિ, પોતાની જાતને સમજવાની તત્પરતા, પોતાનું આંતરનિરીક્ષણ, જાણકાર વ્યક્તિનું માર્ગદર્શન આદિ ઉપયોગી થઇ શકે છે. જ્યારે વ્યક્તિ તાણના સ્વરૂપને સમજી લે છે, ત્યારે તાણની વ્યર્થતાનો પણ સમજી લે છે અને વ્યર્થની વ્યર્થતાને સમજી લેવી તે વ્યર્થમાંથી મુક્તિનો મૂલ્યવાન ઉપાય છે. સમજનો આ ઉપાય કેટલો કારગત નીવડે તેવો આધાર જે-તે વ્યક્તિની અવસ્થા અને પરિપક્વતા પર છે. સમજની પ્રાપ્તિ તે સૌથી મોટી ઉપલબ્ધિ છે. માત્ર તાણના દરદી માટે જ નહી, પણ જીવનની કોઇ પણ સમસ્યા માટે સમજની પ્રાપ્તિ બહુ મૂલ્યવાન ઉપાય છે, તે હકીકત સૌએ નોંધી રાખવી જોઇએ.

૫. સમર્પણભાવ

સમર્પણ એટલે પોતાનાં મન-બુદ્ધિ-ચિત્ત, અહંકાર, પોતાનું જીવન, પોતે જે કાંઇ છે અને પોતાનું જે કાંઇ છે તે સર્વસ્વ ભગવાનનાં ચરણોમાં અર્પણ કરી દેવું તે. આવું સંપૂર્ણ સમર્પણ સહેલી વાત નથી. આવું સમર્પણ તો એક વિરલ ઘટના છે. તોપણ ભગવાનને સમર્પિત થઇને જીવવાનો એક મનોભાવ તો સર્વજનસુલભ છે. ભગવાન સમગ્ર અસ્તિત્વના અને તેથી આપણાં જીવનના પણ કર્તા-ધર્તા-સંહર્તા છે, તેવી શ્રદ્ધા રાખીને ભગવાનને પોતાનું જીવન, પોતાનાં સુખ-દુ:ખ, પોતાનું આયોજન, પોતાની ઇચ્છાઓ, પોતાની સલામતી, જીવન, પોતાનાં સુખ-દુ:ખ, પોતાનું આયોજન, પોતાની ઇચ્છાઓ, પોતાની સલામતી, પોતાના ભય, પોતાની સમસ્યાઓ આદિ સર્વ સોંપી દેવાનું મનોવલણ રાખવું તે પણ એક સ્વરૂપનું- ભલે આંશિક કે પ્રારંભિક- સમર્પણ છે. આ સમર્પણભાવ માનવીને અનેક ચિંતાઓ અને અનેક ભયમાંથી મુક્ત કરી દે છે. આપણે જોયું છે તે પ્રમાણે તાણ (તિયિંતત)ના પાયામાં જ ભય અને ચિંતા (ફક્ષઢશયિું) છે. સમર્પણના સામર્થ્યથી ભય અને ચિંતામાંથી મુક્તિ મળે છે, તેથી તેના પરિણામરૂપે સ્વાભાવિક રીતે જ તાણમાંથી પણ મુક્તિ મળે જ છે.

જેના ચિત્તમાં 'મારા ભગવાન મારી સંભાળ રાખશે- મારી રક્ષા કરશે. મારા ભગવાન મારા જીવનની નૈયાને સંભાળશે'- આવી શ્રદ્ધા દઢીભૂત થઇ છે, તેને કોનો ભય? શાની ચિંતા? આવા શ્રદ્ધાળુ અને સમપિંત માનવીના જીવનમાં તાણને કોઇ સ્થાન જ નથી. તેવા માનવીને તાણ હોય નહીં અને આવે તો લાંબો વખત રહે નહીં. આમ સમર્પણભાવ પણ તાણમુક્તિનું એક મૂલ્યવાન પરિબળ બની શકે છે.



# રોકાણમાં કેવી કેવી થાય છે સામાન્ય ભૂલ?

ફક્ત બચત કરવાથી કંઈ થતું નથી. બચતનું રોકાણ કરવાનું હોય છે. જોકે, રોકાણનો માર્ગ સરળ હોતો નથી. જેમાં ફાયદો થતો હોય એવું કોઈ કામ સહેલું હોતું નથી, એવું જ રોકાણનું પણ છે. આથી જ રોકાણમાં લોકો અનેક ભૂલ કરતાં રહે છે. એમાં ભૂલ થાય ત્યારે અપેક્ષિત ભંડોળ ભેગું કરવામાં મુશ્કેલી નડે છે અથવા તો નિષ્ફળતા મળે છે. આવો, આજે આપણે આવી કેટલીક સામાન્ય ભૂલ વિશે જાણી લઈએ, જેથી ભવિષ્યમાં કોઈ તકલીફ થાય નહી, જેમકેપ

૧) લક્ષ્ય વિનાનું રોકાણ કરવાની ભૂલ

જ્યારે તમે કોઈ લક્ષ્ય વિના રોકાણ કરો છો ત્યારે તમે બજારની ચાલે ચાલવાનો પ્રયાસ કરો છો એમ કહી શકાય. તમે બજારની સ્થિતિના આધારે અચાનક નિર્ણયો લો છો. તમે રોકાણનું લક્ષ્ય નક્કી કર્યું નહીં હોવાથી તમે સંપૂર્ણપણે બજારની હિલચાલથી જ દોરવાઈ જાઓ છો. તમારો ઉદ્દેશ્ય ઘણું વધારે વળતર મેળવવાનો અથવા તો ઝડપથી નાણાં કમાઈ લેવાનો હોય છે. જોકે, આવું કરવાને લીધે તમારું ધ્યાન પોતાની જરૂરિયાતો તરફથી હટી જાય છે. જે ઘડીએ તમે રોકાણની સાથે લક્ષ્યને સાંકળી દો એ જ ઘડીએ તમારું વર્તન આપમેળે બદલાઈ જાય છે! ઉદાહરણ તરીકે, જો તમે ૧૦ વર્ષના સમયગાળા માટે બજારમાં તમારા નાણાંનું રોકાણ કર્યું હોય તો શું તમને લાગે છે કે તમને બજારની તાત્પૂરતી અસ્થિરતાથી અસર થશે..?! અહીં કહેવાનો અર્થ એ જ છે કે બજાર આજથી દસ વર્ષ પછી સમાન સ્થિતિમાં નહીં રહે. વચ્ચેના ગાળામાં ભલે ગમે તેટલી ઊથલપાથલ થઈ જાય, બજાર એક દાયકા પછી અલગ જ સ્થિતિમાં હશે! આથી જ આપણે ઉતાવળે કોઈ નિર્ણય લેવાને બદલે શાંતિ રાખવી જરૂરી છે.

બીજું, જ્યારે તમે તમારાં રોકાણનાં ચોક્કસ લક્ષ્યો નિશ્ર્ચિત કર્યાં ન હોય ત્યારે બધાં જ લક્ષ્યો માટે એક જ ભંડોળ ઉપલબ્ધ હોય છે. આવામાં દરેક લક્ષ્ય માટે કેટલી રકમ ફાળવવી એ નક્કી હોતું નથી તેને લીધે ક્યારેક વધુપડતાં કે ક્યારેક ઓછાં નાણાંનો ઉપાડ કરવામાં આવે છે. એની અસર બાકીનાં લક્ષ્ય પર પડી શકે છે. મૂળ મુદ્દો એ છે કે, હંમેશાં તમારાં રોકાણો લક્ષ્યઆધારિત રાખો.કરવેરા હંમેશાં અદશ્ય હોય છે અને ફુગાવો છૂપી રીતે અસર કરે છે માટે જ્યારે તમે આ બંનેને અવગણવાની ભૂલ કરો છો ત્યારે તમને નુકસાન થવાની પૂરેપૂરી શક્યતા રહે છે.ઘણા રોકાણકારો આ ભૂલ કરતા રહે છે. એમણે એ સમજવું જોઈએ કે ફક્ત ટીડીએસ (ટૅક્સ ડિડક્ટેડ એટ સોર્સ)ને જ ટૅક્સ કહેવાતો નથી. ટીડીએસ તો આપોઆપ કપાઈ જતો ટૅક્સ છે. એ ઉપરાંત પણ કરવેરો ચૂકવવો પડતો હોય છે. આથી જ્યારે પણ રોકાણ કરવામાં આવે ત્યારે એમાં કરવેરાની અસરને લાગુ કર્યા બાદ મળતાં વળતરનો વિચાર કરવામાં આવવો જોઈએ.

દરેક વ્યક્તિને પોતાની આવકના સ્તર (સ્લેબ)ના આધારે કરવેરો લાગુ પડે છે અને તેથી દરેકે પોતાને લાગુ પડતા કરવેરા વિશે પોતાની ગણતરી માંડવાની હોય છે. રોકાણ પર મળતાં વળતરને જ્યારે કરવેરો લાગુ પડે છે ત્યારે વાસ્તવિક વળતર ઘટી જતું હોય છે.

દાખલા તરીકેપ ફિક્સ્ડ ડિપોઝિટ પર સાત ટકા વ્યાજ મળે ત્યારે એ સારું લાગતું હોય છે, પરંતુ જેમની આવક પર ૩૦ ટકાના દરે કરવેરો લાગુ પડતો હોય એમના માટે સાત ટકાનું એ વ્યાજ કરવેરાની અસરને ધ્યાનમાં લીધાં બાદ વાસ્તવમાં ૪.૯ ટકા જેટલું જ મળ્યું કહેવાય. બીજું, ફુગાવાની પણ તમારા ભંડોળ પર અસર થતી હોય છે, કારણ કે ફુગાવાને લીધે તમારી ખરીદશક્તિ ઘટી જાય છે. વળી, ભંડોળ જમા કરવાની તમારી શક્તિ પર પણ એનાથી અસર થાય છે. ફુગાવાની અસર તમારી આવાસ, ખર્ચ અને એસેટ્સ પર પણ પડે છે. આથી ભંડોળ કેટલું ભેગું થશે એનો આધાર ફુગાવાના દર પર પણ હોય છે. આ સંજોગોમાં દરેક રોકાણકારે ફુગાવો અને કરવેરા એ બન્નેની અસરને ધ્યાનમાં લઈને જ રોકાણ પરના વળતરની વાસ્તવિક ગણતરી કરવી જોઈએ.

# તુલસી વિવાહ

તુલસી. લગભગ બધાના ઘરે તુલસી તો હોય જ છે. ભારતમાં તુલસી માતા તુલ્ય છે. જેમ ગંગા-જમના પવિત્ર છે, તેમ તુલસી પણ પવિત્રતામાં મોખરે છે.

ઘરમાં તુલસી હોવું એ ખૂબ શુભ માનવામાં આવે છે. તુલસી ઘરમાં સુખ સમૃદ્ધિ લાવે છે. તુલસીના કારણે આસપાસનું વાતાવરણ શુદ્ધ અને પવિત્ર થાય છે. તુલસી એક ઔષધીય છોડ છે. તુલસીનો અર્ક કેટલીય બીમારીઓનો ઈલાજ છે. અને સૌથી મોટી વાત કે તુલસી પત્ર પ્રસાદને પૂર્ણ બનાવે છે. એટલે કે તુલસીપત્ર વિના પ્રસાદ અધૂરો ગણાય છે.તુલસીના ઘણા બધા નામ છે. જેમ કે વિષ્ણુ પ્રિયા, વૃંદા. પદ્મપુરાણ અનુસાર તુલસીજી એ લક્ષ્મીજીનું જ સ્વરૂપ છે.




પુરાણો અનુસાર તુલસી વિવાહનો પણ જુદો જ મહિમા છે. કારતક માસની એકાદશી એટલે કે દેવઊઠી અગિયારસ જેનું બીજું નામ પ્રબોધિની એકાદશી પણ છે તે દિવસે તુલસી વિવાહ કરવામાં આવે છે. આ દિવસે ચાતુર્માસનું સમાપન થાય છે. અને ભારતમાં ત્યાર પછી જ લગ્નની મોસમ શરૂ થાય છે. તુલસીના વિવાહ વિષ્ણુનું સ્વરૂપ એટલે કે શાલીગ્રામ ની સાથે કરવામાં આવે છે. આ દિવસે તુલસીને લાલ કે લીલા રંગની ચુંદડી ઓઢાડી, શ્રૃંગારીત કરવામાં આવે છે. અને ગોધુલી એટલે કે સાંજના સમયે આ વિવાહ કરવામાં આવે છે. પૌરાણિક ગ્રંથો અનુસાર તુલસી એટલે કે વૃંદા સાથે શ્રી વિષ્ણુના ભાવાત્મક લગ્ન થયા હતા.

ધાર્મિક માન્યતા અનુસાર તુલસી વિવાહ કરવાથી વ્યક્તિને ૧૦૦૦ અશ્વમેઘ યજ્ઞ કરાવવાનું ફળ પ્રાપ્ત થાય છે. તથા કન્યાદાનનું પુણ્ય પણ પ્રાપ્ત થાય છે. હવે જાણીએ મૂળકથા વિશે.

માતા તુલસીનું મૂળ નામ વૃંદા હતું. તેમનો જન્મ રાક્ષસ કુળમાં થયો હતો. પરંતુ તેઓ ભગવાન શ્રીવિષ્ણુના પરમ ભક્તા હતા. પરંતુ વૃંદા જ્યારે લગ્ન લાયક થયા ત્યારે તેમના લગ્ન જલંધર નામના રાક્ષસ સાથે કરાવવામાં આવ્યા. વૃંદા ખૂબ જ પતિવ્રતા હતી. અને તેની પૂજા અને ભક્તિના પ્રતાપે તેનો પતિ જલંધર અજેય થતો ગયો. પરિણામે જલંધરને પોતાની શક્તિ પર અભિમાન વધતું ગયું. અને તેણે સ્વર્ગ પર આક્રમણ કરી દેવ કન્યાઓને બંદી બનાવી પોતાને અધિકૃત કરી લીધી. જેનાથી ક્રોધિત અને ત્રસ્ત થઈ બધા દેવતાઓ ભગવાન શ્રીવિષ્ણુની શરણમાં ગયા. અને જલંધરના ત્રાસમાંથી મુક્ત કરવા આજીજી કરવા લાગ્યા. જલંધરનો અંત કરવા માટે સૌપ્રથમ તેની પત્ની વૃંદાનું સતીત્વ ભંગ કરવું ખૂબ જરૂરી હતું. તેથી ભગવાન વિષ્ણુએ વૃંદાનું પતિવ્રતા ધર્મ ભંગ કરવાનો નિશ્ચય કર્યો. આ માટે ભગવાન વિષ્ણુએ એકવાર જલંધરનું રૂપ ધારણ કરીને છળથી વૃંદાને સ્પર્શ કર્યું. તે સમયે જલંધર દેવતાઓ સાથે યુદ્ધ કરી રહ્યો હતો. વૃંદાનું સતીત્વ ભંગ થતાંની સાથે જ જલંધરની શક્તિ ક્ષીણ થઈ ગઈ. અને તે મૃત્યુ પામ્યો. વૃંદાનું સતીત્વ જેવું નષ્ટ થયું કે તરત જ જલંધરનું મસ્તક કપાઈને તેના ઘરના આંગણે આવીને પડ્યું. વૃંદાને તરત જ ભગવાન વિષ્ણુના છળ કપટનું ભાન થયું. અને તેણે ભગવાન વિષ્ણુને પૂછ્યું કે, "ભગવાન મેં પૂરી શ્રદ્ધા અને ભક્તિથી આપની આરાધના કરી, પણ તમે મારી સાથે આવું છળ શા માટે કર્યું?"

આ પ્રશ્નની સામે ભગવાન નિ:શબ્દ હતા. ત્યારે વૃંદા કહે છે કે, "તમે મારી સાથે પથ્થર જેવો વ્યવહાર કર્યો છે. મારો ઉપયોગ કર્યો છે. તેથી હવે હું આપને શ્રાપ આપું છું કે તમે પણ પાષાણ બની જશો. અને જે પ્રમાણે તમે મને પતિ વિયોગ આપ્યો છે, તે જ પ્રમાણે તમારી પત્નીનું પણ છળ પૂર્વક હરણ થશે. અને તમને પણ પત્ની વિયોગ સહન કરવો પડશે. જે માટે તમારે મૃત્યુલોકમાં જન્મ લેવો પડશે. શ્રાપ મળતાં જ ભગવાન શ્રીહરિ પાષાણમાં પરિવર્તિત થઈ જાય છે. શ્રાપ મળતાની સાથે જ સમગ્ર સૃષ્ટિનું સંતુલન લથળવા લાગ્યું. અને બધા જ દેવતાઓએ વૃંદાને યાચના કરી કે તેઓ પોતાનો શ્રાપ પરત લઈ લે. દેવતાઓની આજીજી બાદ વૃંદાએ ભગવાન વિષ્ણુને ક્ષમા કરી દીધા. અને વૃંદા જલંધર સાથે સતી થઈ ગઈ.

વૃંદાની રાખમાંથી એક છોડ ઊગે છે. જેને ભગવાન વિષ્ણુએ તુલસીનું નામ આપ્યું. અને એ વરદાન આપ્યું કે તુલસી વગરનો કોઈ પણ પ્રસાદ હું ગ્રહણ કરીશ નહી. અને મારા શાલીગ્રામ સ્વરૂપ સાથે તુલસીના વિવાહ થશે. કહેવાય છે કે વૃંદાના શ્રાપથી જ ભગવાન શ્રીરામને વનવાસ મળ્યો હતો અને સીતા વિયોગ સહન કરવો પડ્યો હતો.

તો આ હતી તુલસી વિવાહ પાછળની પૌરાણિક કથા. તુલસી વિવાહ કરનારના ઘરે સુખ સમૃદ્ધિ નિરંતર રહે છે. મા તુલસી સૌને સુખી અને સંપન્ન કરે તેવી અભિલાષા.

-ભાવિની રાઠોડ "ભાવાગ્નિ"

**માતા તુલસીનું મૂળ નામ વૃંદા હતું. તેમનો જન્મ રાક્ષસ કુળમાં થયો હતો. પરંતુ તેઓ ભગવાન શ્રીવિષ્ણુના પરમ ભક્તા હતા. પરંતુ વૃંદા જ્યારે લગ્ન લાયક થયા ત્યારે તેમના લગ્ન જલંધર નામના રાક્ષસ સાથે કરાવવામાં આવ્યા. વૃંદા ખૂબ જ પતિવ્રતા હતી.**



# કઠોળમાં રહેલા સફેદ ફીણ સ્વાસ્થ્ય માટે જોખમી છે?

પલાળેલાં કઠોળ અથવા રાંધેલાં કઠોળ જેના પર ફીણ જેવું જે સફેદ પડ હોય છે, તે સ્વાસ્થ્ય માટે હાનિકારક છે કે નહીં? એ વિશે જાણીશું. આજકાલ સોશિયલ મીડિયા પર પલાળેલાં કઠોળ અથવા રાંધેલાં કઠોળ પર ફીણવાળું સફેદ પડ કેવી રીતે પડે છે તે અંગે ઘણી ચર્ચા થઈ રહી છે.

ફીણ જેવું સફેદ પડને સેપોનિન કહેવાય છે, જો આ રીતે દરરોજ સેવન કરવામાં આવે તો શું તે સ્વાસ્થ્ય માટે હાનિકારક સાબિત થઈ શકે છે? આજે આપણે તેની પાછળના વિજ્ઞાન વિશે વાત કરીશું. આજે અમે તમને જણાવીશું કે દાળ કેવી રીતે બનાવવામાં આવે છે અને એ પણ જાણીશું કે દાળ કેવી રીતે રાંધવી જોઈએ? સેપોનિન એક કુદરતી પદાર્થ છે જે ઘણા પ્રકારના કઠોળમાં જોવા મળે છે. એક રીતે તે કઠોળ અને છોડને રક્ષણ પૂરું પાડે છે. બીજી રીતે જોવામાં આવે તો, કઠોળ રાંધતી વખતે સફેદ ફીણ બને છે તે તમારા સ્વાસ્થ્ય માટે જોખમી બની શકે છે.

પ્યુરિન: ફીણમાં પ્યુરિન હોય છે, જે શરીરમાં યુરિક એસિડનું સ્તર વધારી શકે છે. યુરિક એસિડનું ઉચ્ચ સ્તર કિડની રોગનું કારણ બની શકે છે. હાર્ટ એટેક અને સાંધાની સમસ્યાઓ જેવી સ્વાસ્થ્ય સમસ્યાઓનું કારણ બની શકે છે.

સેપોનિન: ફીણમાં સેપોનિન પણ હોય છે, જે કુદરતી રીતે બનતા સંયોજનો છે જે પેટનું ફૂલવું અને પેટમાં અસ્વસ્થતા જેવી પાચન સમસ્યાઓનું કારણ બની શકે છે. પ્રોટીન સ્ત્રાવફીણ હવાના કણોને કારણે થાય છે જે કઠોળમાં હાજર પ્રોટીનને ઉકાળવામાં આવે ત્યારે બહાર આવે છે. સ્વાસ્થ્યના જોખમોને ઘટાડવા માટે, તમે દાળ ખાતા પહેલા ફીણને દૂર કરી શકો છો. ફીણ દૂર કરવા માટે ચમચી અથવા ચાની ગળણીનો ઉપયોગ કરવો.

દાળને પ્રેશર કૂકરને બદલે ખુલ્લા પાત્રમાં રાંધો સેપોનિન આયર્ન અને પ્રોટીન જેવા પોષક તત્ત્વોથી ભરપૂર હોય છે. જેમ કે તેમની ઉણપ છોડમાં થાય છે. ઘણા સંશોધનો દર્શાવે છે કે સેપોનિનમાં બળતરા વિરોધી અને એન્ટીઑક્સિડન્ટ ગુણધર્મો હોય છે, જેના ઘણા ફાયદા છે. વધુ પડતા સેપોનિનનું સેવન કરવાથી પેટનું ફૂલવું અને ગેસ જેવી સમસ્યાઓ થઈ શકે છે અને તે આંતરડાના સંતુલનને અસર કરી શકે છે.

## તંત્રી લેખ...-

**મંગળવાર, તા.૧૨ નવેમ્બર ૨૦૨૪**

# ગરમીનો પડકાર

જ્યારે આપણે ધરતીના ભવિષ્યની વાત કરીએ છીએ તેત હંમેશાં પ્રદૂષણની વાત કરીએ છીએ. માણસનાં કારનામાંથી સતત ગરમ થતી ધરતી ક્યારે કોને કેટલા પરેશાન કરશે, તે હજુ આપણે સારી રીતે નથી જાણતા. પરંતુ આ બધું તો ધરતીની સપાટી અને તેના વાયુમંડળની વાત છે. એવી ઘણી ગતિવિધિઓ છે, જે ધરતીની અંદર સતત ચાલી રહી છે. જમીનની બહુ નીચેના એ સ્તરોમાં, જેને આપણે ટેક્ટોનિક પ્લેટ્સ કહીએ છીએ, સતત હલચલ કરતી રહે છે. જ્યારે ક્યાંક ભૂકંપ આવે છે, તો આપણને તેનો અંદાજ આવે છે. આ હલચલને કારણે ધરતીનો નક્શો કેટલીય વાર બદલાયો છે. છેલ્લા કરોડો વર્ષોમાં મહાદ્વીપોનાં સ્વરૂપ વારંવાર બદલાયાં છે. આપણા પગની બહુ નીચે ચાલતી ગતિવિધિ પણ ધરતીનું ભવિષ્ય નિર્ધારિત કરે છે. બ્રિસ્ટોલ યુનિવર્સિટીના વૈજ્ઞાનિક એલેક્ઝાન્ડર આ ટેક્ટોનિક પ્લેટ્સની ગતિનાં વલણ જોયાં અને જાણવાની કોશિશ કરી કે તેમની સક્રિયતાનો મામલો ક્યાં સુધી જશે? તેમણે સુપર કમ્પ્યૂટર પર તેનું એક મોડલ તૈયાર કર્યું અને જે પરિણામ મળ્યાં તે ચોંકાવનારાં છે. પરિણામો દર્શાવે છે કે ધીમે ધીમે ધરતીના મહાદ્વીપ પહેલાં ટકરાશે અને પછી પરસ્પર ભળી જશે. તેમના ભળ્યા બાદ જે સુપર મહાદ્વીપ બનશે, તેને 'પેંગિયા અલ્ટીમા' નામ આપવામાં આવ્યું છે.

સુપર કમ્પ્યૂટરની તમામ ગણનાઓ દર્શાવે છે કે આ સુપર મહાદ્વીપ શુષ્ક અને ઘણો ગરમ હશે. એટલો ગરમ કે જીવનના મોટાભાગના રૂપ એ ગરમીને સહન નહીં કરી શકે અને નષ્ટ થઈ જશે. તે એટલો ગરમ થઈ જશે કે માનવ જાતિના રહેવાને લાયક પણ નહીં રહે. એક યુગ હતો જ્યારે પર્યાવરણમાં બદલાવને કારણે ધરતી પરથી ડાયનાસોર સંપૂર્ણ લુપ્ત થઈ ગયા હતા, એવો જ મહાવિનાશ ફરી એક વાર જોવા મળશે. વૈજ્ઞાનિકોનું કહેવું છેકે એ હાલતમાં ગરમીનો ત્રેવડો માર પડશે. સુપર મહાદ્વીપ તો ગરમ હશે જ, એ સમય સુધી સૂર્ય પણ વધારે ગરમ થઈ જશે અને વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઇડ વધુ થઈ જવાને કારણે પણ ગરમી વધશે. સુપર મહાદ્વીપ બની જવાથી જમીનના મોટાભાગના હિસ્સા સમુદ્રથી બહુ દૂર હશે, તેથી સમુદ્રના પાણીની ઠંડક પણ ત્યાં નહીં પહોંચી શકે. સુપર મહાદ્વીપનો ૬ થી ૧૮ ટકા હિસ્સો જ સ્તનધારી જીવો માટે રહેવા લાયક રહેશે. જોકે આ બધું થવામાં લાખો કરોડો વર્ષ લાગવાનું અનુમાન છે. આ બહુ લાંબો સમયછે અને તેના પહેલાં શું કરી શકાય? વૈજ્ઞાનિકનું કહેવું છે કે આપણે ભલે કરોડો વર્ષ બાદની વાત કરીએ છીએ, પરંતુ હકીકત એ છે કે ધરતીનું તાપમાન અત્યારથી ઘણું ગરમ થઈ રહ્યું છે અને તેને કારણે માનવ સામે સ્વાસ્થ્ય સંબંધી કેટલીય મુશ્કેલીઓ પેદા થઈ ગઈ છે. એટલે જરૂરી છે કે આપણે ધરતીના ઉત્સર્જનને સંપૂર્ણ રીતે શૂન્ય પર લઈ આવીએ. જોકે આપણે એ માનતા રહ્યા છીએ કે ભવિષ્યની ચિંતા ભાવિ પેઢીઓ પર ન છોડી શકાય. આપણને જો સુરિક્ષત ધરતી મળી છે તો આપણું એ પ્રથમ કર્તવ્ય છે કે ભાવિ પેઢીઓને આપણે એથીય વધારે સુરિક્ષત ધરતી સોંપીએ. પર્યાવરણ એક-બે દાયકામાં ખરાબ નથી થયું, તેમાં સદીઓ લાગી છે અને તેને સુધારવા માટે પણ સદીઓ સુધી કોશિશ કરવી પડશે. એ ત્યારે જ થશે જ્યારે આપણે શરૂઆત આજથી અને અત્યારથી જ કરીશું.

# અર્થવ્યવસ્થાને વધુ સ્વતંત્ર બનાવવાની જરૂર

ભારતીય અર્થવ્યવસ્થાને ગત આપવા માટે જરૂરી છે કે સરકાર એ તમામ કારકો પર ધ્યાન આપે, જેનાથી આર્થિક ગતિવિધિઓ તેજ થાય. એક સારા બેજટ બાદ પણ નાણાંકીય વર્ષ દરમ્યાન અર્થવ્યવસ્થા એ ઝડપ નથી પકડી શકતી, જેની જરૂર હોય છે. બેશક આંકડામાં ભારતીય જીડીપી દર વિશ્વમાં સૌથી તેજ હશે, તેમ છતાં અર્થવ્યવસ્થા એ લ-યને હાંસલ નથી કરી રહી, જેનાથી નવા રોજગારો સર્જન અને પૂંજી સર્જનમાં વધારો થાય.

ભારતનો વિદેશી મુદ્રા ભંડાર મજબૂત છે, તેમ છતાં ડોલરના મુકાબલે રૂપિયાની કમજોરી ચિંતા પેદા કરે છે. રેકોર્ડ નિકાસ છતાં ભારતની વેપાર ખાધ નિયંત્રિત નથી. ભારતીય શેરબજાર નિત નવી ઊંચાઈઓ સ્પર્શી રહ્યું છે, સેન્સેક્સ અને નિફ્ટી રેકોર્ડ બનાવી રહ્યા છે, છતાં વિદેશી સંસ્થાગત રોકાણકારો ભારતમાંથી પોતાના પૈસા ખેંચી રહ્યા છે. રિટેલ ઘરેલુ રોકાણકારના જોરે ભારતીય શેરબજાર સારું પ્રદર્શન કરતાં જોવા મળે છે. હાલનાં વર્ષોમાં ખાનગી રોકાણમાં ભારે ઘટાડો આવ્યો છે, પ્રત્યક્ષ વિદેશી રોકાણમાં પણ ઉષ્મા નથી. તેની પાછળ માનવામાં આવે છે કે સરકારના તમામ લોકરંજક વાયદા છતાં ભારતીય અર્થવ્યવસ્થા બાબુશાહીના ફંદાથી મુક્ત નથી થઈ. વારંવાર ચૂંટણીઓ થવાને કારણે અને તેમાં વડાપ્રધાન સહત સરકારના ઉચ્ચ પદસ્થ મંત્રીઓના પ્રચાર-પ્રસારમાં વ્યસ્ત થઈ જવાથી પણ સરકારી નિર્ણયોની ગતિ પર અસર પડે છે.

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે મહત્ત્વપૂર્ણ પાસા તરફ સરકારનું ધ્યાન ખેંચ્યું છે કે વાણિજ્ય અને વ્યવસાય સાથે જોડાયેલા લોકો પર વ્યવસ્થાનો માર ન પડવો જોઈએ, કારણ કે તેઓ જ નોકરી અને સંપત્તિના સર્જનકર્તા છે. 'આર્થિક રાષ્ટ્રવાદ'નો સિદ્ધાંત કેટલાક વ્યક્તિઓના આર્થિક લાભ કરતાં વધુ મહત્ત્વનો છે. વ્યાપાર, વાણિજ્ય, ઉદ્યોગ સાથે જોડાયેલા લોકોને સમાજમાં સન્માન મળવું જોઈએ, પૂંજી સર્જકોને હીણી નજરથી કે ઉપેક્ષિત ભાવથી ન જોવા જોઈએ. એવા લોકો ન માત્ર સામાજિક સદ્ભાવમાં યોગદાન આપે છે, બલ્કે તેઓ અર્થવ્યવસ્થાના ચાલક પણ છે. સ્વતંત્રતા આંદોલનોમાં પણ ઉદ્યમીઓનું મહત્ત્વનું યોગદાન રહ્યું છે.

હાલમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી દેશના મોટા ઉદ્યમીઓ વિરુદ્ધ જે રીતે ઝેર ઓકતા ફરે છે, તેનાથી ઉદ્યમીઓની પ્રતિષ્ઠાને હાનિ પહોંચે છે. મોદી સરકાર આત્મનિર્ભર ભારત, મેક ઇન ઇન્ડિયા અને વોકલ ફોર લોકલ જેવા અભિયાન ચલાવી રહી છે, નવપૂંજી સર્જકો (સ્ટાર્ટઅપ્સ)ને નીતિગત ઉત્તેજન આપી રહી છે, ડિજિટેક, હરિત હાઈડ્રોજન, સેમીકંડક્ટર, ગ્રીનટેક નેનોટેક અને બાયોટેક જેવા નવા આર્થિક ક્ષેત્રે રોકાણને પ્રોત્સાહિત કરી રહી છે, એવામાં સરકારી સ્તર પર કારોબાર ફ્રેન્ડલી માહોલ વધારવાની વધુ જરૂર છે.

આજે આર્થિક રાષ્ટ્રવાદના સિદ્ધાંતોનું પાલન કરવાની જરૂર છે. બિનજરૂરી આયાત પર અંકુશ લગાવો જોઈએ. અર્થવ્યવસ્થાને ઉત્પાદન આધારિતથી બદલીને ઉપભોગ આધારિત અને નિકાસ આધારિત બનાવવાની જરૂર છે. બંધારણના આર્થિક રાષ્ટ્રવાદનું લ-ય પણ ત્યારે જ હાંસલ થશે, જ્યારે સમાજ પોતાના ઉદ્યમીઓને સન્માન આપવાનું શીખશે, સ્વરોજગારનો આદર કરશે, મૂડીસર્જનમાં જોડાશે. સ્વ.રતન ટાટાએ પોતાના કારોબાર અને વેપારી આચરણથી ભારતીય આર્થિક રાષ્ટ્રવાદને ઘણો મજબૂત કર્યો. વિકસિત ભારતનું લ-ય હાંસલ કરવા માટે અર્થવ્યવસ્થામાં વિચારના સ્તરે પણ બદલાવની જરૂર છે. મોટાની સાથે મધ્યમ, નાના અને સૂ-મ ઉદ્યોગોને પણ ઉત્તેજન આપવાની જરૂર છે, સરકાર આપી પણ રહી છે, પરંતુ વધુ નીતગત સરળતા અને નવા યુવાઓની ભાગીદારી વધારવાનો માહોલ પણ હોવો જોઈએ.

### આ પહેલી વાર નથી, જ્યારે કોઈ રાજ્યના વક્ફ બોર્ડે મનમાફક રીતે કોઈ બીજાની જમીન

# વક્ફ વિધેયકમાં સમયોચિત સુધારા જરૂરી

વક્ફ બોર્ડ જે જમીન-સંપત્તિને મનફાવે ત્યારે તેને નોટિસ મોકલીને પોતાની હોવાનો દાવો ઠોકી દે છે. તેનું તાજું પ્રમાણ ત્યારે ફરીથી મળ્યું, જ્યારે કર્ણાટકના વિજયપુરા, કલબુર્ગી, બીદર વગેરે જિલ્લાના ખેડૂતોને નોટિસ મોકલીને કહેવાયું કે તેમની જમીન હવે વક્ફ સંપત્તિ છે. નોટિસ મોકલવાની સાથે જ જ્યારે ખેડૂતોની જમીનનો માલિકી હક્ક બદલવાનું કામ શરૂ થવાના સમાચાર આવ્યા તો તેમનામાં ભૂકંપ મચી ગયો. તેમણે પક્ષ-વિપક્ષના નેતાઓને અરજ કરવાનું શરૂ કર્યું અને આ રીતે વક્ફ બોર્ડની મનમાનીનો વધુ એક મામલો સામે આવ્યો. આ મનમાની કેટલી હદ સુધીની હતી, તેની ખબર એનાથી પડે છે કે એકલા વિજયપુરા જિલ્લાના હોનાવદા ગામના ખેડૂતોને નોટિસ મોકલીને તેમની ૧૫૦૦ એકર જમીનને વક્ફ સંપત્તિ ગણાવી દીધી હતી. જ્યારે ભાજપે આ મામલો ચગાવ્યો તો સરકાર હરકતમાં આવી અને ખુદ મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ કહેવું પડ્યું કે ખેડૂતોને મોકલેલી નોટિસો પાછી લેવામાં આવશે.

કર્ણાટક સરકાર દ્વારા એ તો કહેવામાં આવ્યું કે અધિકારીઓની ભૂલને કારણે ખેડૂતોને નોટિસ પાઠવી દેવાઈ, પરંતુ તેના વિશે કોઈ સમાચાર નથી કે જેમની ભૂલથી હજારો ખેડૂતોની જમીનને વક્ફની જમીન ગણાવી દેવાની નોટિસો મોકલી દીધી, તેના વિરુદ્ધ શી કાર્યવાહી કરવામાં આવી. સરકાર દ્વારા એ પણ સફાઈ આપવામાં આવી કે હોનાવદા ગામમાં માત્ર ૧૧ એકર જમીન વક્ફની છે, બાકીની ખેડૂતોની છે, પરંતુ ખેડૂતોનું કહેવું છે કે આ ૧૧ એકરમાંથી પણ ૧૦ એકર જમીન તો એ છે, જ્યાં તેઓ પોતાના લોકોના અંતિમ સંસ્કાર કરતા હતા. તેમનું કહેવું છે કે શું અમે અમારાં ખેતરો ગુમાવી દીધા બાદ શાંતિથી મરી પણ ન શકીએ? આરોપ છે કે વક્ફ અને અલ્પસંખ્યક કલ્યાણ મંત્રી ઝમીર અહમદ ખાને વક્ફ અધિનિયમમાં બદલાવની પહેલ જોતાં હજારો ખેડૂતોને તાબડતોબ નોટિસ ફટકારીને તેમની જમીનને વક્ફની જમીન ગણાવી દેવાનું કામ કરાવ્યું. તેમને આધીન કામ કરનારા લોકોને એટલી ઉતાવળ હતી કે તેમણે મુસ્લિમ ખેડૂતોને પણ નોટિસ મોકલી દીધી. એટલું જ નહીં, ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણ વિભાગના સંરક્ષણવાળી કેટલીય ઐતિહાસિક ઈમારતોને પણ વક્ફ સંપત્તિ જાહેર કરવાની નોટિસ મોકલી દીધી.આ પહેલી વાર નથી, જ્યારે કોઈ રાજ્યના વક્ફ બોર્ડે મનમાફક રીતે કોઈ બીજાની જમીન, મકાન વગેરેને વક્ફ સંપત્તિ ગણાવી દીધી હોય. તમિલનાડુનો એ કિસ્સો તો બધા જાણતા હશે, જેમાં એક ગામની લગભગ બધી જ જમીન પર વક્ફ બોર્ડે પોતાનો દાવો ઠોકી દીધો હતો. તિરુચિરાપલ્લી જિલ્લાના તિરુચેંથુરઇ ગામમાં એક ૧૫૦૦ વર્ષ જૂનું મંદિર છે. થોડા સમય પહેલાં વક્ફ બોર્ડે દાવો કરી દીધો કે મંદિર અને તેની આસપાસની તમામ જમીન વક્ફની છે. વક્ફ બોર્ડ પાસે પોતાના આ દાવાના પક્ષમાં કોઈ પુરાવા ન હતા, પરંતુ તેણે નોટિસ જારી કરીને લગભગ આખા ગામ પર પોતાનો દાવો કરી દીધો. ગામના લોકને વક્ફ બોર્ડની મનમાનીની ત્યારે જાણ થઈ, જ્યારે એક ખેડૂતે પોતાની જમીન વેચવાની પહેલ કરી. જ્યારે આ મામલાની તપાસ થઈ તો વક્ફ બોર્ડનો દાવો ખોટો ઠર્યો. તપાસમાં એ પણ ખબર પડી કે વક્ફ બોર્ડે બનાવટી દસ્તાવેજો બનાવી લીધા હતા. વક્ફ બોર્ડની પોલ ખોલવાનું કામ ૧૫૦૦ વર્ષ જૂના મંદિરના શિલાલેખે પણ કર્યું. એ યાદ રહે કે ૧૫૦૦ વર્ષ પહેલાં ઈસ્લામનો ઉદય પણ થયો નહોતો અને તે ભારતમાં તો બહુ દાયકાઓ બાદ આવ્યો.

હાલના સમયમાં વક્ફ બોર્ડોની મનમાનીનાં કેટલાંય ઉદાહરણ જોવા મળી રહ્યાં છે. તે દક્ષિણ ભારતથી લઈને ઉત્તર ભારતમાં જોવા મળ્યા છે. આટલું થવા છતાં પણ વક્ફ અધિનિયમમાં સંશોધનની પહેલનો વિરોધ થઈ રહ્યો છે. આ વિરોધ મુસ્લિમ સમુદાયના મજહબી નેતા તો કરી જ રહ્યા છે, મોટાભાગના વિપક્ષી દળોના નેતા પણ કરી રહ્યા છે. વિપક્ષી નેતાઓનું માનીએ તો હાલના વક્ફ અધિનિયમમાં ક્યાંય કોઈ ખામી નથી અને એટલે જ તેમાં કોઈ પ્રકારના સંશોધનની જરૂર નથી. જો ખરેખર એવું જ હોય તો શું તેઓ વક્ફ અધિનિયમની જેમ જ કોઈ સનાતન ભૂ-અધિનિયમની તરફેણ કરશે? જેથી હિંદુ સમુદાય પણ પોતાના મઠ, મંદિરો અને તેની જમીનોની રક્ષા કરી શકે અને તેનું નિયમન કરી શકે? ન્યાયનો તકાદો તો એમ કહે છે કે તમામ સુદાયો માટે એવો જ અધિનિયમ હોવો જોઈએ, જેવો મુસ્લિમ સમાજ માટે વક્ફ અધિનિયમ છે. કેન્દ્ર સરકાર દ્વારા હાલના વક્ફ કાયદામાં સંશોધનની જે પહેલ કરાઈ રહી છે અને જેના પર સંસદની સંયુક્ત સમિત એટલે કે જેપીસી વિચાર કરી રહી છે, તેના કામકાજથી વિપક્ષી સાંસદો બિલકુલ સંતુષ્ટ નથી. આ જ કારણે જેપીસી બેઠકોમાં જાણીજોઈને વિપક્ષી સાંસદો ત્રાગાં કરે છે, હંગામો કરે છે. જેપીસી અધ્યક્ષના વલણથી વિપક્ષી સદસ્યો એટલા નારાજ છે કે તેઓ તેનો બહિષ્કાર કરવાની ધમકી આપી રહ્યા છે. ખબર નહીં તેમનો વાંધો શો છે, પરંતુ જો તેઓ કર્ણાટકના વિજયપુરા જિલ્લાનો કિસ્સો સામે આવ્યા બાદ પણ એમ ઈચ્છતા હોય કે વક્ફ કાયદામાં કોઈ પ્રકારના સંશોધન-પરિવર્તનની જરૂર નથી, તો તે દેશની જનતા સ્વીકાર નહીં કરે. દેશ જાણીજોઈને કૂવામાં ન પડી શકે. એનો ઈનકાર કરવો ખુદને અને સાથે જ દેશને જાણીજોઈને દગો કરવા જેવું છે કે હાલના વક્ફ કાયદામાં

કોઈ બદલાવની જરૂર જ નથી. આ કાયદામાં એવા બદલાવ કરવા જ જોઈએ, જેનાથી એક તરફ જ્યાં વક્ફ બોર્ડ મનમાની ન કરી શકે, જ્યારે બીજી તરફ વક્ફ સંપત્તિઓનો દુરુપયોગ પણ અટકે.

### પાકિસ્તાનની ટીમ ગયા વર્ષે વન ડે વર્લ્ડ કપ રમવા ભારત આવી

# પાકિસ્તાન બદલાવા તૈયાર નથી તો ભારત શું કરવા બદલાય?

વિશ્વ ક્રિકેટમાં મિની વર્લ્ડકપ મનાતી ચેમ્પિયન્સ ટ્રોફી ક્રિકેટ ટૂર્નામેન્ટ આવતા વર્ષે ૧૯ ફેબ્રુઆરીથી ૯ માર્ચ દરમિયાન પાકિસ્તાનમાં રમાવાની છે ત્યારે પાકિસ્તાનમાં રમાનારી ચેમ્પિયન્સ ટ્રોફીમાં રમીને ભારતીય ક્રિકેટ ટીમ પાકિસ્તાન સાથે ફરી ક્રિકેટ સંબંધો સ્થાપિત કરશે એવી વાતો ચાલી હતી. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (મ્ઝ્રઝ્રૈં) એ આ વાતો પર ટાઢું પાણી રેડીને જાહેર કર્યું છે કે, ચેમ્પિયન્સ ટ્રોફીમાં રમવા માટે ટીમ ઈન્ડિયા પાકિસ્તાન નહીં જાય.

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (મ્ઝ્રઝ્રૈં)એ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (ઁઝ્રમ્) ને પત્ર લખીને પોતાની પાકિસ્તાનમાં નહીં રમવાની ઈચ્છા વ્યક્ત કરી છે ને એ માટે કારણ પણ આપ્યું છે કે, ભારત સરકાર નથી ઈચ્છતી કે, ભારતની ક્રિકેટ ટીમ પાકિસ્તાનમાં રમવા જાય. બીસીસીઆઈએ ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઈસીસી)ને પણ આ અંગે જાણ કરી દીધી છે.

આઈસીસીએ પણ પાકિસ્તાનને મેલ કરીને કહી દીધું છે કે, સુરક્ષાનાં કારણોસર ભારતીય ટીમ પાકિસ્તાનમાં રમવા તૈયાર નથી. બીસીસીઆઈએ હાયબ્રિડ મોડેલ પ્રમાણે ચેમ્પિયન્સ ટ્રોફીમાં રમવાની તૈયારી બતાવી છે. હાઈબ્રિડ મોડેલમાં કેટલીક મેચ યજમાન દેશની બહાર યોજવામાં આવે છે. ભારતે આ મોડલ હેઠળ પોતાની મેચ દુબઈમાં રમવાની ઈચ્છા વ્યક્ત કરી છે.

બીસીસીઆઈએ પહેલાં પણ પાકિસ્તાનમાં રમવાનો ઈન્કાર કરેલો જ તેથી આ વાતમાં કશું નવું નથી પણ પાકિસ્તાન બઘવાયું છે. જો કે તમાચો મારીને મોં લાલ રાખતાં પીસીબીના ચીફ મોહસિન નકવીએ એવું કહ્યું છે કે, હજુ સુધી અમને લેખિતમાં કંઈ મળ્યું નથી. અમને લેખિતમાં કંઈપણ મળશે તો હું તરત જ મીડિયા અને સરકારને જાણ કરીશ જ.

નકવીનો તો એવો દાવો પણ છે કે, અત્યાર સુધી કોઈએ અમારી સાથે હાઈબ્રિડ મોડલ વિશે ચર્ચા કરી નથી ને અમે પણ તેના વિશે વાત કરવા તૈયાર નથી.નકવીએ આડકતરી રીતે ધમકી પણ આપી છે કે, પાકિસ્તાને તાજેતરના વર્ષોમાં હંમેશાં સારું વર્તન કર્યું છે પણ દરેક વખતે અમારી પાસેથી સારાની અપેક્ષા રાખતા નહીં. નકવીની વાતનો મતલબ એ થાય કે, પીસીબી બીસીસીઆઈ સામે પગલાં લઈ શકે છે અને મીડિયા રિપોર્ટની વાત માનીએ તો પીસીબી બીસીસીઆઈ સામે ઈન્ટરનેશનલ કોર્ટમાં જવાની તૈયારી પણ કરવા માંડ્યું છે.

દુનિયામાં સ્પોર્ટ્સને લગતા વિવાદો માટે કોર્ટ ઓફ આર્બિટ્રેશન ફોર સ્પોર્ટ્સ (સીએએસ) છે. પીસીબીએ બીસીસીઆઈ અને આઈસીસી સામે સીએએસમાં કેસ કરવાની ધમકી આપી છે. સાથે સાથે ચેમ્પિયન્સ ટ્રોફી પૂરેપૂરી પાકિસ્તાનમાં ના યોજાય ને હાઈબ્રિડ મોડલ અપનાવા કે પાકિસ્તાનથી બહાર રમાડાય તો બહિષ્કાર કરવાની ધમકી પણ પીસીબીએ આપી છે.પીસીબીએ ભારતની મેચો સલામત સ્થળે યોજાઈ રહી હોવાની દલીલ પણ કરી છે. ચેમ્પિયન્સ ટ્રોફી ડ્રાફ્ટ શિડ્યૂલ મુજબ આવતા વર્ષે ૧૯ ફેબ્રુઆરીથી ૯ માર્ચ સુધી રમાશે અને બધી મેચ કરાચી, લાહોર અને રાવલપિંડીમાં રમાશે એવું પાકિસ્તાને ડ્રાફ્ટ શિડ્યૂલમાં કહ્યું છે. પીસીબીએ ટૂર્નામેન્ટના સ્થળ અને કાર્યક્રમનો ડ્રાફ્ટ આઈસીસીને સોંપ્યો એ પ્રમાણે ભારતને પાકિસ્તાન, બાંગ્લાદેશ અને ન્યૂ ઝીલેન્ડની સાથે ગ્રૂપ-અમાં રાખવામાં આવ્યું છે. ગ્રૂપ-ઈમાં ઓસ્ટ્રેલિયા, સાઉથ આફ્રિકા, ઈંગ્લેન્ડ અને અફઘાનિસ્તાનનો સમાવેશ થાય છે.ડ્રાફ્ટ શિડ્યૂલ અનુસાર, ભારતની ત્રણ મેચ પૈકીની પહેલી મેચ ૨૦ ફેબ્રુઆરીએ બાંગ્લાદેશ સામે, બીજી મેચ ૨૩ ફેબ્રુઆરીએ પાકિસ્તાન સામે અને ત્રીજી મેચ ૨ માર્ચે ન્યૂ ઝીલેન્ડ સામે યોજાવાની છે. ભારતની બધી જ મેચ લાહોરમાં રમાડાશે એવું પણ પાકિસ્તાને કહ્યું છે.જો કે ભારતને પોતાની મેચો ક્યારે ને ક્યાં રમાશે તેનાથી બહુ ફરક પડતો નથી. ભારતે સલામતીનું કારણ આપ્યું છે પણ કારણ સલામતીનું નથી એ પણ બધાં જાણે છે. મૂળ વાત એ છે કે, ભારતીય ટીમ પાકિસ્તાનની ધરતી પર રમવા જ નથી ઈચ્છતી ને તેનું કારણ પાકિસ્તાન દ્વારા ભારતમાં ફેલાવાતો આતંકવાદ છે.

મુંબઈમાં ૨૦૦૮ના નવેમ્બરમાં થયેલા આતંકવાદી હુમલાને કારણે ભારતે પાકિસ્તાન સાથેના સંબંધો કાપી નાંખ્યા પછી ભારતીય ક્રિકેટ ટીમ ૧૬ વર્ષથી પાકિસ્તાન ગઈ નથી. ટીમ ઈન્ડિયાએ છેલ્લે ૨૦૦૮માં પાકિસ્તાનનો પ્રવાસ કર્યો હતો. ૩ ટેસ્ટ મેચની શ્રેણી ભારતીય ટીમે ૧-૦થી જીતી હતી. આ શ્રેણીની ૨ મેચ ડ્રો રહી હતી.

ભારતે એ પછી પાકિસ્તાન સાથે ફરી ક્રિકેટ સંબંધો સ્થાપિત કરવા પ્રયત્ન કર્યા જ છે. તેના ભાગરૂપે પાકિસ્તાનની ટીમ ૨૦૧૨-૧૩માં ભારત આવી હતી. આ પ્રવાસમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે ત્રણ વન ડે મેચો અને ૨ ટી-૨૦ મેચ રમાઈ હતી. પાકિસ્તાને વન ડે સિરીઝ ૨-૧થી જીતી હતી જ્યારે ટી-૨૦ સિરીઝ ૧-૧થી બરાબર થઈ હતી. ભારત એ વખતે ફરી પાકિસ્તાન સાથેના સંબંધો સામાન્ય કરવા તૈયાર હતું પણ પાકિસ્તાન ના સુધર્યું અને આતંકવાક ચાલુ રાખ્યો તેથી ભારતે પછી ક્રિકેટ સંબંધો પર પૂર્ણવિરામ જ મૂકી દીધું.

પાકિસ્તાને એ પછી ભારત સાથેના ક્રિકેટ સંબંધો સુધારવા બહુ પ્રયત્ન કર્યો પણ ભારત સરકારે પાકિસ્તાનમાં ક્રિકેટ રમવાની ઘૂસીને ના પાડી દેતાં બંને ટીમ એકબીજાના દેશમાં રમવા જતી નથી. બંને ટીમ માત્ર ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ આઈસીસી અને એશિયન ક્રિકેટ કાઉન્સિલ એસીસીની ટૂર્નામેન્ટમાં જ રમે છે. ૨૦૧૩થી બંને ટીમ તટસ્થ સ્થળે ૧૩ વન ડે મેચ અને ૮ ટી-૨૦ મેચ રમી છે પણ એકબીજાની ધરતી પર દ્વિપક્ષીય મેચ નથી રમી. પાકિસ્તાનની ટીમ આ દરમિયાન ભારત રમવા આવી છે પણ ભારતની ટીમ પાકિસ્તાન નથી જ ગઈ.

પાકિસ્તાનની ટીમ ગયા વર્ષે વન ડે વર્લ્ડ કપ રમવા ભારત આવી ત્યારે ૧૪ ઓક્ટોબરે અમદાવાદમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે મેચ રમાઈ હતી. ભારતીય ટીમે આ મેચ ૭ વિકેટે જીતી લીધી હતી. પાકિસ્તાન ઈચ્છે છે કે, ભારતીય ટીમ પણ આ રીતે કમ સે કમ આઈસીસી કે એશિયા કપ જેવી ટૂર્નામેન્ટ રમવા તો પાકિસ્તાન આવે જ પણ ભારત મચક નથી આપતું.ગયા વર્ષે એશિયા કપની યજમાની પાકિસ્તાનને મળી હતી. ત્યારે પણ ભારતે પાકિસ્તાનમાં રમવાની ચોખ્ખી ના પાડી દીધી હતી. આ કારણે ટૂર્નામેન્ટ 'હાઈબ્રિડ મોડલ' પર યોજાઈ હતી. ભારતની મેચો શ્રીલંકામાં યોજાઈ હતી.ભારતનું વલણ યોગ્ય છે એ કહેવાની જરૂર નથી. પાકિસ્તાનના ઈશારે ભારતની ધરતી પર નિર્દોષોનાં લોહી રેડાય ને આપણે પાકિસ્તાનમાં ક્રિકેટ રમવા જઈએ એટલા નકટા તો નથી જ. ક્રિકેટ નહીં રમાય તો કોઈ ફરક પડી જવાનો નથી. બીજું એ કે, પાકિસ્તાન પોતે બદલાવા તૈયાર નથી ને ભારતની ધરતી પર આતંકવાદ બંધ કરવા તૈયાર નથી તો ભારત શું કરવા બદલાય?

### શરદ બાદ પાર્ટીનો મોટો હસ્સો અજત પવાર તરફ દોડ લગાવી શકે છે

# મહારાષ્ટ્રનાં પરિણામોમાં પણ ઉલટફેર થશે?

**આ દરમ્યાન શરદ પવારે આ ચૂંટણી બાદ રાજકારણમાંથી સંન્યાસ લેવાના સંકેત આપી દીધા છે. માનવામાં આવે છે કે આ તેમનો લાગણીશીલ દાવ પણ હોઇ શકે છે.**

મહારાષ્ટ્રમાં લોકસભા ચૂંટણીમાં મહાવિકાસ અઘાડીના હાથે મળેલ મહાયુતિને હારને કારણે એ આશા રાખવી ખોટી ન કહેવાય કે વિધાનસભા ચૂંટણીઓમાં પણ આવાં પરિણામ આવી શકે છે. લોકસભા ચૂંટણી વીત્યે વધુ સમય નથી થયો, તેથી માનવામાં આવે છે કે રાજ્યના મતદારોના મજાજમાં બહુ બદલાવ નથી આવ્યો. હાલમાં જ થયેલ હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસને લઈને એવી જ આશા રખાતી હતી. પરંતુ પરિણામ આશા કરતાં વિપરીત રહ્યાં. હરિયાણાનું પરિણામ સાક્ષી છે કે ભૂતકાળની બુનિયાદ પર લડાયા છતાં આગામી ચૂંટણીનાં પરિણામો આશા મુજબ ન રહી શકે. તેનું કારણ નિષ્ફળ રહેનારી રાજનીતિની પોતાની ભૂલો પણ હોઈ શકે છે અને સફલથનારી રાજનીતિની રણનીતિ પણ. મહારાષ્ટ્રમાં મહાવિકાસ અઘાડીના પ્રમુખ પક્ષો જે રીતે પરસ્પર ખેંચતાણમાં ગુલતાન છે, તેને કારણે અઘાડી જૂથમાં આશંકા વ્યક્ત કરાવા લાગી છે કે મહારાષ્ટ્ર પણ ક્યાંક હરિયાણા ન બની જાય! તેનું કારણ લાગે છે કે મહાવિકાસ અઘાડીની આંતરિક ખેંચતાણ. કોંગ્રેસ અને એનસીપીના સહયોગથી મુખ્યમંત્રી રહી ચૂકેલા ઉદ્ધવ ઠાકરે ખુદને સ્વાભાવિક રૂપે અઘાડીના આગેવાન માની રહ્યા છે. પરંતુ અંદરખાને પોતાના પક્ષને આગળ રાખવાની દરેક વેતરણ કરી રહેલ કોંગ્રેસ નેતૃત્વની કોશિશ ખુદને આગળ રાખવાની છે. ગઠબંધનમાં પોતાના પક્ષને આગળ રાખવો ખોટું નથી, પરંતુ મહત્ત્વપૂર્ણ વાત એ છે કે આવું કઈ કિંમત પર થઈ રહ્યું છે? હકીકત તો એ છે કે કોંગ્રેસ કંઇક એવું જ પગલું ભરવાનું વિચારી રહી છે, જેવું તેણે ૨૦૦૪નાં ચૂંટણી પરિણામો બાદ ઉઠાવ્યું હતું. ત્યારે એનસીપી અને કોંગ્રેસે મળીને ચૂંટણી લડી હતી અને પરિણામોમાં વધારે સીટો એનસીપીએ જીતી હતી. ત્યારે કોંગ્રેસે મુખ્યમંત્રી પદ પર દાવો ઠોકી દીધો હતો, બલ્કે વિલાસરાવ દેશમુખને મુખ્યમંત્રી પણ બનાવી લીધા હતા. જ્યારે વધુ સીટો મેળવ્યા છતાં પણ એનસીપી સહયોગીની ભૂમિકામાં રહી ગઈ હતી.

કોંગ્રેસ આ વખતે એવી ચાલો ચાલી રહી છે, જેનાથી તેના વધુ ધારાસભ્યો ચૂંટણી જીતે. જો એવું થશે તો તેના માટે મુખ્યમંત્રી પદ પર દાવો કરવાનું આસાન થશે. પરંતુ એું ન પણ થયું તો તે ૨૦૦૪ને દોહરાવવા માગશે. આ સમગ્ર પ્રક્રિયામાં કોંગ્રેસના સ્થાનિક નેતૃત્વની કોશિશ ઉદ્ધવ ઠાકરેની દોડમાં પાછળ છોડવાનો છે. કોંગ્રેસ પોતાના ચૂંટણી અભિયાનમાં શરદ પવારની આગેવાનીવાળી એનસીપીનો ખ્યાલ તો રાખી રહી છે, પરંતુ શિવસેના-ઉદ્ધવ સાથે એવો તાલમેલ નથી દેખાડી રહી. શરદ પવાર કોંગ્રેસમાંથી નીકળેલા જ નેતા છે. તેમની વૈચારિક ધારા કોંગ્રેસી માનસિકતાની આસપાસ ફરે છે. બંને પક્ષોની રાજકીય માનસિકતા જ નહીં, જમીન પણ એક જ છે. જ્યારે શિવસેના-ઉદ્ધવની રાજકીય જમીન જ નહીં, વિચારધારા પણ અલગ છે. ઉદ્ધવના વોટરો અને કોંગ્રેસના વોટરોનો મિજાજ અને જમીન પણ અલગ-અલગ છે. પાછલી લોકસભા ચૂંટણીમાં જો રાજ્યની ૪૮ સીટોમાંથી ૧૩ પર કોંગ્રેસ જીતવામાં સફળ રહી તો તેનું મોટું કારણ એનસીપીના વોટરોનો સહયોગ નહીં, બલ્કે શિવસેના-ઉદ્ધવના વોટરોનો સાથ રહ્યો. એમ પણ સમાન વૈચારિક રાજકીય બુનિયાદને કારણે એનસીપીના પ્રભાવવાળા વિસ્તારોમાં કોંગ્રેસ અને કોંગ્રેસના પ્રભાવવાળા વિસ્તારોમાં એનસીપીએ પોતાના ઉમેદવાર નથી ઉતાર્યા. હકીકત એ જ છે કે કોંગ્રેસ અને ઉદ્ધવ કે પછી એનસીપી અને ઉદ્ધવના વોટરોના મિલને મહારાષ્ટ્રની રાજનીતિમાં નવી ઈબારત લખી. પરંતુ કોંગ્રેસનું સ્થાનિક નેતૃત્વ તેને સમજી નથી રહ્યું, બલ્કે શરદ પવારની એનસીપીના જૂથને વધારે પ્રાથમિકતા આપી રહ્યું છે.આ દરમ્યાન શરદ પવારે આ ચૂંટણી બાદ રાજકારણમાંથી સંન્યાસ લેવાના સંકેત આપી દીધા છે. માનવામાં આવે છે કે આ તેમનો લાગણીશીલ દાવ પણ હોઈ શકે છે. સંન્યાસના સંકેત દ્વારા શરદ પવાર મતદારોને સંકેત આપી રહ્યા છે કે તેમની આખરી ચૂંટણીમાં તેમને તક આપે. તેના દ્વારા તેઓ એક તરફ વોટરોની હમદર્દી હાંસલ કરવાની કોશશ કરી રહ્યા છે તો બીજી તરફ તે અજિત પવારના જૂથને હરાવવાની કોશિશ કરી રહ્યા છે, તો બીજી તરફ તેઓ અજિત પવારના જૂથને પછાડવાની કોશિશ કરી રહ્યા છે. એકવાર માની પણ લઈએ કે પવાર આ ચૂંટણી બાદ રાજકારણમાંથી સંન્યાસ લઈ જ લશે તો એ સવાલ સ્વાભાવિક છે કે તેમના બાદ એનસીપીનું શું થશે. પવાર ઈચ્છશે કે તેમના બાદ તેમની પુત્રી જ પાર્ટીની કમાન સંભાળે. પરંતુ એવું થવું આસાન નથી લાગતું.

શરદ બાદ પાર્ટીનો મોટો હસ્સો અજત પવાર તરફ દોડ લગાવી શકે છે. જેમને અજિત નહીં સ્વીકારે તેઓ કોંગ્રેસ તરફ ઢળશે. મહાવિકાસ અઘાડીમાં આ કારણે આંતરિક ખેંચતાણ વધી છે. એવામાં મતદાનના દિવસે મતદારોનું એક જૂથ પોતાનું મન બદલી નાખે અને સત્તાધારી મહાયુતિ તરફ ઢળે તો તેની કિંમત મહાવિકાસ અઘાડીએ ચૂકવવી પડશે. આ તથ્યને મહારાષ્ટ્ર કોંગ્રેસના પ્રભારી રમેશ ચેનથલા ઊંડાણથી અનુભવી રહ્યા છે. તેથીતેઓ મહારાષ્ટ્રની કોંગ્રેસી રાજનીતિને લાંબા સમય સુધી સંભાળી ચૂકેલા નેતાઓનો સહયોગ મેળવવા માટે કોંગ્રેસ હાઈકમાન્ડને અરજ કરી રહ્યા છે, જેથી હરિયાણા જેવાં પરિણામોથી બચી શકાય.

જોકે કોંગ્રેસે ઉદ્ધવ ઠાકરેના સ્વભાવને પણ ન ભૂલવો જોઈએ. ૨૦૧૯ની વિધાનસભા ચૂંટણી ઉદ્ધવે ભાજપ સાથે લડી હતી. ત્યારે શિવસેનાની ઓછી સીટો આવી હતી. તેમ છતાં તેમણે મુખ્યમંત્રી બનવાની જીદ પકડી હતી. જેને કારણે ગઠબંધન તૂટ્યું અને શરદ પવારના પ્રયાસોથી ઉદ્ધવને કોંગ્રેસનો સાથ મળ્યો અને મુખ્યમંત્રી બની શક્યા. એવામાં એ માની લેવું કે કોંગ્રેસની વધુ સીટો આવી તો તેના જ મુખ્યમંત્રી બનશે, તે ખોટું ગણાશે. ઉદ્ધવ ખુદ મુખ્યમંત્રી રૂપે પોતાને આગળ કરવામાં ખચકાશે નહીં. જે પદ માટે ઉદ્ધવને ભાજપ સાથેના દાયકાઓ જૂના ગઠબંધન તોડવામાં ખચકાટ ન થયો, એ પદ માટે એ કોંગ્રેસને કેવી રીતે વોકઓવર આપી દે! મહાવિકાસ અઘાડીમાં એનસીપી-શરદ એવો પક્ષ છે, જેને કોઈપણ ભોગે સત્તા જોઈએ. જોકે શરદ માટે હાલમાં પાર્ટીને બચાવી રાખવી જ પડકાર છે. મહારાષ્ટ્રનાં લોકસભા ચૂંટણી પરિણામોના હિસાબે જોએ તો મહાવિકાસ અઘાડીને ૨૮૮ સદસ્યોની વિધાનસભામાં ૧૫૩ સીટો પર સરસાઈ મળી હતી, જ્યારે ૧૨૬ પર મહાયુતિને. સંખ્યાની દૃષ્ટિએ આ અંતર વધારે લાગે છે. પરંતુ વિધાનસભા ચૂંટણીઓના ચરિત્રની દૃષ્ટિએ જોઈએ તો આ અંતર મોટું નથી. પરસ્પર રાજકીય ખેંચતાણ અને ગઠબંધનના અવિશ્વાસ આ અંતરને ખાળવાના સહયોગી ઓજાર બની શકે છે પછી ભાજપ મરાઠા વિરુદ્ધ અન્યની દૃષ્ટિએ જાતીય સમીકરણ ઘડાની કોશશ કરી રહી છે. એવામાં જો તે ફરીથી બાજી મારી લે તો આશ્ચર્ય નહીં. મહાવિકાસ ગઠબંધનની પરસ્પર ખેંચતાણ, કોંગ્રેસની અંદરખાને ઉદ્ધવ પર વર્ચસ્વ સ્થાપિત કરવાની કોશિશ ભાજપને પોતાનું લ-ય હાંસલ કરવામાં મદદગાર સાબિત થઈ શકે છે. કહેવું મુશ્કેલ છે કે કોંગ્રેસનું નેતૃત્વ આ તથ્યને સમજી રહ્યું છે કે નહીં.



## ટ્રેન્ડમાં રહેવું પડેઃ સિદ્ધાર્થ મલ્હોત્રા પણ હવે હોરર કોમેડી પર હાથ અજમાવશે

### ‘વન’માં ટેકનોલોજી અને લોકકથાનું મિશ્રણ જોવા મળશે

સિદ્ધાર્થ મલ્હોત્રાએ છેલ્લે ધર્મા પ્રોડક્શનની ‘યોદ્ધા’માં કામ કર્યુ હતું, જે બોક્સ ઓફિસ પર ખાસ કોઈ કમાલ કરી શકી નહોતી. ત્યારથી સિદ્ધાર્થ કેરિઅરની દષ્ટિએ થોડા નબળાં સમયમાંથી પસાર થઈ રહ્યો હતો. જોકે, તેની શેરશાહ ઓટીટી પર ઘણી સારી ચાલી હતી. ત્યારે તે ઘણા લાંબા સમયથી કોઈ સારી ફિલ્મની રાહમાં હતો. હવે અંતે તેણે એક નવી ફિલ્મની જાહેરાત કરી છે.

આ તબક્કામાંથી સફળતાપૂર્વક બહાર આવવા માટે સિદ્ધાર્થે પણ હાલ ખૂબ લોકપ્રિય થઈ રહેલાં એવા ફિલ્મના જોનર હોરર કોમેડીમાં હાથ અજમાવવાનું નક્કી કર્યુ છે. છેલ્લે આવેલી સતત ત્રણ હોરર કોમેડી ફિલ્મો ‘મુંજ્યા’, ‘સ્ત્રી ૨’ અને ‘ભૂલ ભુલૈયા ૩’ સારી ચાલી છે, આ ત્રણ ફિલ્મો હોરર કોમેડી હોવાની સાથે હાર્ટલેન્ડ સ્ટોરી એટલે કે ઉત્તરના નાના શહેરોની વાર્તાઓ સાથે સંકળાયેલી હતી. ત્યારે સિદ્ધાર્થે પણ હવે એકતા કપૂરની આ જ ફોર્મ્યુલા સાથે બની રહેલી ફિલ્મમાં ઝંપલાવ્યું છે. મહત્વની વાત એ છે કે, આ ફિલ્મ સોશિયલ મીડિયા અને વેબ સિરીઝ બનાવવા માટે જાણીતા પ્લેટફર્મ ટીવીએફ અને પંચાયતના ડિરેક્ટર દીપક મિશ્રા જ ડિરેક્ટ કરશે. આ એક એવી ફિલ્મ હશે, જેમાં ટેક્લોલોજી સાથે લોકકથાનું મિશ્રણ જોવા મળશે, આમ આ એક ‘મુંજયા’ અને ‘તુંબાડ’ પ્રકારની ફિલ્મ હશે. સિદ્ધાર્થ મલ્હોત્રાએ પોતાના સોશિયલ મીડિયા પર આ ફિલ્મ અનાઉન્સ કરતાં એક પોસ્ટર શેર કર્યુ હતું. જેના હિન્દી પોસ્ટર પરથી ફિલ્મનું નામ ‘વન’ હોવાનો ખ્યાલ આવે. તેમજ તેમાં જંગલ પર લાલ આંખો દેખાતી હોવાથી જંગલ અને શ્રાપ પ્રકારની વાર્તા હોવાનો અંદાજ આવે છે. આ ફિલ્મની જાહેરાત છઠપૂજાના દિવસે કરીને ૨૦૨૫ છઠપૂજા પર રિલીઝ થવાની હોવાનું ચર્ચાઈ રહ્યું છે. આ અનાઉન્સમેન્ટ થતાં જ કિઆરા અડવાણીએ પણ સોશિયલ મીડિયા પર પોતાની ખુશી વ્યક્ત કરતાં, સિદ્ધાર્થની પોસ્ટ શેર કરી હતી.

### રશ્મિકા મંદાનાની ૧૦ મહિનામાં ૬ ફિલ્મો રિલીઝ થશે

# રશ્મિકા પણ અક્ષયના રસ્તે, બેક ટુ બેક ફિલ્મો રિલીઝ થશે

રશ્મિકા મંદાના એક એવી એક્ટ્રેસ છે, જેની ડેબ્યુ ફિલ્મથી જ તેને ખૂબ સારો પ્રતિસાદ મળ્યો છે અને તેની પાસે ઈન્ડસ્ટ્રીને અપેક્ષાઓ પણ ઘણી છે. આ અપેક્ષાઓ પર ખરી ઉતરીને રશ્મિકા ટૂંક સમયમાં જ એક સ્ટાર તરીકે જાણીતી થઈ ગઈ છે. તે ટૂંકા સમયમાં અમિતાભ બચ્ચન જેવા દિગ્ગજ સાથે કામ કરી ચૂકી છે. છેલ્લે તે રણબીર કપુર સાથે એનિમલમાં જોવા મળી હતી.

છેલ્લાં ઘણાં સમયથી રશ્મિકા બૅક ટુ બૅક ફિલ્મ શૂટ કરી રહી છે. દરેકમાં તે વૈવિધ્યપૂર્ણ રોલ કરી રહી છે. આ ફિલ્મ્સના શૂટ બાદ હવે રશ્મિકાની છ ફિલ્મ એક પછી એક રિલીઝ થવા જઈ રહી છે. આ બધી ફિલ્મ ૧૦ મહિનાના સમયગાળામાં જ રિલીઝ થશે.

આ રિલીઝની શરૂઆત ‘પુષ્પા ૨’થી થશે, જેમાં ફરી એક વખત રશ્મિકા શ્રીવલ્લીના રોલમાં જોવા મળશે. આ વખતનો રોલ પહેલી ફિલ્મ કરતાં વધુ મહત્વનો હશે. એવું માનવામાં આવે છે કે ફિલ્મના ડિરેક્ટર સુકુમારે આ વખતે શ્રીવલ્લીના પાત્રને વધુ મોટું કર્યું છે. ત્યાર બાદ તેની મરાઠા યોદ્ધા છત્રપતિ સંભાજી પરની ફિલ્મ ‘છાવા’ રિલીઝ થશે, જેમાં રશ્મિકા વિકી કૌશલ સાથે યેસુબાઈ ભોંસલેના રોલમાં જોવા મળશે.

આ ઉપરાંત રશ્મિકા ડિરેક્ટર રાહુલ રવિન્દ્રનની ફિલ્મ ‘ધ ગર્લ ફ્રેન્ડ’માં મુખ્ય રોલમાં જોવા મળશે. જે ઉનાળામાં રિલીઝ થવાની શક્યતા છે. રશ્મિકા સલમાન ખાનની ‘સિકંદર’માં પણ લીડ રોલમાં જોવા મળશે. એ.આર.મુરગાદોસની આ ફિલ્મમાં તે સલમાન ખાન સાથે પહેલી વખત જોવા મળશે. સાથે તે નાગાર્જુન અને ધનુષ સાથે ડિરેક્ટર શેખર કમ્મુલાની ફિલ્મ ‘કુબેરા’ પણ કરી રહી છે. તે મેડોક પ્રોડક્શન્સની એક હોરર ડ્રામા ફિલ્મમાં પણ કામ કરી રહી છે.

આમ આવા વૈવિધ્યપૂર્ણ રોલમાં રશ્મિકા આવનારા દસ મહિનામાં જોવા મળશે. જે પ્રકારની ફિલ્મો રશ્મિકા કરી રહી છે, તેના પરથી ખ્યાલ આવે છે કે આવનારા દિવસોમાં રશ્મિકા મોટા પડદા પર છવાયેલી રહેશે.



**છેલ્લાં ઘણાં સમયથી રશ્મિકા બેક ટુ બેક ફિલ્મ શૂટ કરી રહી છે. દરેકમાં તે વૈવિધ્યપૂર્ણ રોલ કરી રહી છે. આ ફિલ્મ્સના શૂટ બાદ હવે રશ્મિકાની છ ફિલ્મ એક પછી એક રિલીઝ થવા જઈ રહી છે. આ બધી ફિલ્મ ૧૦ મહિનાના સમયગાળામાં જ રિલીઝ થશે.**

### બોક્સ ઓફિસના આંકડાઓમાં વધુ પારદર્શિતાની જરૂર : અજય દેવગન

# બોલિવૂડમાં પેશનના બદલે આંકડાઓ માટે કામ વધી રહ્યું છે

બોલિવૂડમાં બોક્સ ઓફિસના છેતરામણા આંકડાઓ કે ખોટાં આંકડાઓ અંગે અવારનવાર ચર્ચાઓ થતી રહે છે. થોડાં વખત પહેલાં આલિયા ભટ્ટ પર પણ બોક્સ ઓફિસના ખોટાં આંકડાઓ જાહેર કરવાનો આક્ષેપ થયો હતો. હવે આ ચર્ચામાં અજય દેવગન પણ જોડાયો છે. તેણે બોક્સ ઓફિસના બેઝનેસમાં પ્રાદર્શિતાની વાત પર ભાર મુક્યો હતો.તાજેતરમાં એક કાર્યક્રમમાં હાજર રહેલાં અજય દેવગનને ચાઈનમાં રહેલી બોક્સ ઓફિસ કલેક્શનની દર કલાકે થતી જાહેરાત, સરેરાશ ટિકિટના દર તેમજ કયા એજ ગ્રુપની ટિકીટ વધુ વેંચાઈ એ અંગે એક ચોક્કસ તંત્ર ગોઠવવામાં આવ્યું છે, તે અંગે પૂછાતાં અજયે કહ્યું હતું, “એ જરૂરી છે અને મને લાગે છે કે આપણે ધીરે ધીરે ત્યાં પહોંચી પણ રહ્યા છીએ. તો કદાચ થોડાં વર્ષોમાં બધું જ પારદર્શક થઈ જશે. પહેલાંથી જ થોડી પારદર્શિતા આવી રહી છે.”મનોરંજન ઉદ્યોગમાં આવી રહેલાં પરિવર્તનોથી તેને કેટલાક પડકારોના સામનો કરવો પડે છે તે અંગે અજયે કહ્યું, “ફિલ્મ મેકર્સ આજકાલ સ્ક્રિપ્ટ કરતાં વધારે આંકડાઓની વાત કરે છે. પહેલાં લોકો પેશનના કારણે ફિલ્મ બનાવતા હતા. હવે તેમાં આંકડાઓ આવી રહ્યા છે. તેનાથી દુ:ખ લાગે છે.”


હાલ અજય તેની તાજેતરમાં રિલીઝ થયેલી ફિલ્મ સિંઘમ



અગેઈનની સફળતાની મજા લઈ રહ્યો છે. આ ફિલ્મ ભુલભુલૈયા ૩ સાથે ક્લેશ થઈ હોવા છતાં બંને ફિલ્મો બોક્સ ઓફિસ પર સારો દેખાવ કરી રહી છે. જોકે, આ બેમાંથી કોઈ એક ફિલ્મની રિલીઝ પાછી ઠેલવાની પણ ઘણી ચર્ચાઓ થઈ હતી. આ ફિલ્મ રિલીઝની તારીખ કેમ ન બદલી શક્યા તે અંગે અજયે વાત કરી હતી. બંને ફિલ્મો ૧ નવેમ્બરે રિલીઝ થઈ હતી. અજયે તાજેતરના એક ઈન્ટરવ્યુમાં આ અંગે કહ્યું, “અમે આ ટક્કર ટાળવાની બહુ કોશિશ કરી પરંતુ એ થઈ શક્યું નહીં. હું નથી ઈચ્છતો કે ક્યારેય કોઈ પણ ફિલ્મોને એકબીજા સાથે ટકરાવું પડે કારણ કે તેનાથી કોઈને કોઈ રીતે ઈન્ડસ્ટ્રીને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. સિંઘમ અગેઈનની થીમ રામાયણની કથા પર આધારીત છે અને તેથી આ કારણે આ ફિલ્મ દિવાળી પર રિલીઝ થાય તે જરૂરી હતું. તેથી અમે આ તારીખ છોડી શકીએ તેમ નહોતા. જોકે, ક્લેશ છતાં બંને ફિલ્મો સારી ચાલી છે અને બોકસ ઓફિસ પર સારું પ્રદર્શન કરી રહી છે.”આ ઈન્ટરવ્યુમાં રોહિત શેટ્ટી પણ હાજર હતો. આ મુદ્દે તેણે કહ્યું, “હું ખુશ છું કે લોકોને આ ફિલ્મ ગમી છે. હવે ફિલ્મો થોડી લાંબી ચાલે છે અને તેનાથી થિએટરમાંથી સારી રેવન્યુ મળી જાય છે.

# એક ફિલ્મના રૂ.૨૦૦ કરોડ! પ્રભાસે રૂ.૬૦૦ કરોડમાં ૩ ફિલ્મ સાઈન કરી

### બોલિવૂડના એ-સ્ટાર્સને ઈર્ષા આવે તેવી ફી પ્રભાસને મળશે, પણ અલ્લુ અર્જુન કરતાં તો પાછળ જ રહેશે



બોલિવૂડના એ-સ્ટાર્સને ઈર્ષા આવે તેવી ફી પ્રભાસને મળશે, પણ અલ્લુ અર્જુન કરતાં તો પાછળ જ રહેશે. રેબેલ સ્ટાર તરીકે ચાહકોમાં લોકપ્રિય એવા પ્રભાસ સાથે કન્નડના જાણીતા પ્રોડક્શન હાઉસ હોમ્બલે ફિલ્મ્સે ત્રણ પ્રોજેક્ટના કરાર કર્યા છે. હોમ્બલે દ્વારા એક ફિલ્મ માટે પ્રભાસને રૂ.૨૦૦ કરોડ લેખે ત્રણ પ્રોજેક્ટ માટે રૂ.૬૦૦ કરોડ ચૂકવવામાં આવશે. પ્રભાસને મળી રહેલી આ રકમ બોલિવૂડના એ ગ્રેડ સ્ટાર્સને પણ ઈર્ષા આવે તેવી છે. ઉલ્લેખનીય છે કે, હોમ્બલે દ્વારા અગાઉ ‘કંતારા’ ‘કેજીએફ’, ‘કેજીએફ ૨’, ‘સાલાર ૧’ જેવી ફિલ્મો બનાવવામાં આવી છે. પ્રભાસ સાથે નક્કી થયેલી ત્રણ ફિલ્મો પૈકી સૌ પ્રથમ ‘સાલાર ૨’ ૨૦૨૬ના વર્ષમાં રિલીઝ થશે. ત્યાર બાદ ૨૦૨૭ અને ૨૦૨૮માં એક-એક ફિલ્મ આવશે. પ્રભાસની ફિલ્મોનો ઓવરડોઝ ના થાય તે રીતે આ ત્રણેય ફિલ્મો શીડ્યુલ કરવામાં આવી છે. ‘સાલાર ૨’ સિવાય અન્ય બે પ્રોજેક્ટ અંગે કોઈ જાણકારી બહાર આવી નથી. ટ્રેકટોલિવૂડના રિપોર્ટ મુજબ, આ ત્રણ ફિલ્મો માટે પ્રભાસને અધધ કહી શકાય તેવી રૂ.૬૦૦ કરોડની રકમ ચૂકવવામાં આવશે. આમ, ફિલ્મ દીઠ પ્રભાસને રૂ.૨૦૦ કરોડ મળશે, જે કોઈપણ ઈન્ડિયન સ્ટાર માટે એક રેકોર્ડ સમાન છે. ભારતીય એક્ટર્સમાં પ્રભાસે બોલિવૂડના તમામ માંધાતાને પાછળ રાખી દીધાં છે. ટોપ-૧૦ હાઈએસ્ટ ગ્રોસિંગ ભારતીય ફિલ્મોમાં પ્રભાસની ‘બાહુબલિ ૨’, ‘કલ્કિ ૨૮૯૮ એડી’ અને ‘બાહુબલિ’નો સમાવેશ થાય છે. આમ, પ્રભાસનો બોક્સઓફિસ રેકોર્ડ તથા લોકપ્રિયતા જોતાં પ્રોડક્શન હાઉસ માટે લાભનો જ સોદો કહી શકાય. ત્રણ ફિલ્મો માટે રૂ.૬૦૦ કરોડ મળવા છતાં અલ્લુ અર્જુનની સરખામણી પ્રભાસને ઘણો પાછળ કહી શકાય. કારણ કે ‘પુષ્પાઃ ધ રૂલ’ માટે અલ્લુ અર્જુનને રૂ.૩૦૦ કરોડ આપવાનું નક્કી થયું છે. આ રકમમાં તેની ફી ઉપરાંત પ્રોફિટ શેરનો પણ સમાવેશ થાય છે. અલ્લુ અર્જુનની સરખામણીએ પ્રભાસ માટે નક્કી થયેલી ફી ઓછી કહી શકાય.

# કલ્કિ અને રાઝીનું કોમ્બિનેશનઃ આલિયાની નારી કેન્દ્રિત ફિલ્મ

### કલ્કિના ડાયરેક્ટર નાગ અશ્વિન અને આલિયા ભટ્ટ પાન ઈન્ડિયા પ્રોજેક્ટ માટે હાથ મિલાવી શકે

પ્રભાસ અને અમિતાભ બચ્ચનની બ્લોકબસ્ટર ફિલ્મ કલ્કિ ૨૮૯૮ એડીના ડાયરેક્ટર નાગ અશ્વિને નારી કેન્દ્રિત ફિલ્મ બનાવવાનું વિચાર્યુ છે. તેમાં લીડ રોલ માટે આલિયા ભટ્ટ ફાઈનલ થાય તેવી શક્યતા છે. ‘રાઝી’ અને ‘ગંગુબાઈ કાઠિયાવાડી’ જેવી નારી કેન્દ્રિત ફિલ્મોમાં પોતાની ટેલેન્ટ પુરવાર કરી ચૂકેલી આલિયા ભટ્ટ પણ નાગ અશ્વિન સાથે કામ કરવા ઉત્સુક હોવાનું કહેવાય છે. એક્ટર અને ડાયરેક્ટર વચ્ચે આ અંગે વાટાઘાટો ચાલી રહી છે.

નાગ અશ્વિનની નારી કેન્દ્રિત ફિલ્મ અંગે ખાસ વિગતો બહાર આવી નથી, પરંતુ તેમાં લીડ રોલ માટે આલિયા પરફેક્ટ ચોઈસ હોવાનું અનુમાન છે. રિપોર્ટ મુજબ, નાગ અશ્વિન પાન ઈન્ડિયા ફિલ્મ બનાવવા માગે છે અને તેના માટે બજેટ પણ મોટું રખાયું છે. મહાભારતની કથામાંથી પ્રેરણા લઈને નાગ અશ્વિને બિગ બજેટ કલ્કિ બનાવતાં પહેલાં નારી કેન્દ્રિત ફિલ્મ મહંતી રિલીઝ કરી હતી. આ ફિલ્મમાં કિર્તિ સુરેશની દમદાર એક્ટિંગના વખાણ થયા હતા. ‘મહંતી’ની પાન ઈન્ડિયા રિલીઝ શક્ય બની ન હતી, પરંતુ હવે નાગ અશ્વિનને મોટા ફલક પર જ ફિલ્મો બનાવવી અને રિલીઝ કરવી છે. તેના માટે આલિયાનું સ્ટારડમ તેમને જરૂરી લાગ્યું છે.

આલિયાને બોલિવૂડમાં લોકપ્રિયતા મળેલી છે, જ્યારે ઈઈઈના કારણે સાઉથનું ઓડિયન્સ પણ આલિયાને ઓળખતું થયું છે. તાજેતરમાં રિલીઝ થયેલી આલિયાની ‘જિગરા’ બોક્સઓફિસ પર ઊંધા માથે પછડાઈ છે, પરંતુ આલિયાની એક્ટિંગના વખાણ થયા છે. ફિલ્મની નિષ્ફળતા માટે કોઈ રીતે આલિયાને જવાબદાર મનાતી નથી. નાગ અશ્વિનનો સમય અત્યારે સારો ચાલે છે અને તેઓ જે ફિલ્મ હાથમાં લે છે, તે હિટ બને છે. નાગ અશ્વિન પોતાની ફિલ્મના પાત્રોને ભવ્ય અને જાજરમાન બનાવવા માટે જાણીતા છે. આલિયાની ટેલેન્ટને જોતાં તે દરેક પ્રકારના રોલમાં ફિટ બેસી શકે છે. આલિયા અને નાગ અશ્વિન ભેગા હોય તો રિલીઝ ટાણે બોલિવૂડ અથવા સાઉથમાંથી મોટી સ્પર્ધા થવાની આશંકા હળવી બને છે. એકંદરે કલ્કિ અને રાઝીનું આ કોમ્બિનેશન બંને માટે લાભદાયી છે. આ ફિલ્મને સાઉથના પ્રોડક્શન હાઉસ વૈજયંતિ ફિલ્મ્સ દ્વારા બનાવવામાં આવશે. આલિયાએ સાઉથની છેલ્લી ફિલ્મ ઈઈઈ કરી હતી. વર્ષો પછી સાઉથના ડાયરેક્ટર અને પ્રોડ્યુસર સાથે આલિયા નવો પ્રોજેક્ટ શરૂ કરે તેવી શક્યતા છે. આ ફિલ્મની સ્ક્રિપ્ટ હજુ ફાઈનલ થઈ નથી. વળી, આલિયા અત્યારે ‘લવ એન્ડ વોર’ તથા ‘આલ્ફા’માં રોકાયેલી છે. નાગ અશ્વિન પણ ૬-૮ મહિના સુધી નવો પ્રોજેક્ટ શરૂ કરી શકે તેમ નથી. એકંદરે ૨૦૨૫માં જુલાઈ મહિના આસપાસ નાગ અશ્વિન અને આલિયાની ફિલ્મ ફ્લોર પર પહોંચે તેવી શક્યતા છે.



# IPL મેગા ઓક્શન પહેલા ગુરબાઝે બનાવ્યો મોટો રેકોર્ડ, સચિન-વિરાટને છોડ્યા પાછળ

અફઘાનિસ્તાને ત્રીજી વનડેમાં બાંગ્લાદેશને 5 વિકેટે હરાવ્યું. ઓપનર રહેમાનુલ્લા ગુરબાઝ અફઘાનિસ્તાનની જીતનો હીરો રહ્યો હતો. રહેમાનુલ્લા ગુરબાઝે 120 બોલમાં 101 રનની શાનદાર ઈનિંગ રમી હતી. તેણે પોતાની ઈનિંગમાં 5 ફોર અને 7 સિક્સર ફટકારી હતી. સાથે જ આ સદી સાથે રહેમાનુલ્લા ગુરબાઝે એક મોટો રેકોર્ડ પોતાના નામે કરી લીધો છે. રહેમાનુલ્લા ગુરબાઝની વનડે કારકિર્દીની આ આઠમી સદી છે. સદી ફટકાર્યા બાદ તેણે સચિન તેંડુલકર, વિરાટ કોહલી અને બાબર આઝમ જેવા દિગ્ગજોને પાછળ છોડી દીધા છે. રહેમાનુલ્લા ગુરબાઝ ODI ફોર્મેટમાં 8 સદી ફટકારનાર એશિયાનો સૌથી યુવા બેટ્સમેન બની ગયો છે.




જો આખી દુનિયાની વાત કરીએ તો માત્ર ક્વિન્ટન ડી કોકે પોતાની નાની ઉંમરમાં 8 ODI સદી ફટકારવાની સિદ્ધિ હાંસલ કરી છે. ભૂતપૂર્વ ભારતીય દિગ્ગજ સચિન તેંડુલકરે 22 વર્ષ 357 દિવસની ઉંમરે તેની આઠમી ODI સદી ફટકારી હતી. જ્યારે રહેમાનુલ્લા ગુરબાઝે 22 વર્ષ 349 દિવસની ઉંમરમાં આ સિદ્ધિ મેળવી હતી. વિરાટ કોહલીએ 23 વર્ષ 27 દિવસની ઉંમરે 8 ODI સદી ફટકારી હતી અને બાબર આઝમે 23 વર્ષ 280 દિવસની ઉંમરે 8 ODI સદી ફટકારી હતી. આ યાદીમાં દક્ષિણ આફ્રિકાનો ક્વિન્ટન ડી કોક ટોપ પર છે. તેણે 22 વર્ષ 312 દિવસની ઉંમરે તેની આઠમી ODI સદી ફટકારી હતી.

ત્રીજી વનડેની વાત કરીએ તો પ્રથમ બેટિંગ કરવા આવેલી બાંગ્લાદેશે 50 ઓવરમાં 8 વિકેટે 244 રન બનાવ્યા હતા. આ રીતે અફઘાનિસ્તાનને જીતવા માટે 245 રનનો ટાર્ગેટ હતો. અફઘાનિસ્તાને 48.2 ઓવરમાં 5 વિકેટે લક્ષ્ય હાંસલ કરી લીધું હતું. અફઘાનિસ્તાન તરફથી રહેમાનુલ્લા ગુરબાઝ સિવાય અઝમતુલ્લાહ શાહિદીએ 70 રનની ઈનિંગ રમી હતી.

# અરે ભાઈ અમારા હાથ..! પાકિસ્તાન જવાના સવાલને લઈ સૂર્યકુમારે આપ્યો રસપ્રદ જવાબ

ચેમ્પિયન્સ ટ્રોફી 2025ને લઈને BCCI અને PCB વચ્ચે ઘણો તણાવ ચાલી રહ્યો છે. ભારતીય ક્રિકેટ બોર્ડે સ્પષ્ટ કર્યું છે કે તે આવતા વર્ષની ટુર્નામેન્ટમાં ભાગ લેવા માટે પાકિસ્તાન નહીં જાય. BCCIના આ નિર્ણયથી PCB પર તીરની જેમ વાગ્યું છે અને તે ICCને તેમાં હસ્તક્ષેપ કરવા વિનંતી કરી રહ્યું છે. આ દરમિયાન એક પ્રશંસકે દક્ષિણ આફ્રિકામાં ભારતીય T-20 ટીમની કમાન સંભાળી રહેલા કેપ્ટન સૂર્યકુમાર યાદવને પણ પાકિસ્તાન ન આવવાનું કારણ પૂછ્યું. સૂર્યાએ ચાહકોને સીધો અને સચોટ જવાબ આપ્યો.




ઈન્સ્ટાગ્રામ પર વાયરલ થઈ રહેલા એક વીડિયોમાં સૂર્યકુમાર યાદવ એક ઈવેન્ટમાં ભાગ લેવા પહોંચ્યા હતા. ઈવેન્ટ દરમિયાન પડોશી દેશના એક પ્રશંસકે સૂર્યકુમારને પૂછ્યું, "મને એક વાત કહો, તમે પાકિસ્તાન કેમ નથી આવી રહ્યા?" તેના જવાબમાં સૂર્યે હસીને કહ્યું, "અરે ભાઈ, આ અમારા હાથમાં થોડું છે." જો કેટલાક અહેવાલો પર વિશ્વાસ કરવામાં આવે તો, પાકિસ્તાન ચેમ્પિયન્સ ટ્રોફીનું આયોજન હાઇબ્રિડ મોડલમાં કરવા માટે રાજી થઈ ગયું છે, જેના હેઠળ ટીમ ઈન્ડિયા તેની તમામ મેચ UAEમાં રમી શકે છે. જો કે હજુ સુધી આ અંગે કોઈ સત્તાવાર નિવેદન બહાર આવ્યું નથી.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ભારતીય ક્રિકેટ બોર્ડે ICCને સ્પષ્ટ કહ્યું છે કે તે ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભાગ લેવા માટે પાકિસ્તાન નહીં જાય. ICCએ BCCIનો આ સંદેશ PCBને પણ પહોંચાડ્યો છે. ભારતીય બોર્ડનું કહેવું છે કે તે ટૂર્નામેન્ટમાં તેની તમામ મેચ તટસ્થ સ્થળે રમવા માટે તૈયાર છે. જો કે, પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ આ માટે સહમત થશે કે નહીં તે જોવું રસપ્રદ રહેશે.

ચેમ્પિયન્સ ટ્રોફી 2025નું શેડ્યૂલ ટૂંક સમયમાં જાહેર થવાની આશા છે.




# બેડમિન્ટન કુમામોતો માસ્ટર્સ જાપાન ટૂર્નામેન્ટ દ્વારા પી.વી. સિંધુ અને લક્ષ્ય પુનરાગમન કરશે

ભારતની અનુભવી શટલર પીવી સિંધુ અને લક્ષ્ય સેન મંગળવારથી રમાનારી કુમામોતા માસ્ટર્સ જાપાન સુપર બેડમિન્ટન ટૂર્નામેન્ટ દ્વારા કોર્ટ ઉપર પુનરાગમન કરીને ભારતના અભિયાનની શરૂઆત કરશે. આ બંને ઓલિમ્પિયન્સ રિધમની સાથે ફોર્મ હાંસલ કરવાના તમામ પ્રયાસ કરશે. પેરિસ ગેમ્સમાં નિરાશાજનક પ્રદર્શન બાદ બંનેને પોતાના બેસ્ટ ફોર્મ માટે સંઘર્ષ કરવો પડયો છે.

સિંધુ ડેનમાર્ક ઓપનની ક્વાર્ટર ફાઇનલ સુધી પહોંચી હતી પરંતુ લક્ષ્ય સેન આર્કટિક ઓપન તથા ડેનમાર્ક ઓપન બંનેમાં જલદીથી બહાર થઇ ગયો હતો. તાજેતરની નિષ્ફળતાઓની વચ્ચે પણ સિંધુને તેના નવા કોચ અનૂપ શ્રીધર તથા કોરિયાના દિગ્ગજ લી સ્યૂન ઇલ સામે કાર્ય કરીને વધારે સારા પરિણામ મેળવવાનો વિશ્વાસ છે. જાપાન ઓપનના પ્રથમ રાઉન્ડમાં સિંધુનો મુકાબલો થાઇલેન્ડની આઠમી ક્રમાંકિત બુસાનન ઓંગબામરુંગફાન સામે થશે. લક્ષ્ય સેન મલેશિયાના લિયોંગ જૂન હાઓ સામે રમીને પોતાનું અભિયાન શરૂ કરશે. આ મેચ જીત્યા બાદ તે ઇન્ડોનેશિયાના આઠમા ક્રમાંકિત એન્થોની ગિટિંગ સામે રમશે.

# સુરક્ષાના કારણોસર ભારતીય ટીમને પાકિસ્તાન મોકલવાને લઈ અવઢવમાં

ચેમ્પિયન્સ ટ્રોફી 2025ને લઈને દરરોજ અનેક અપડેટ્સ સામે આવી રહ્યા છે. આ વખતે ICCએ ચેમ્પિયન્સ ટ્રોફીની યજમાની પાકિસ્તાનને આપી છે. પરંતુ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ સુરક્ષાના કારણોસર ભારતીય ટીમને પાકિસ્તાન મોકલવા માંગતું નથી. આવી સ્થિતિમાં ICCએ પાકિસ્તાનને હાઈબ્રિડ મોડલ લાવવાની વાત કરી છે. પરંતુ પીસીબીએ હજુ સુધી આ મુદ્દે કોઈ પ્રતિક્રિયા આપી નથી. પીસીબીએ પુષ્ટિ કરી દીધી છે કે ભારતે પાકિસ્તાનનો પ્રવાસ કરવાનો ઈનકાર કરી દીધો છે.

પીટીઆઈના અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે જો પીસીબી ચેમ્પિયન્સ ટ્રોફીની યજમાનીથી પીછેહઠ નહીં કરે તો ટૂર્નામેન્ટને હાઈબ્રિડ મોડલ પર રજૂ કરવામાં આવશે.




ભારતીય ટીમ તેની તમામ મેચ UAEમાં રમી શકે છે. ફાઈનલ મેચ દુબઈમાં યોજાઈ શકે છે. ICCએ આ મામલાની જાણકારી પાકિસ્તાન ક્રિકેટ બોર્ડને આપી છે. પરંતુ પીસીબી ચીફ મોહસિન નકવીએ હજુ સુધી આ મામલે કોઈ પ્રતિક્રિયા આપી નથી.

જો પાકિસ્તાન હાઈબ્રિડ મોડલને લઈને આઈસીસી દ્વારા મોકલવામાં આવેલા પ્રસ્તાવને સ્વીકારતું નથી અને પીસીબી ટૂર્નામેન્ટની યજમાનીમાંથી પીછે હઠ કરે છે તો આઈસીસી ટૂર્નામેન્ટની યજમાની દક્ષિણ આફ્રિકાને આપી શકે છે. જો કે અગાઉ પીસીબીના એક સૂત્રએ કહ્યું હતું કે હાઈબ્રિડ મોડલ અંગે હજુ સુધી ચર્ચા કરવામાં આવી નથી અને તેઓ આ અંગે ICC પાસેથી સ્પષ્ટ જવાબ માંગશે. મહત્વનું છે કે દઈએ કે દક્ષિણ આફ્રિકા પહેલા પણ ઘણી ICC ટૂર્નામેન્ટનું આયોજન કરી ચૂક્યું છે. ODI વર્લ્ડ કપ 2027 પણ દક્ષિણ આફ્રિકામાં રમાશે.

આઈસીસીએ અગાઉ વર્ષ 2017માં ચેમ્પિયન્સ ટ્રોફીનું આયોજન કર્યું હતું. ત્યારબાદ પાકિસ્તાને ભારતને હરાવી ખિતાબ કબજે કર્યો હતો. હવે 7 વર્ષ બાદ ફરી એકવાર ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ વખતે 8 ટીમો ભાગ લેવા જઈ રહી છે જેમાં ભારત સિવાય અફઘાનિસ્તાન, ઓસ્ટ્રેલિયા, બાંગ્લાદેશ, ઈંગ્લેન્ડ, ન્યૂઝીલેન્ડ, પાકિસ્તાન અને દક્ષિણ આફ્રિકા સામેલ છે. આ 2 ટીમોને 2 ભાગમાં વહેંચવામાં આવી છે.

# ઓસ્ટ્રેલિયાના મજબૂત ટેસ્ટ રેકોર્ડ સામે ભારત ફરી વર્ષ 2021 જેવો કમાલ કરશે!

ચાહકોએ ભારતની વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC)ની ફાઈનલમાં પહોંચવાની આશા છોડી દીધી છે. ફાઈનલમાં પહોંચવા માટે ભારતીય ટીમે તે કરવું પડશે જે આજ સુધી અન્ય કોઇ ટીમ કરી શકી નથી

વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC)ની ફાઈનલમાં પહોંચવા માટે ભારતે ઓસ્ટ્રેલિયામાં યોજાનાર બોર્ડર-ગાવસ્કર ટેસ્ટમાં જીત હાંસલ કરવી પડશે. વિશ્વની સૌથી ખતરનાક ટીમ ગણાતી ટીમ ઓસ્ટ્રેલિયાને 4-0 થી હરાવવું પડશે, જે લગભગ અશક્ય છે. જે ઓસ્ટ્રેલિયાના તાજેતરના ટેસ્ટ રેકોર્ડ પરથી સમજી શકાય છે.

ઓસ્ટ્રેલિયા વિશ્વની તે ટીમોમાંથી એક છે જેનો ટેસ્ટમાં રેકોર્ડ વિશ્વની કોઈ પણ ટીમો કરતા સારો છે. પછી ભલે તે ઘરેલુ હોય કે અન્ય કોઈ દેશમાં. ઓસ્ટ્રેલિયાએ દરેક ટીમને જોરદાર ટક્કર આપી છે. આ ટીમ દરેક સદીમાં સર્વશ્રેષ્ઠ તરીકે ઉભરીને આવી છે. ઘરઆંગણે આ ટીમનો રેકોર્ડ શાનદાર રહ્યો છે. અત્યાર સુધી ઘરઆંગણે રમાયેલી 445 ટેસ્ટ મેચોમાંથી ઓસ્ટ્રેલિયાએ 259માં જીત મેળવી છે.




વર્ષ 2021 થી ઓસ્ટ્રેલિયાએ ઘરઆંગણે 17 મેચ રમી છે, જેમાંથી તેણે 12 મેચ જીતી છે. કેપ્ટન પેટ કમિન્સની આગેવાની હેઠળ ટીમે વર્ષ 2021માં ઘરઆંગણે રમાયેલી એશિઝ શ્રેણીમાં ઈંગ્લેન્ડને 4-0 થી હરાવ્યું હતું અને ત્યારબાદ વર્ષ 2023માં પણ એશિઝનો ખિતાબ જીત્યો હતો. ઓસ્ટ્રેલિયાના ખેલાડીઓ અત્યારે સારા ફોર્મમાં છે અને તેઓ 10 વર્ષ બાદ ઘરઆંગણે બોર્ડર-ગાવસ્કર ટ્રોફી જીતવા માટે શ્રેષ્ઠ પ્રદર્શન કરશે.

એવું કહેવું ખોટું હશે કે ટીમ ઈન્ડિયા ઓસ્ટ્રેલિયાને ઘરઆંગણે હરાવી શકે નહીં. વર્ષ 2018 અને વર્ષ 2021માં આ ટીમે તે સિદ્ધિ મેળવી હતી, જેની ચર્ચા આજે પણ થાય છે અને ખુદ ઓસ્ટ્રેલિયાની ટીમ પણ આ વાત માને છે.

ઓસ્ટ્રેલિયન ખેલાડીઓની 'માઈન્ડ ગેમ' જગજાહેર છે. તેઓ મીડિયામાં તેમની સામેના ખેલાડીઓ વિશે એવી વાતો કહી દે છે જે ક્યારેક વિચારવા પર મજબૂર કરી દે છે. ગત વખતે પણ કંઈક આવું જ બન્યું હતું. જ્યારે એડિલેડમાં રમાયેલી ડે-નાઈટ ટેસ્ટમાં ભારતીય ટીમ માત્ર 36 રનમાં આઉટ થઈ ગઈ હતી. તમામે ભારતીય ટીમને હારેલી માની બેઠી હતી. ત્યારે ભારતે કમબેક કર્યું હતું અને મુશ્કેલ પરિસ્થિતિમાં પોતાનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરી 2021માં બોર્ડર-ગાવસ્કર ટ્રોફી જીતી હતી.

# ગંભીરને વાત કરતા નથી આવડતું, સંજય માંજરેકરે કહ્યું કે તેમને પ્રેસ કોન્ફરન્સથી દૂર રાખવા જોઈએ

સંજય માંજરેકરે જણાવ્યું હતું કે ગૌતમ ગંભીરને પ્રેસ કોન્ફરન્સથી દૂર રાખવા એ બીસીસીઆઈ માટે એક સમજદારીભર્યો નિર્ણય હશે. તેમની પાસે ના યોગ્ય શબ્દો છે, ના વાત કરવાની આવડત

ટીમ ઈન્ડિયાના મુખ્ય કોચ ગૌતમ ગંભીરે ઓસ્ટ્રેલિયા પ્રવાસ પર જતાં પહેલા પ્રેસ કોન્ફરન્સ કરી હતી. ટીમ ઈન્ડિયાના પૂર્વ ક્રિકેટર અને પ્રખ્યાત કોમેન્ટેટર સંજય માંજરેકરે પ્રેસ કોન્ફરન્સ બાદ ગૌતમ ગંભીર પર સવાલો ઉઠાવ્યા હતા.



સંજય માંજરેકરે ટ્વીટ કરતાં જણાવ્યું હતું કે ગૌતમ ગંભીરની પ્રેસ કોન્ફરન્સ જોઈ. ગૌતમ ગંભીરને આ પ્રકારની ડ્યુટીમાંથી અલગ રાખવો એ બીસીસીઆઈ માટે એક સમજદારીભર્યો નિર્ણય હશે. તેમને પડદા પાછળ જ કામ કરવા દો. તેમની પાસે ના યોગ્ય શબ્દો છે, ના વાત કરવાની આવડત. એમના બદલે રોહિત અને અગરકરને આ કામ સોંપવું જોઈએ.

ઉલ્લેખનીય છે કે હેડ કોચ ગૌતમ ગંભીર અત્યારે સવાલોના ઘેરામાં છે. ન્યુઝીલેન્ડ સામે ઘરઆંગણે મેચ હાર્યા બાદ હવે ઓસ્ટ્રેલિયાનો પ્રવાસ તેમના માટે ખૂબ મહત્વનો છે. આવી સ્થિતિમાં આ ટ્વીટથી વિવાદ વધી શકે છે.

સંજય માંજરેકરે આ પહેલા પણ રવીન્દ્ર જાડેજા ઉપર પણ વિવાદાસ્પદ નિવેદનો આપ્યા છે.

# ઈન્ડિયા વચ્ચે દક્ષિણ આફ્રિકા સામે ફાસ્ટ બોલર વિજયકુમારને ડેબ્યૂ કરી શકશે!

ભારતીય T20 ટીમ હાલમાં દક્ષિણ આફ્રિકાના પ્રવાસે છે. જ્યાં બંને ટીમોની ચાર મેચોની T20 સીરીઝ રમાઈ રહી છે. બંને ટીમો વચ્ચે અત્યાર સુધીમાં બે મેચ રમાઈ છે. જેમાંથી એક મેચ ભારત અને બીજી મેચ દક્ષિણ આફ્રિકાએ જીતી હતી.




સિરીઝની ત્રીજી મેચ 13 નવેમ્બરે રમાશે. જેમાં ટીમ ઈન્ડિયાની પ્લેઈંગ ઈલેવનમાં મોટો ફેરફાર જોવા મળી શકે છે. કેપ્ટન સૂર્યકુમાર યાદવ ત્રીજી મેચની પ્લેઈંગ ઈલેવનમાંથી સતત બે મેચમાં ફ્લોપ ગયેલા ખેલાડીને ડ્રોપ કરી શકે છે, જ્યારે બે મેચમાં ટીમ ઈન્ડિયા માટે ડેબ્યૂ કરવાની રાહ જોઈ રહેલા ખેલાડીને તક મળી શકે છે.

આવેશ ખાન દક્ષિણ આફ્રિકા પ્રવાસ માટે ટીમ ઈન્ડિયાનો ભાગ છે. આવેશ છેલ્લી બે મેચમાં ભારતીય ટીમનો ભાગ હતો. પ્રથમ મેચમાં આવેશનું પ્રદર્શન સારું રહ્યું હતું અને તેને 2.5 ઓવરમાં બોલિંગ કરતા 28 રન આપીને 2 વિકેટ ઝડપી હતી. આ સિવાય બીજી મેચમાં આવેશનું પ્રદર્શન કંઈ ખાસ રહ્યું ન હતું. જ્યારે ટીમને તેની સૌથી વધુ જરૂર હતી ત્યારે તેને કોઈ વિકેટ લીધી ન હતી. ત્રીજી મેચમાં આવેશ બોલિંગ કરતી વખતે 3 ઓવરમાં 23 રન આપ્યા હતા, પરંતુ તેને કોઈ સફળતા મળી ન હતી. આવી પરિસ્થિતિમાં આવેશ ત્રીજી મેચમાંથી બહાર થઈ શકે છે.

ફાસ્ટ બોલર વિજયકુમારને પણ ચાર મેચની T20 સિરીઝ માટે ટીમ ઈન્ડિયાની ટીમમાં પ્રથમ વખત પસંદ કરવામાં આવ્યો છે. પરંતુ આ બોલરને હજુ સુધી ડેબ્યૂ કરવાની તક મળી નથી. મીડિયા રિપોર્ટ મુજબ વિજયકુમારને 13મી નવેમ્બરે યોજાનારી ત્રીજી T20 મેચમાં આવેશ ખાનની જગ્યાએ ટીમ ઈન્ડિયાના પ્લેઈંગ ઈલેવનમાં પસંદ કરવામાં આવી શકે છે.

# રોહિત શર્મા ઓસ્ટ્રેલિયા સામેની પ્રથમ ટેસ્ટ નહિ રમે! તેની ગેરહાજરીમાં બુમરાહ કરી શકે છે કપ્તાની

22 નવેમ્બરથી બોર્ડર ગાવસ્કર ટ્રોફી માટે ભારત ઓસ્ટ્રેલિયાના પ્રવાસે જશે. ટીમ ઈન્ડિયાની એક બેચ ઓસ્ટ્રેલિયા માટે પણ રવાના થઈ ગઈ છે. મુખ્ય કોચ અને અન્ય સિનિયર ખેલાડીઓ બીજી બેચમાં જશે. પરંતુ પ્રથમ ટેસ્ટ મેચમાં નિયમિત કેપ્ટન રોહિત શર્માના રમવા પર મોટી શંકા સેવાઈ રહી છે. જો રોહિત પ્રથમ ટેસ્ટ મેચમાં નહીં રમે તો તેની જગ્યાએ કેપ્ટન કોણ હશે?

ઓસ્ટ્રેલિયા જતાં પહેલા મુખ્ય કોચ ગૌતમ ગંભીરે નિવેદન આપ્યું છે કે જો રોહિત શર્મા અંગત કારણોસર પ્રથમ ટેસ્ટ મેચ નહિ રમે તો જસપ્રિત બુમરાહ ટીમની કમાન સંભાળશે. તે ટીમનો વાઈસ કેપ્ટન પણ છે. બુમરાહ આ પહેલા ઈંગ્લેન્ડ સામેની ટેસ્ટ મેચમાં કેપ્ટનશીપ કરી ચૂક્યો છે, જેમાં ભારતીય ટીમને હાર મળી હતી. ઉપરાંત તેમણે કહ્યું કે ટીમ પાસે ઓપનિંગ બેટ્સમેનના સ્થાન માટે કેએલ રાહુલ અને અભિમન્યુ ઈશ્વરન જેવા સારા વિકલ્પો છે. ભારતીય ટીમના કોચ બનવું એ સન્માન અને ગૌરવની વાત છે. હું કોઈ પ્રકારનું દબાણ અનુભવી રહ્યો નથી. હું ભારતીય ટીમમાં કેટલાક અવિશ્વસનીય ખેલાડીઓ જોઉ છું જેઓ પ્રદર્શન કરવા માટે ઉત્સુક છે.

ભારતીય ટીમ છેલ્લા ચાર વખત ઓસ્ટ્રેલિયા સામે બોર્ડર-ગાવસ્કર ટ્રોફી જીતી ચુકી છે. પરંતુ આ વખતે ટીમ ઈન્ડિયા માટે આ રસ્તો એટલો સરળ નથી.




**ઓસ્ટ્રેલિયા સામેની મેચ પહેલા ભારતીય કેપ્ટન રોહિત પહેલી ટેસ્ટ મેચમાં રમશે કે નહિ તેને લઈને અનેક અટકળો ચાલી રહી છે. ત્યારે ગૌતમ ગંભીરે કેપ્ટન્સીને લઈને મહત્વનું નિવેદન આપ્યું છે**




**પ્રકાશ પર્વ દિવાળી મહોત્સવને આજે ૧૦ દિવસ પૂર્ણ થયા બાદ બજારો, દુકાનો, સહિતનો કારોબાર આજથી ધમધમતો થયો છે. સુરતની ટેક્સટાઈલ્સ માર્કેટોમાં આજે મોટાભાગની દુકાનો પુનઃ શરૂ થતા માર્કેટ વિસ્તારમાં વેપારીઓની અવર-જવર શરૂ થઈ ગઈ છે. (તસ્વીરઃ હનીફ મલેક)**

### કાશ્મીરમાં
**પહેલા પાનાનું ચાલુ**

રજા જાહેર કરવામાં આવી છે. ઉત્તરના ભાગોમાં હિમવર્ષા અને ધુમ્મસ વચ્ચે દક્ષિણી રાજયોમાં ભારે વરસાદના પગલે જનજીવન પ્રભાવિત રહ્યું છે. ભારે વરસાદના એલર્ટના પગલે ચેન્નઈ સહિતના શહેરો-રાજયોમાં સરકાર દ્વારા આગમચેતીના પગલા લેવાયા છે.

### સૌરાષ્ટ્રમાં
**પહેલા પાનાનું ચાલુ**

વેરાવળમાં ૨૨.૯ ડિગ્રી, લઘુતમ તાપમાન નોંધાયુ હતું. ઉલ્લેખનીય છે કે, સવારમાં ઠંડી અને બપોર હજુ ગરમીનો અનુભવ થાય છે. ગઈકાલે રાજકોટ સહિત અનેક સ્થળોએ ૩૫ થી ૩૭ ડિગ્રી વચ્ચે મહતમ તાપમાન નોંધાયુ હતું.

### શેર બજારના
**પહેલા પાનાનું ચાલુ**

રાષ્ટ્રીય દ્રષ્ટિએ દિલ્હીમાં ૧.૩૦ લાખ નવા રોકાણકાર નોંધાયા છે. બીજા ક્રમે મુંબઈ ૮૭૦૦૦ ફ્રેશ ઈન્વેસ્ટર શેરબજારમાં દાખલ થયા છે. આમ શેરબજાર રોકાણમાં ગુજરાતમાં જે ઈન્વેસ્ટર કલ્ચર છે તે સતત વધી રહ્યું છે.

શેરબજારમાં ફયુચર-ઓપ્શન ટ્રેડીંગમાં પણ ગુજરાતીઓનો ફાળો મોટો છે. એક સમયે રીયલ એસ્ટેટ અને સોનામાં રોકાણ કરી સલામતી શોધતા હતા પણ હવે લોકો પાસે આવક વધી છે તો તેઓ પક્ષની મૂડીને શેરબજારમાં આપી રહ્યા છે.

### સાઉદી અરબમાં
**પહેલા પાનાનું ચાલુ**

૧૫૬૯ વ્યકિતઓ કિંગડમમાં પ્રવેશવાનો પ્રયાસ કરતા પકડાયા હતાં. જેમાં ૨૪ ટકા યમનના નાગરિકો, ૭૩ ટકા ઈથિયોપિયાના નાગરિકો હતા જયારે બાકીના અન્ય દેશોના નાગરિકો તરીકે ઓળખાયા હતા.

આ ઉપરાંત ૬૩ લોકોને ઈલીગલી સાઉદી અરબ છોડવાનો પ્રયાસ કરતી વખતે પકડવામાં આવ્યા હતા. ૧૫ લોકોની ટ્રાન્સપોર્ટિંગ, શેલ્ટરિંગ અથવા એમ્પ્લોઈંગનો ભંગ કરવામાં તેમની સંડોવણી બદલ ધરપકડ કરવામાં આવી હતી. હાલમાં ૨૦,૩૬૩ વિદેશીઓ નાગરિકો કાયદાકીય કાર્યવાહીના વિવિધ તબક્કામાંથી પસાર થઈ રહ્યા છે જેમાંથી ૧૭,૯૧૫ પુરૂષો અને ૨,૪૪૮ મહિલાઓનો સમાવેશ થાય છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે ૧૫૬૯ વ્યક્તિઓ કિંગડમમાં પ્રવેશવાનો પ્રયાસ કરતા પકડાયા હતા, જેમાં ૨૪ ટકા યમનના નાગરિકો, ૭૩ ટકા ઈથિયોપિયાના નાગરિકો હતા જયારે બાકીના અન્ય દેશોના નાગરિકો તરીકે ઓળખાયા હતા.

આ ઉપરાંત ૬૩ લોકોને ઈલીગલી સાઉદી અરબ છોડવાનો પ્રયાસ કરતી વખતે પકડવામાં આવ્યા હતા. ૧૫ લોકોની ટ્રાન્સપોર્ટિંગ, શેલ્ટરિંગ અથવા એમ્પ્લોઈંગનો ભંગ કરવામાં તેમની સંડોવણી બદલ ધરપકડ કરવામાં આવી હતી. હાલમાં ૨૦,૩૬૩ વિદેશીઓ નાગરિકો કાયદાકીય કાર્યવાહીના વિવિધ તબક્કામાંથી પસાર થઈ રહ્યા છે જેમાંથી ૧૭,૯૧૫ પુરૂષો અને ૨,૪૪૮ મહિલાઓનો સમાવેશ થાય છે.

### મહારાષ્ટ્રનો
**પહેલા પાનાનું ચાલુ**

અને સંઘમાં મહારાષ્ટ્રીયનો પ્રભાવ રહ્યો છે તેથી સંઘની મદદ વગર ભાજપને રાજયમાં ભાગ્યે જ કોઈ સફળતા મળી શકે છે. આથી હાલ સંઘ ભાજપે તેના મતભેદ ભુલાવી દીધા છે. એક સમય એવો હતો કે ભાજપ પર પોલીટીકલ કંટ્રોલ સંઘનો રહેતે હતો.

ભાજપ તે સ્વીકારતો હોય પણ મોદી યુગમાં સંઘના અડધા નેતાનુ ભાજપીકરણ થઈ ગયું. સતાના લાભો સંઘના અધિકારીઓને અપાવી મોદી-શાહને તેની સંઘની ધાર બુઠ્ઠી કરી દીધી હતી પણ હવે મહારાષ્ટ્ર તે સંઘની જમીન પર લડવા માટે તેના આશરે જવા સિવાય કોઈ વિકલ્પ જ નથી. સંઘને રાજકારણ સાથે લેવા દેવા નથી.

તે છાપ હવે લગભગ ભુલાઈ ગઈ છે. મહારાષ્ટ્રની ચૂંટણીમાં સંઘના સહ સર કાર્યવાહ (જોઈન્ટ જનરલ સેક્રેટરી) અજીત લીમીયા અને નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસ સતત રોજરોજની સ્ટેટેજીની સમીક્ષા કરે છે.

ચૂંટણીની જાહેરાત સાથે જ ફડનવીસ ખુદ સંઘ વડામથકે ગયા હતા અને હેડગેવારની પ્રતિમાને ફુલ ચડાવી આવ્યા હતા. સંઘ પાછળના બારણેથી કેન્દ્રીય મંત્રી અને તેના બ્લુઆઈ- નિતીન ગડકરીની મદદ લઈ રહ્યું છે. સંઘની પ્રચાર સીસ્ટમ ખૂબ જ ટાઈમ ટેસ્ટેડ છે જે કોઈ શોટ વગર પણ મતદારોને પલટી શકે છે.

ભાજપની પન્ના પ્રમુખ સીસ્ટમ હવે મહારાષ્ટ્રમાં સંઘને સોંપી દેવાઈ છે અને તેમાં સંઘની જે તે વિસ્તારની શાળાના ઈન્ચાર્જ જ નિર્ણય લે છે અને ખાસ કરીને ધ્રુવીકરણથી અન્ય પક્ષો પર સરસાઈ સ્થાપવામાં ભાજપ જમીન ઉપર બટેંગે તો કટેંગેના નારા લગાવે છે.

સંઘના કાર્યકર્તાઓ ઘરે ઘરે પહોંચીને આપણે સૌએ એક રહેવુ જોઈએ તે નિશ્ચિત કરે છે. ખાસ કરીને જાતિ ફેકટર પર જે રીતે વિપક્ષ હાવી છે તેનો મુકાબલો ધ્રુવીકરણથી જ થશે તે ભાજપ સંઘે નિશ્ચિત કર્યુ છે.

### વિકસિત
**પહેલા પાનાનું ચાલુ**

કે, ૧.૫ ડીગ્રી સેલ્સીયસનો ટાર્ગેટ હજુ સૂધી તૂટયો નથી. કારણ કે આ લાંબા સમયનુ સરેરાશ દર્શાવે છે. ઈયુના કલાયમેટ મોનીટર કોપરનિકસ કહી ચુકયુ છે કે ૨૦૨૪ માં જ ૧.૫ ડીગ્રી તાપમાનની સીમા પર થઈ શકે છે.

ડબલ્યુએમએ રિપોર્ટમાં એમ પણ જણાવ્યું છે કે, ૨૦૧૫ થી ૨૦૨૪ સુધીનો દાયકો અત્યાર સુધીનો સૌથી ગરમ દસકો થવા જઈ રહ્યો છે. જે ૬ આંતર રાષ્ટ્રીય ડેટા સેટ પર આધારીત છે આ સંગઠનના પ્રમુખ સેલેસ્ટ સાઉલોએ તેને પોતાની ધરતી માટે એક વધુ એસઓએસ સેવ અવર સોલ્સ ઓળખાવ્યો છે અને રેડ એલર્ટ જાહેર કર્યું છે.

તેમણે જણાવ્યું હતું કે, આ વધતા તાપમાનથી ગ્લેશીયર ઝડપથી પિગળી રહ્યા છે અને અતિ ચરમ મૌસમી ઘટનાઓ સતત સમુદાયો અને અર્થ વ્યવસ્થાને અસર કરી રહી છે.

### શેરમાં
**પહેલા પાનાનું ચાલુ**

છે.ભારતીયોનું એસેટ કલાસ કરતા ઈકવીટી ક્ષેત્રમાં રોકાણ ઘણુ ઓછુ છે છતાં હવે તેમાં વધારો થઈ રહ્યો છે. આવતા વર્ષોમાં અનેકગણુ વધી શકે છે. રીપોર્ટમાં એમ પણ કહેવાયું છે કે, વ્યાજદરમાં બદલાવ ભૌગોલીક ટેન્શન, આંતર રાષ્ટ્રીય સ્તરે આર્થિક મંદી છતા ભારતીય શેરબજાર વૈશ્વિક પડકારોને પહોંચી વળ્યુ છે.

આ રીપોર્ટમાં સોનાનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. છેલ્લા એક દાયકામાં સોનામાં રોકાણનાં આધારે ભારતીયોની સંપતીમાં ૨૨ ટકાનો વધારો થયો છે.ભારતીયોને લાગે વળગે છે ત્યાં સુધી ઈકવીટી તથા ગોલ્ડ એમ બન્નેથી સંપતીમાં મોટો વધારો છે.

ભારતીયોનું સૌથી મોટુ અને મહતમ રોકાણ પ્રોપર્ટી રીયલ એસ્ટેટ ક્ષેત્રમાં જ છે. છતા આ ક્ષેત્રનું પરફોમન્સ પ્રમાણમાં નબળુ છે. જોકે લોકો આવાસ રહેવા માટે લેતા હોવાથી રોકાણની વ્યાખ્યા સ્પષ્ટ થઈ શકતી નથી.

### ક્રેડીટ
**પહેલા પાનાનું ચાલુ**

ડિફોલ્ટનું પ્રમાણ વધુ છે. જેમાં અભ્યાસ બાદ નોકરી નહી મળવા કે ઓછા પગારની નોકરીનો વિકલ્પ મજબૂરીથી સ્વીકારવાના કારણે આ ધિરાણના રીપેમેન્ટ પર અસર થઈ છે.

જો કે પર્સનલ લોનમાં હાઉસીંગ લોનનું પ્રમાણ ૩૬% વધ્યુ છે. ક્રેડીટ કાર્ડ ધિરાણ ૨૫.૨% એજયુકેશન લોન ૨૦.૫% અને અન્ય પર્સનલ લોન ૧૪.૯% વધ્યા છે જે ઉપરાંત વ્હીકલ લોનનું પ્રમાણ ૧૮.૩% વધ્યુ છે. ખાસ કરીને ખાનગી બેન્કોના કુલ ધિરાણમાં ૫૦% હિસ્સો પર્સનલ લોનનો છે. બેન્કોના આ એનપીએની વધતી જતી સ્થિતિથી રિઝર્વ બેન્કે તમામ બેન્કો અને એનબીએફસીને પર્સનલ લોનની વહેચણીમાં બ્રેક મારવા બેન્કોને મજબૂર કરી હતી.

માર્ચ ૨૦૨૧થી માર્ચ ૨૦૨૩ સુધીમાં પર્સનલ લોન ૪૭% વધી હતી અને તેની અસર હવે બેન્કોની રીકવરી પર પડી રહી છે. રીઝર્વ બેન્કના ડેટા મુજબ ક્રેડીટ કાર્ડ ધિરાણ રૂા.૨.૪ લાખ કરોડને પહોંચી ગયું હતું. તેમાં હવે ડિફોલ્ટ વધી રહ્યા છે. એક અંદાજ મુજબ ૭૫% ગ્રાહકોએ કન્ઝમર્સ ડયુરેબલ ખરીદવા માટે ક્રેડીટ કાર્ડનો ઉપયોગ કર્યો હતો.

ખાસ કરીને માઈક્રો ફાયનાન્સમાં ૨ લાખ કે તેથી વધુ લોન ધારક એક સાથે ચાર-ચાર લોનના રીપેમેન્ટ કરતા હતા તે હવે ડિફોલ્ટ બનવા લાગ્યા છે. ખાસ કરીને બજારોમાં મંદીની સ્થિતિ જોવા મળે છે અને ગ્રામીણ ક્ષેત્રમાં ઘરેલુ આવક ઘટી છે. બેન્કોની આ નાણાકીય વર્ષના બેલેન્સશીટ પર તેની અસર થશે.

### સુરત એરપોર્ટ પર
**પેજ-૨ પાનાનું ચાલુ**

પણ બમણો વ્યય થઈ રહયો છે. ચેમ્બર દ્વારા આજરોજ લેખિતમાં કરાયેલી રજૂઆતમાં મંત્રીશ્રીને જણાવવામાં આવ્યું છે કે, સુરતથી મુંબઇ વચ્ચેના હાઇવે પર જે સ્થળે ડાયવર્ઝન આપવામાં આવ્યા છે ત્યાં તો નવી ગાડી પણ ખખડી જાય એવી ગંભીર પરિસ્થિતિ સર્જાઇ છે, જેને તાત્કાલિક ધોરણે દૂર કરવા માટે તેમજ હાઇવેને તાત્કાલિક રિપેર કરાવવા માટે ભારતના માનનીય કેન્દ્રિય રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ હાઈવેઝ મંત્રી શ્રી નીતિન ગડકરીને લેખિતમાં પત્ર લખીને વાહનચાલકોની મુશ્કેલીને દૂર કરવા માટે વિનંતી કરવામાં આવી છે.

### વરાછામાં સરદાર
**પેજ-૨ પાનાનું ચાલુ**

ખાલી કરીને ચોખ્ખું પાણી ભરવામાં આવે એવી સુરત શહેર કોંગ્રેસના કાર્યકારી પ્રમુખ કમ પૂર્વ કોર્પોરેટર દિનેશ સાવલિયાએ માંગ કરી છે. બેડમિન્ટન કોર્ટ ઠેકાણા વિનાનું, એરકન્ડીશન્ડના ઈન્ડોર તુટેલી અવસ્થામા? લટકતા મળી આવ્યા છે. તો સેન્ટ્રલી એસીના ઈન્ડોરની ફ્રેમ તુટેલી નજરે ચઢી આવી છે. આખો સંકૂલ ભૂત બંગલો બની ગયો હોય તેવી સ્થિતિ છે. પ્રજાના પૈસાનો વેડફાટ કરનાર ભાજપ શાસકોએ સુરતના વિકાસના વિનાસમાં પરિવર્તિત કરવાનું પાપ કર્યું છે જેને કોઈકાળે ચલાવી નહી લેવાય એમ દિનેશ સાવલિયાએ ઉમેર્યું હતું અને આ સંકૂલનું તાકીદે રિપેરિંગ કરીને સુરતની જનતા માટે રમવા લાયક તેમજ ખેલવા લાયક બનાવવામાં આવે તેવી માંગ કરી છે.

### સુગરના સભાસદ
**પેજ-૨ પાનાનું ચાલુ**

ઉત્પાદન ખર્ચમાં વધારો થઈ રહ્યો છે. લેબર નો ઘણો વિકટ પ્રશ્ન છે અને તેમાં પણ મજુરી વધી છે. રાસાયણિક ખાતર તેમજ સિંચાઈ પણ મોંઘી થઈ છે. ખેડ કામ થી લઈ દરેક ચીજ વસ્તુઓમાં મોંઘવારી છે. આમ લોન ની ઉપર વ્યાજ ખાદ્ય વધુ રહેવાને લીધે સંસ્થા તેમજ ખેડૂતો ઉપર વધુને વધુ ભારણ પડતું રહે છે. જેથી વ્યાજદરમાં રાહત આપવામાં આવે તો આ રાહત ખેડૂતો અને સહકારી સંસ્થાઓ માટે સંજીવની સમાન બની રહેશે.

સુરત જિલ્લાની સુગર મિલો/ખેડૂતોને સંસ્થા દ્વારા બેંકમાંથી લોન આપવામાં આવે છે. જેનો વ્યાજ દર ઘણો ઊંચો છે. જેને લીધે સંસ્થાઓને ઓવરડ્રાફટ પણ વધારે પ્રમાણમાં લેવો પડતો હોય છે. તે છતાં ખેડૂતો દ્વારા ડીફોલ્ટ માં આવ્યા સિવાય કોઈપણ સંજોગોમાં બેંક માંથી લીધેલ ધિરાણ બાકી રાખ્યા સિવાય જેમ બને તેમ જલદી જમા કરાવી દે છે. હાલમાં બારડોલી, ચલથાણ, મઢી, મહુવા, સાયણ, કામરેજ અને કોપર સુગર સહિતની સુગર મિલોમાં આશરે રૂ.૯૭૦ કરોડ રૂપિયા જેટલા ઓવરડ્રાફ્ટ ની રકમ આ મંડળીઓ મારફત લેવામાં આવે છે. સહકારી સંસ્થાઓ સ્થાપનાકાળથી નાણાકીય વહીવટની બાબતને લઈ સુરત ડિસ્ટ્રિક્ટ કો.ઓ. બેંક સાથે સીધી રીતે જોડાયેલી છે અને એની સધ્ધરતા નું કારણ પણ આ સુગર ફેકટરીઓ, આટલી બ્રાન્ચો કે આટલો નફો આ સહકારી સુગર ફેક્ટરીઓના કારણે શક્ય બન્યો છે. સ્થાવર કે જંગમ મિલકતો છે એમાં આ સુગર ફેક્ટરીઓનો સિંહ ફાળો રહ્યો છે. આ તમામ સુગર ફેકટરીઓ સાથે સંકળાયેલા સભાસદો અને ખેડૂતોને કરોડો રૂપિયાનું વ્યાજ આવકના રૂપ માં આપવામાં આવે છે અને આ સંસ્થાના આજદિન સુધી નોન પરફોમિંગ એસેટ રહેતો નથી. હાલની પરિસ્થિતિમાં સુરત ડિસ્ટ્રિક્ટ બેંક સુગર ફેક્ટરી કે સહકારી સંસ્થા ઉપર ૯ % વ્યાજ લે છે તે સીધું ૨ % ફ્લેટ બાદ ઘટાડી સુગર ફેક્ટરીઓના ખેડૂતો અને સુગરમીલોના હિતમાં ૭ % ખેડૂતો અને સંસ્થાના હિતમાં બેંકના નફા માંથી કે અન્ય ફંડોમાંથી મળવું જોઈએ.

ધી સુરત ડિસ્ટ્રિક્ટ કો.ઓ. બેંકનું વાર્ષિક ટર્ન ઓવર આશરે ૧૦ હજાર કરોડથી પણ વધારે છે. જેમાં સુગર ફેકટરીઓ સાથે જોડાયેલા ખેડૂત અને સભાસદો ક્રોપ લોન, કિસાન ક્રેડિટ કાર્ડ તેમજ અન્ય લોન મળી ૨૦ થી ૨૫ ટકા લોન લે છે ત્યારે બેંકની વિશેષ જવાબદારી છે કે,કપરા સમયે સુગર ફેકટરીઓની સાથે સંકળાયેલા ખેડૂતો-સભાસદોની પડખે રહે. ''વિના સહકાર, નહિ ઉધ્ધાર ''ના સૂત્ર સાથે સહકારી સંસ્થાઓ સહકારી ધોરણે કાર્યરત છે, પરંતુ ખાતરના ભાવ વધ્યા, મજુરીનો દર, મોંઘા બિયારણ ને કારણે ઉત્પાદન ખર્ચ વધવાના કારણે શેરડી પકવતો ખેડૂત નાસીપાસ થઈ રહ્યો છે. એક તરફ ગ્લોબલ વૉર્મિંગની અસર બીજી તરફ દિન-પ્રતિદિન શેરડીનું ઘટતું ઉત્પાદનને કારણે સંસ્થાઓ નબળી પડી રહી છે. આશરે એક હજાર કરોડના ધિરાણ ને કારણે આવનારા દિવસોમાં બેંકની સધ્ધરતા ને પણ ચોક્કસ અસર થવાની છે. સુરત જિલ્લાની કાંઠા, સાયણ, કામરેજ, બારડોલી, મહુવા, વ્યારા, ચલથાણ અને માંડવી સુગર મળી કુલ્લે આશરે ૨ લાખ સભાસદો છે. એટલે કે બે લાખ કુટુંબોનો જીવનનિર્વાહ સુરત ડિસ્ટ્રિક્ટ બેંકના સહકારથી ચાલે છે ત્યારે ખેડૂતોના હિતમાં ચોક્કસ પગલાં લેવા જોઈએ એ જ સમયની માંગ છે. આથી ઉપરોક્ત બાબતો ધ્યાનમાં રાખીને ઓવરડ્રાફ્ટ રાહત અને કિસાન ક્રેડિટ કાર્ડ લોનમાં ૦૩ ત્રણ લાખ ની જગ્યાએ ૦૫ (પાંચ) લાખ રૂપિયા સુધીની લોનનાં વ્યાજમાં માફી આપી ખેડૂત-સભાસદોના હિતમાં નિર્ણય લેવા સુરત અને તાપી જિલ્લાના ખેડૂત-સભાસદોની લાગણી અને માંગણી છે.

### વેસુ સંયમ
**પેજ-૨ પાનાનું ચાલુ**

મૂળમાં પણ યુગોથી અહિંસાને પ્રાધાન્ય અપાયું છે.

આ પ્રસંગે સુપ્રીમ કોર્ટના પૂર્વ ન્યાયાધીશ જસ્ટિસ દિનેશ મહેશ્વરીનું ડી-લિટની વિશેષ ઉપાધિ સાથે સન્માન કરાયું હતું. આચાર્યશ્રી મહાશ્રમણજીએ વિદ્યાર્થીઓને જીવન અને જ્ઞાનનું મહત્વ સમજાવી શ્રેષ્ઠ નાગરિક બનવાની પ્રેરણા આપી હતી.

આ કાર્યક્રમમાં જૈન વિશ્વ ભારતી સંસ્થાના કુલસચિવ અજય પાલ કૌશિક, ચાન્સેલરશ્રી અર્જુનરામ મેઘવાલ, વાઇસ ચાન્સેલરશ્રી પ્રો.બી.આર. દુગ્ગર ગર્વનિંગ બોડીના સભ્યો, ટ્રસ્ટીગણ, પ્રાધ્યાપકો, દીક્ષાંત વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### અશ્વની કુમાર બાળ
**પેજ-૨ પાનાનું ચાલુ**

કર્મભૂમિ ફૂલપડા ગામ જ છે તેથી હું પોતે પણ એવું ઈચ્છું છું જવાબદાર સુરત મહાનગરપાલિકાના પદાધિકારીઓ તાત્કાલિક આના ઉપર કોઈ નિર્ણય લઈ અને આ સ્મશાન ગૃહ માટે જગ્યા ફાળવવા માટે નિર્ણય લેવામાં આવે. અંતમાં દિનેશભાઈ કાછડીયાએ જણાવ્યું હતું કે, મેયર, કમિશ્નર અને સ્ટેન્ડિંગ ચેરમેન જયારે પણ વિઝીટ માં આવવાના હોય ત્યારે મને પોતાને પણ જાણ કરવામાં આવે જેથી કરીને ત્યાંની પરિસ્થિતિથી તેઓને વાકેફ કરી શકે.

### ભરૂચમાં ખેતીના
**પેજ-૨ પાનાનું ચાલુ**

તપાસ કરવામાં આવશે. ત્યારબાદ સહાય ની રકમ ખેડૂતોને આપવામાં આવશે. ઉલેખનીય છે કે, અતિ વરસાદના કારણે ખેડૂતોના ખેતી પાકને વ્યાપક નુકશાન પહોંચ્યું છે. ત્યારે સહાયની રકમ આપવામાં આવશે. તેથી ખેડૂતને શિયાળુ વાવેતર કરવામાં મદદ થશે. સમય મર્યાદામાં ખેતી પાકમાં નુકશાન થયેલ ખેડૂતોએ ઓનલાઈન અરજી કરી દીધી છે. ત્યારે હવે ખેડૂતોને સરેરાશ રૂ૧૬ હજાર ખેડૂત દીઠ સહાય આપવામાં આવશે.

### સુરત શહેરના
**પેજ-૨ પાનાનું ચાલુ**

ગામતળ, પરવત ગામથી ઋષિ વિહાર ટાઉનશિપ વાયા માધવબાગ, ભેસ્તાન આવાસ.

ઉધના ઝોનઃ દીપ્લી ગામ, ડૂંડી ગામ, અનુપમ સીટી, પ્રાઈમ પોઈન્ટ, વડોદ ગામ, ગણેશ નગર, મોહન સોસાયટી, રામ નગર, વડોદ આવાસ, ગજાનંદ સંકુલ, બમરોલી ગામતળ, આશિષ નગર, ગીતા નગર, તુલસી ધામ, પ્રભુ નગર, તેરેનામ રોડ, ઉનગામ, ગભેણી ગામતળ, સોનારી, જીયાવ, બુડિયા ગામ, કનકપુર-કનસાડ, સચીન, પારડી-કણદે

સેન્ટ્રલ ઝોન, ઉત્તરઃ (ઓછા પ્રેશરથી) રેલવે સ્ટેશન, દિલ્હી ગેટથી ચોક, રાજમાર્ગથી ઉત્તર તરફના વિસ્તારમાં મહીધરપુરા, રામપુરા, હરીપુરા, સૈયદપુરા, ધાસ્તીપુરા, શાહપોર-નાણાં વટ અને આજુબાજુનો સમગ્ર વિસ્તાર.

મંગળવારના રોજ પાણી પુરવઠો સંપૂર્ણ બંધ/ઓછા પ્રેશરથી/ઓછા જથ્થામાં રહેશે તથા તા.૧૩ નવેમ્બર બુધવારના રોજ ઓછા પ્રેશરથી/ઓછા જથ્થામાં મળવાની શકયતાઓ છે.

### બે આરોપીઓની
**છેલ્લા પાનાનું ચાલુ**

કસ્ટડીમાં મોકલી આપવામાં આવ્યા હતા. જોકે ઉમરા પોલીસે સેશન્સ કોર્ટમાં જીમ અને સ્પા સંચાલક સામે રિમાન્ડ રીવીઝન અરજી સોમવારે સાંજે દાખલ કરી હતી અને જેની સુનવણી બુધવારના રોજ કોર્ટમાં હાથ ધરવામાં આવશે આ ઉપરાંત આરોપી અને આરોપીના વકીલ ને કોર્ટ આજે નોટિસ મોકલશે એવું મુખ્ય સરકારી વકીલ નયન સુખડવાલાએ જણાવ્યું હતું. આરોપીઓના વકીલ વિનય શુક્લા અને જાફર બેલાવાલા દલીલો કરશે.

ઉમરા પોલીસ મથકના સિનિયર પોલીસ ઈન્સ્પેક્ટર પટેલે જણાવ્યું હતું કે, સીટી લાઈટ વિસ્તારના શિવ પૂજા કોમ્પ્લેક્સ માં અમૃતિયા સ્પા એન્ડ સલુન આવેલું છે. ૯ નવેમ્બર ના રોજ સાંજના સુમારે સ્પા એન્ડ સલૂન માં કોઈક કારણોસર આગ લાગી હતી. આગના બનાવની જાણ ફાયર બ્રિગેડને કરવામાં આવતા ફાયર બ્રિગેડના અધિકારીઓ અને લાસ્કરો ઘટના સ્થળે ધસી જઈને આગની બુજાવી નાખી હતી પરંતુ સિક્કિમની બે મહિલાઓ ૩૦ વર્ષની બીનુંહંગમાં લીંબુ અને મનીષા દલાઈ નું ગુંગળામણ ને કારણે કરુણા મોત નીપજ્યું હતું. આ ઘટનાના પગલે ઉમરા પોલીસ સ્ટેશનનો પોલીસ અધિકારીઓનો કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો.. આગ અને ગુંગળામણ ના કારણોની તપાસ કરવા માટે ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી ના સાયન્ટિફિક ઓફિસરો ઘટના સ્થળે પહોંચી ગયા હોવાનું પણ પોલીસે જણાવ્યું હતું.

# હવે પાછો આપણેને કેમ ખાલીપાનો અહેસાસ થાય છે?

આપણે રંગેચંગે ધામધુમપુર્વક ઉત્સાહ ઉમઁગથી દિવાળી મનાવી. લાખો રૂપિયા સાફ સફાઈ રંગરોગાન ફર્નિચર પડદા બેડશીટ એસી ગાડી ટુ વહીલર પાછળ ખર્ચ્યા.બીજા હજારો ફરસાણ મીઠાઈઓ ગિફ્ટ ફટાકડા હરવાફરવા કપડાંબુટ ચપ્પલ પાછળ ખર્ચ્યા.

હવે પાંચમ પછી આપણે તરોતાજા ફ્રેશ થવાને બદલે થાકી ગયા એમ કેમ લાગે છે? આપણા પૈસાનું પાણી થઈ ગયું હોય એમ કેમ લાગે છે? લાગે છે ને?

આનું મુખ્ય કારણ ચારેબાજુ આપના વાણી વર્તનમાં વ્યવહારમાં આવેલું પરિવર્તન છે. સાચું કહેજો તમારી પીઠ પર ધબ્બો મારી તુંકારે સંબોધન કરનાર કેટલા સાચા અને ખરા મિત્રો આ વખતે ક્યાં ખોવાઈ ગયા એમની કમી લાગે છે ને? બધું જ છે છતાં કંઈક ખૂટે છે ને? ખાલીપો લાગે છે ને?

ફોન કર્યા વગર સીધા કસમયે કોઈના ઘરે દરવાજો થપથપાવ્યા વગર ઘરમાં ઘુસી જઈ શકીએ એવા સંબંધો કેટલા બચ્યા છે?

કોઈ પણ કામ વગર કારણ વગર ફક્ત મળવાનું મન થયું કે મળવાનો ઉમળકો થયો એટલે મળવા જઈ શકાય એવો એકાદો સબંધ પણ આપની પાસે બચ્યો છે ખરો?

જેના ઘરમાં રસોડા સુધી જઈ તાજા બનતા દાલભાત ચમચીથી થાળીમાં લઈ ને ખાય શકાય એવા મિત્રો કેટલા?.

એ ઘરમાં આવે અને આપણે ઘરમાં માત્ર લેંઘો પહેરીને બેઠા હોઈએ અને શર્ટ પહેરવા ઉભા ના થવું પડે એવા એકાદો મિત્ર પણ આપણી પાસે છે ખરો?

રાતે પેટભરીને જેની સાથે બોલાચાલી ગાળા ગાળી થઈ હોય પણ બીજે દિવસે સવારે જાણે રાતે કઈ જ બન્યું નથી એમ માનનારા મિત્રો કેટલા?

આનું મુખ્ય કારણ આપણે કોઈને ઓછા કામમાં આવીએ એનો ભરપૂર ઉપયોગ કરી લઈએ પાછા શરમાવાને બદલે આપણે આપણી હોશિયારી ચતુરાઈના વખાણ કરીએ એટલે સબંધ ખતમ થાય છે નોકરીમાં શાળા કોલેજોમા ઓફિસમાં આપણી વિદાય વખતે આપણી સામે રડનાર રાતે જ આપણે એમના હૃદય એમના મોબાઈલમાંથી ડીલીટ કરી નાંખે છે કારણકે મતલબ પુરો થયો ગરજ પતિ ગઈ લાગણીઓ પણ બોદી થઈ ગઈ છે દર્દ દુઃખ વહેંચવા છે પણ લેવા નથી બધું કહેવું છે પણ એક વાક્ય પણ સાંભળવાની આપણી તૈયારી નથી બધામાં ખામી કાઢવી છે પણ ખામીઓ સુધારવામાં મદદ કરવી નથી કોઈને દુઃખી જોઈને આપણે ખુશી સંતોષ મળે છે માટે સંબધો ખોખલા બની ગયા છે ટોળાં વચ્ચે ભીડ વચ્ચે પણ આપણે એકલતા લાગે છે ભીતરમાંથી કશુ બહાર આવતું જ નથી.

સંબધોમાં બનાવટ દંભ આવી ગયા છે. ફેસબુક પર પાંચ હજાર મિત્રો હોય છે પણ જેની સામે માત્ર આપને ઉભા રહીએ અને આપનો પુરેપુરો હાલચાલ વગર કહ્યે જાણી જાય એવા જીગરજાન જીગરી મિત્રો ખોવાઈ ગયા છે. દુનિયાની સૌથી મોટી ભેટ મિત્રતા ક્યાંય ખોવાઈ ગઈ છે તમને મળે તો મને કહેજો.

**લેખક : અબ્બાસભાઈ સીરાજભાઈ કૌકાવાલા**
**સુરત, ૯૩૭૬૯ ૮૧૪૨૭**

### બિલ્ડર અનિલ
**છેલ્લા પાનાનું ચાલુ**

તલસ્પર્શી તપાસ શરૂ કરી દીધી છે. પોલીસે એક પછી એક વ્યક્તિઓના નિવેદનો નોંધવાની શરૂઆત કર્યા બાદ ગતરોજ સુરત મહાનગર ના વિશ્વ હિન્દુ પરિષદના પ્રમુખ અનિલ ને પણ બે દિવસમાં પોલીસ સમક્ષ હાજર થઈ જવાબ લખાવવાનું જણાવવામાં આવ્યું છે. ત્યારે પોલીસ એ મૂંઝવણમાં છે કે અનિલ દેશમાં છે કે વિદેશમાં?? વિશ્વાસનીય સુત્રોના જણાવ્યા અનુસાર એક વાત એવી પણ જાણવા મળી છે કે અનિલ રોગતા એ યુ.એસ.એ હોવાનું પણ જાણવા મળ્યું છે. આગામી દિવસમાં તે પોલીસ સમક્ષ હાજર થવા ના ચક્રો ગતિમાન કરશે.

### સુરતમાં રાત્રે
**છેલ્લા પાનાનું ચાલુ**

ભેજનું પ્રમાણ ૪૦ ટકા નોંધાવા સાથે દરિયાની સપાટી ઉપર હવાનું દબાણ ૧૦૧૦.૬ મિલીબાર નોંધાયું છે. નવેમ્બર મહિનાનું બીજુ અઠવાડીયું ચાલી રહ્યું હોય આગામી દિવસોમાં ઠંડીનું પ્રમાણ વધશે તેવી હવામાન વિભાગે શકયતા વ્યક્ત કરી છે.

### તુલસી વિવાહનો
**છેલ્લા પાનાનું ચાલુ**

જાન (વરઘોડો) કાઢવામાં આવ્યો હતો. ભાવિક ભક્તો આ વરઘોડામાં મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. આજે લગ્ન અને આવતીકાલે બુધવારે હવન, મહાપ્રસાદ તેમજ બ્રહ્મ ભોજનના પણ આયોજન કરવામાં આવ્યા છે. મહેંદીપુર બાલાજી મંદીર સિટીલાઇટ ખાતે તુલસીના ક્યારે તેમજ માતા તુલસીની પ્રતિમા બનાવી તેમને અદભુત શૃંગાર પણ કરવામાં આવ્યો છે.

### બોલિવુડ ફિલ્મ
**છેલ્લા પાનાનું ચાલુ**

બોક્સ ઓફીસમાં ધુમ મચાવી હતી. આ દરમિયાન હેરાફેરીના ત્રીજા ભાગ અંગે જોર પકડ્યું છે. ફિલ્મ હેરાફેરીના રાજુ (અક્ષયકુમાર) શ્યામ (સુનિલ શેટ્ટી) અને બાબુરાવ (પરેશ રાવળ) સુરત તથા મુંબઈ એરપોર્ટ પર એક સાથે દેખાતા ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝમાં ફિલ્મ હેરાફેરીના ત્રીજા ભાગ અંગેની ચર્ચાએ જોર પકડ્યું છે. અલબત ત્રણેય સુપ્રસિદ્ધ ફિલ્મી કલાકારો ગઈકાલે સુરતના ઈન્ડોર સ્ટેડીયમમાં આયોજીત કાર્યક્રમમાં મુખ્ય મહેમાન હોવાથી સાથે આવ્યા હતા. અને ત્રણેય કલાકારો સુરતના એરપોર્ટ પર તથા અન્ય સ્થળોએ દેખાતા લોકોમાં તરેહ તરહેની ચર્ચા જાગી છે.

### પિયર આવેલી
**છેલ્લા પાનાનું ચાલુ**

તો તેની સાથેના વોટ્સએપ મેસેજ વાયરલ કરી દેશે. આ મામલે ડિંડોલી પોલીસે બળાત્કારનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### સરકારી વકીલની
**છેલ્લા પાનાનું ચાલુ**

હેડકવાર્ટરમાં નોકરી કરતા પો.કોન્સ્ટેબલ મુકેશ સરદાર પારગી(ઉ.વ.૪૩,રહે.પોલીસ લાઈન,પીપલોદ) સાથે લોન અપાવવાના બહાને રૂ.૫.૨૫ લાખની ઠગાઈ કરી હતી. ઉધના પોલીસ સ્ટેશનમાં કોન્સ્ટેબલ મુકેશ પારગીએ પંકજ લોહાર સામે ઠગાઈની ફરિયાદ નોંધાવી હતી. ઉધના પોલીસે પંકજ લોહારની ધરપકડ કરી શનિવારે કોર્ટમાં રજૂ કરી રિમાન્ડની માગણી કરી હતી. આરોપીના વકીલ રહીમ શેખે રિમાન્ડ અરજીનો વિરોધ કરતા મેજીસ્ટ્રેટ કોર્ટે રિમાન્ડ નકારી કાઢ્યા હતા. ત્યારબાદ આરોપીના વકીલ રહીમ શેખે જામીન અરજી કરી દલીલ કરી હતી કે, શંકાના આધારે ખોટી રીતે ફસાવી દેવામાં આવ્યો છે કુટુંબના ભરણપોષણની જવાબદારી છે. પોલીસને સાથ સહકાર આપશે કોર્ટમાં નિયમિત હાજર રહેશે જામીન મુક્ત કરવા દલીલો કરી હતી. જામીન અરજીના તબક્કે સરકારી વકીલ ગેરહાજર હતા. કોર્ટમાંથી પુકાર લગાવતા સરકારી વકીલ હાજર નથી. સરકાર તરફથી જામીન અરજીનો વિરોધ થયો ન હતો. આ ઉપરાંત તપાસ કરનાર પોલીસ અધિકારી તરફથી પણ જામીન અરજી નામંજુર કરવા કોર્ટનુ ધ્યાન દોરવામાં આવ્યું ન હતું.

બાદમાં કોર્ટે નોંધ્યુ હતુ કે ગુનાની સંભવિત સજા ધ્યાને લેતા મૃત્યુદંડ કે આજીવન કારાવાસની સજાને લાયક ગુનો નથી. આરોપી પુરાવા સાથે છેડછાડ કરે કે સાહેદોને ધાક ધમકી આપે તેવી કોઈ હકીકત આ ફરિયાદ પક્ષે તથ્યોથી જણાવી નથી. આ ગુનાની પ્રકૃતિ,સજાની જોગવાઈઓ તેમજ આ કેસની વિગતોને ધ્યાને રાખતા આરોપીને શરતો ઉપર જામીન મુક્ત કરવા વ્યાજબી અને ન્યાયના હિતમાં જણાઈ, કોર્ટે આરોપીના શરતી જામીન મંજુર કર્યા હતા.

### મંદ બુદ્ધિ કિશોર
**છેલ્લા પાનાનું ચાલુ**

યુવકને આ ગુનામાં કસુરવારઠેરવી ૨૦વર્ષનીસખત કેદની સજા અને રૂ ૧૫૦૦૦નો દંડ કર્યો હતો. તદુપરાંત ગુજરાતની ભોગ બનનારને વળતર માટેની યોજના ૨૦૧૯ના નિયમો અનુસાર રૂ.૫ લાખ ભોગબનનારને ચુકવવા પણ આદેશ કર્યો હતો.

સાંધ્ય દૈનિક
**પ્રતાપ દર્પણ**
**પ્રેસનોટ તથા જાહેરખબરો માટે સંપર્ક કરો**
-:: અડાજણ મેઈન કાર્યાલય ::-
એફ-૩, રવિરાજ ફ્લેટ, મહાલક્ષ્મી મંદિર સર્કલ પાસે, અડાજણ, સુરત.
મો.નં.૯૮૨૪૬-૫૫૭૫૫, ૯૮૨૫૫-૩૨૫૦૫
-:: અંકલેશ્વર બ્રાન્ચ કાર્યાલય ::-
નાઝુભાઈ ફડવાલા
મો.૯૮૨૫૧-૫૮૩૯૩
-:: ભરૂચ બ્રાન્ચ કાર્યાલય ::-
ધનંજય ઝવેરી
મો.૯૯૭૮૪-૦૬૯૨૩
-:: કોસંબા બ્રાન્ચ કાર્યાલય ::-
સોહેલભાઈ
મો.૯૯૭૮૪-૨૪૬૮૮

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel “Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

મંગળવાર, તા.૧૨ નવેમ્બર ૨૦૨૪ | મોબાઈલ : ૯૮૨૫૫ ૩૨૫૦૫, E-mail : pratap_darpan@yahoo.co.in




સુરતના વેસુ વીઆઈપી રોડ પર આવેલા શ્રી શ્યામ મંદિરમાં આજે કારતક શુક્લ એકાદશીના શુભ દિવસે શ્યામ બાબા જયંતિની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. શ્યામ બાબાની જયંતિ અવસરે આજે વહેલી સવારથી મંદિરમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ શ્યામ બાબાના દર્શન કરવા ઉમટી પડ્યાં હતા. શ્યામ બાબા જયંતિ નિમિત્તે આજે મોડી રાત સુધી વિવિધ ધાર્મિક કાર્યક્રમના આયોજનો ગોઠવાયા છે.

## સિટીલાઈટ અમૃતિયા સ્પા-જીમ અગ્નિકાંડ

# બે આરોપીઓની પોલીસ રિમાન્ડ રિવિઝન અરજીની આવતી કાલે અદાલતમાં સુનાવણી

### જીમ અને સ્પા સંચાલક માટે કોર્ટ આજે નોટિસ કાઢશે : મુખ્ય સરકારી વકીલ સુખડવાલા

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૨

સુરત સીટી લાઈટ વિસ્તારમાં આવેલા શિવ પૂજા કોમ્પ્લેક્ષમાં ૯ નવેમ્બર ની સાંજે આગ લાગતા ગુંગળામણને કારણે બે મહિલાઓના કરુણ મોત નીપજવાની ઘટનાના પગલે ઉમરા પોલીસે જીમ સંચાલક અને સ્પા સંચાલકની સાપરાધ મનુષ્યવધના એટલે કે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૫ ગુનામાં ધરપકડ કરી હતી. આ ગુનામાં આરોપીઓના રિમાન્ડ અદાલતે રદ કર્યા બાદ તેઓને જ્યુડિશિયલ

અનુસંધાન પાના ૭ પર

## બિલ્ડર અનિલ રૂંગટા હાલ ભારતમાં છે કે વિદેશમાં?

સીટી લાઈટ રોડ પર આવેલ શિવપૂજા કોમ્પ્લેક્ષમાં છ નવેમ્બરના રોજ બનેલી અગ્નિતાંડવની ઘટનામાં સિક્કિમની બે યુવતીઓના કરુણ મોત નિપજ્યા હતા. આ ઘટનાને પગલે ઉમરા પોલીસે ભારતીય દંડ સંહિતાની કલમ ૧૦૫ મુજબનો ગુનો નોધી

અનુસંધાન પાના ૭ પર

# સુરતમાં રાત્રે થોડી ઠંડક અને દિવસભર ઉનાળા જેવો તાપ

### સુરતમાં વહેલી સવારે ૨૧ ડીગ્રી તાપમાન નોંધાયું

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૨

બપોરના સમયે ગરમી અને રાત્રિના સમયે ઠંડી એમ બે ઋતુનો અનુભવ હાલ શહેરીજનો કરી રહ્યા છે. બે ત્રણ દિવસથી લઘુત્તમ તાપમાન ૨૧ ડિગ્રી નોંધાવા સાથે બપોરના સમયે મહત્તમ તાપમાનનો પારો ૩૫ ડિગ્રી ઉપર પહોંચી રહ્યો હોય સાંજ પડતા જ ઉકળાટ અને બફારાથી લોકો ત્રાસી રહ્યા છે તો વહેલી સવારે શિયાળાની ઋતુ હોય તેમ ઠંડી પણ પડી રહી છે. ''હવામાન વિભાગ પાસેથી મળતી માહિતી મુજબ આજે બપોરે શહેરનું મહત્તમ તાપમાન ૩૫ સેલ્સિયસ ડિગ્રીએ પહોંચ્યું હતું. જેથી ગરમી યથાવત રહી છે. લઘુત્તમ તાપમાનનો પારો ૨૧ સેલ્સિયસ ડિગ્રી ઉપર યથાવત રહેતા મધ્ય રાત્રિથી વહેલી સવાર સુધી ઠંડીની થોડી અસર જોવા મળી રહી છે. જોકે બપોરના સમયે હજી પણ ઘરો અને ઓફીસોમાં લોકોએ બફારા અને ઉકળાટથી બચવા એસીનો સહારો લેવો પડી રહ્યો છે. વધુમાં હવામાં

અનુસંધાન પાના ૭ પર

# તુલસી વિવાહનો શુભ અવસર વૃંદા અને ઠાકોરજીનો લગ્નોત્સવ

### સુરત શહેરના વિવિધ મંદિરોમાં તુલસી વિવાહના આયોજન

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૨

આજે તુલસી વિવાહના શુભ દિવસે તુલસીમાતા સાથે ભગવાન ઠાકોરજીનો લગ્નોત્સવ ઉજવવામાં આવે છે. ડુમસ રોડ ખાતે આવેલી ગોર્વધન હવેલી ઉપરાંત સિટીલાઈટ, ભટાર, ડુમસ, કોસમાડા પાટિયા સહિત શહેરના વિવિધ મંદીરોને તુલસી વિવાહના શુભ પ્રસંગે રંગબેરંગી ફુલો અને લાઈટોથી શણગારીત કરવામાં આવ્યા હતા. કારતક શુકલ પક્ષ એકાદશીના શુભ અવસરે વેસુમાં શ્યામ બાબાની જયંતી નીમીચે પણ વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યા છે. ''તુલસી વિવાહના અવસરે શહેર ભરના મંદીરોમાં ધાર્મિક અનુષ્ઠાનો, છપ્પન ભોગ, મહાપ્રસાદ, બ્રહ્મ ભોજન તેમજ ભક્તો માટે પ્રસાદીના આયોજનો કરવામાં આવ્યા છે. તુલસીમાતા સાથે આજના શુભ દિવસે ભગવાન ઠાકોરજીના લગ્ન યોજાઈ છે. શહેરભરના મંદિરોમાં તુલસી વિવાહ નિમિત્તે વિશેષ આયોજનો કરવામાં આવ્યા હતા. સિટીલાઈટ ખાતે આવેલા બાલાજી મંદીર ખાતે તુલસી વૃંદા મહોત્સવનું પણ ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જેમાં મંગળવારે સવારથી જ ભગવાનના શાલીગ્રામ સ્વરૂપે

અનુસંધાન પાના ૭ પર



# બોલીવુડમાં ફિલ્મ 'હેરાફેરી' ભાગ ત્રણના શુટિંગ અંગે ભારે ચર્ચા જાગી

### અક્ષય કુમાર, સુનીલ શેટ્ટી અને પરેશ રાવલ એક સાથે સુરતના મહેમાન બન્યા

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૨ગઈકાલે સુરત શહેરના અઠવાલાઈન્સ સ્થિત ઈન્ડોર સ્ટેડીયમમાં ૧૬મી કુડો ઈન્ટરનેશનલ ટુર્નામેન્ટના વિજેતા ખેલાડીઓ માટે યોજાયેલા ઈનામ વિતરણ સમારંભમાં હોલીવુડના એક્ટર અક્ષયકુમાર, સુનિલ શેટ્ટી અને પરેશ રાવલ હાજર રહ્યા હતા. ''ઈન્ટરનેશનલ કુડો સ્પર્ધામાં કુલ ૪૫૦૦ જેટલા ખેલાડીઓએ ભાગ લીધો હતો. આ પ્રસંગે સુરતના વિસ્પી ખરાડીએ બે ગિનીઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ પ્રસ્થાપિત કર્યા હતા. સુરતમાં આયોજીત કાર્યક્રમમાં એક સાથે પધારેલા હોલિવુડના એક્ટર અક્ષયકુમાર, સુનિલ શેટ્ટી, અને પરેશ રાવલ એક સાથે દેખાતા લોકોને ફિલ્મ હેરાફેરીની યાદ આવી ગઈ હતી. ''હેરાફેરી ફિલ્મના બે ભાગે પહેલાથી જ

અનુસંધાન પાના ૭ પર



(તસવીર : હનીફ મલેક)

ચોમાસાની વિદાયના ઘણાં દિવસો બાદ પણ તાપી નદીમાં પાણીની સતત આવક થતાં કોઝ-વેની સપાટી આજે પણ ભયજનક લેવલ છ મીટર ઉપર હોવાથી આજે ૧૪૦ દિવસ બાદ પણ કોઝ-વે બંધ રહ્યો છે. કોઝ-વે બંધ રહેતા સીંગણપોર અને રાંદેર વિસ્તારના લોકોને ભારે હાલાકી વેઠવી પડે છે.

# કાપોદ્રામાં સગા બાપ દ્વારા યુવાન દિકરીની લાજ લૂંટવાનો પ્રયાસ

### રાત્રી સમયે ઉંઘતી યુવાન દિકરી સાથે કુચેષ્ટા કરનાર પિતા સામે માતાએ ફરિયાદ નોંધાવી

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૨

કાપોદ્રા વિસ્તારમાં પિતા જ હેવાન બન્યો હોય તેમ ૧૮ વર્ષિય પુત્રીની લાજ લેવાનો પ્રયાસ કર્યો હતો. આ મામલે પત્ની દ્વારા પતિ વિરૂધ્ધ કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. ''કાપોદ્રા પોલીસ સ્ટેશનેથી મળતી વિગત અનુસાર કાપોદ્રા વિસ્તારમાં રહેતા અને મુળ સૌરાષ્ટ્રના એક પરિવારમાં પિતા જ ભાન ભુલ્યો હતો અને પોતાની પુખ્ત વયની પુત્રીની છેડતી કરી હતી. રાત્રિના સમયે પુત્રી ઘરમાં સુતી હતી ત્યારે પિતાએ જ ૧૮ વર્ષિય પુત્રીને અડપલા કર્યા હતા. ગભરાઈ ગયેલી પુત્રીએ પિતાની આ હરકત અંગે શરૂઆતમાં માતાને જાણ કરી ન હતી. પખવાડીયા પહેલા બનેલા આ બનાવનું ફરી વખત પિતાએ પુનરાવર્તન કરતા અંગે આ મામલે કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં પતિ વિરૂધ્ધ પત્નીએ પુત્રીની છેડતી કરવા બદલ ગુનો નોંધાવ્યો હતો.

# ઉમરપાડા તાલુકાના ગામોમાં વહેલી સવારે ભૂકંપના આંચકા

### લોકો ઊંઘમાંથી જાગીને ઘરની બહાર દોડી આવ્યા

સુરત, તા.૧૨

સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકાના ગામોમાં આજે સવારે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. લોકો ઊંઘમાંથી જાગીને ઘરોની બહાર દોડી ગયા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર આજે સવારે સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકાના પીનપુર, સતવાણ, ઉમરપાડા, સહિતના ગામોમાં ભૂકંપના હળવા આંચકા અનુભવયા હતા. સવારે ૯ વાગ્યે ભૂકંપ આવ્યો હતો. જેના લીધે લોકો ગભરાયા હતા. ઊંઘમાંથી જાગીને લોકો ઘરની બહાર દોડી ગયા હતા. ભૂકંપ આવ્યો હોવાના સમાચાર વાયુ વેગે સમગ્ર તાલુકામાં પ્રસરી ગયા હતા. ઉમરપાડા મામલતદાર કચેરીએ ભૂકંપની નોંધ લીધી હતી. કચેરીએ કહ્યું કે, ૧૨ નવેમ્બરની સવારે ૯.૦૪ કલાકે સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકાના ગામોમાં ભૂકંપના આંચકાનો અનુભવ થયો હતો. ભૂકંપથી કોઈ પણ નુકસાની કે જાનહાનિના અહેવાલ નથી.

# પિયર આવેલી પરિણીતાને ટેરેસ પર બોલાવી યુવાન દ્વારા બળાત્કાર

### પતિના અફેરની વાત જાણવા યુવકે પરિણાતાને ટેરેસ પર બોલાવી હતી

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૨

ડિંડોલીમાં પિયરમાં સમયાંતરે જતી પરિણીતાને તેના પતિના અફેર અંગે જાણકારી આપવાનું પ્રલોભન આપી યેનકેન પ્રકારે પરણિતાને ડરાવી ધમકાવી યુવક દ્વારા ટેરેસ ઉપર તેમજ ઘરમાં બોલાવી દુષ્કર્મ ગુજારાયું હોવાની ફરીયાદ ડિંડોલી પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. ''ડિંડોલી પોલીસ સુત્રો પાસેથી મળતી વિગતો અનુસાર ડિંડોલી વિસ્તારમાં એક વર્ષ અગાઉ એક પરિણીતા તેના પિયરમાં રહેવા માટે ગઈ હતી. આ સમયે તેના ઘર નજીક જ રહેતા આરોપી મહેશ રાવ સાહેબ આહિરે પરિણીતાને તેના પતિનું કોઈક સાથે અફેર હોવાની વાત કરી હતી. આ અંગે વધુ જાણકારી આપવાના બહાને મહેશ આહિરે પરિણીતા જ્યારે પણ પિયરમાં જતી હતી ત્યારે તેને પતિના અફેર વિશે ભડકાવીને ટેરેસના દાદર ઉપર તેમજ ઘરમાં બોલાવીને તેમજ હોટલ ઉપર મળવા બોલાવીને બ્લેકમેઈલીંગ કરી બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો. મહેશ આહિરે પરિણીતાને આત્મહત્યા કરવાની પણ ધમકી આપી હતી. અને આ બાબત કોઈને જાણ કરશે

અનુસંધાન પાના ૭ પર

# મંદબુદ્ધિ કિશોર પર બળાત્કાર કરનાર આરોપીને ૨૦ વર્ષની કેદ

### પિડીતાને રૂ.પાંચ લાખનું વળતર ચૂકવવા કોર્ટનો હુકમ

સુરત, તા.૧૨

લિંબાયત ખાતે મંદબુદ્ધિ સગીરા સાથે દુષ્કર્મ આચરવાના કેસમાં ઘર નજીક રહેતા મહારાષ્ટ્રીયન યુવકને કોર્ટે ૨૦ વર્ષની સખત કેદની સજાનો હુકમ ફરમાવ્યો હતો.

નોંધાવેલી ફરિયાદ મુજબ લિંબાયતમાં રહેતા મહારાષ્ટ્રીયન પરિવારની મંદબુદ્ધિ સગીર દીકરી હતી. ગત.તા.૧૮.૭-૨૦૨૨ના રોજ સગીર દિકરી પોતાના ઘરની બાલ્કનીમાં ઉભી હતી. ત્યારે તેમના ઘર નજીક રહેતો ૨૭ વર્ષીય યુવક સગીરાના ઘર પાસે આવ્યો હતો. ત્યારબાદ સગીરાને ઈશારો કરી પોતાની પાસે બોલાવી પોતાની સ્કુટર ઉપર બળજબરીથી બેસાડીને લિંબાયત સ્કાય-૯ એપાર્ટમેન્ટ સાઈનાથ ચાર રસ્તા પાસે આવેલા ખુલ્લા પ્લોટમાં લઈ જઈને મંદબુદ્ધિ સગીરા સાથે દુષ્કર્મ આચર્યું હતું. બાદમાં આ અંગે કોઈને કહેશે તો જાનથી મારી નાંખવાની ધમકી આપી એક મંદિર પાસે છોડીને ફરાર થઈ ગયો હતો. આ અંગે લિંબાયત પોલીસ સ્ટેશનમાં અપહરણ,બળાત્કાર અને પોક્સો સહિતનો ગુનો નોંધાયો હતો. આ કેસની ઈન્સાફી કાર્યવાહી સુરત કોર્ટમાં ચાલી હતી. કોર્ટે આરોપી

અનુસંધાન પાના ૭ પર

# સરકારી વકીલની ગેરહાજરીમાં કોર્ટે આરોપીને જામીન આપી દીધા

### વધુ એક કેસમાં આરોપી પંકજ લોહારના જામીન મંજૂર કરતી કોર્ટ

સુરત, તા.૧૨

લોનના બહાને ટ્રાફિક પોલીસ કર્મી સાથેના પાંડેસરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા છેતરપીડીના ગુનામાં આરોપી પંકજ લોહારે કરેલી જામીન અરજીના વિરોધમાં સરકારી વકીલ અને તપાસ પોલીસ અધિકારીએ રજૂઆત નહી કરતા શરતી જામીન મળી ગયા હતા. જ્યારે અન્ય પોલીસ અધિકારીને ઠગનાર આરોપી પંકજ લોહાર સામે ઉધના પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનામાં જામીન મુક્ત થવા કરેલી અરજીનો વિરોધ કરવામાં પણ સરકારી વકીલ હાજર રહ્યા ન હતા. આ કેસમાં પણ મેજીસ્ટ્રેટ કોર્ટે આરોપી પંકજ લોહારના શરતી જામીન મંજુર કર્યા હતા. જામીન અરજીના તબક્કે આરોપી પુરાવા સાથે છેડછાડ કરે કે સાહેદોને ધાક ધમકી આપે તેવી કોઈ હકીકત તપાસ અધિકારીએ તથ્યોથી જણાવી પણ ન હતી.

આ કેસની વિગત એવી છે કે, ડિંડોલી અંબિકા પાર્ક સોસાયટીમાં રહેતા પંકજ પ્રકાશ લોહારે સુરત

અનુસંધાન પાના ૭ પર




સુરત મહાનગર પાલિકા દ્વારા નવી સિવિલ હોસ્પિટલ સંલગ્ન રિંગરોડ વિસ્તારમાં આજે સવારથી દબાણ હટાવો ઝુંબેશ શરૂ કરવામા આવી હતી. નવી સિવિલ હોસ્પિટલ ગેટ પાસેના દબાણો જપ્ત કરી જાહેર રસ્તો તથા ફુટપાથ ખુલ્લા કરવામાં આવ્યા હતા. (તસવીર : હનીફ મલેક)

# ફાયરીંગ કેસ બે આરોપીઓને આગોતરા જામીન આપતી કોર્ટ

### બારડોલી સેશન્સ કોર્ટે આગોતરા જામીન અરજી ગ્રાહ્ય રાખી

સુરત, તા.૧૨

વાલોડ પુણા નદીના પુલ પર વકીલની કાર પર ફાયરિંગ પ્રકરણમાં બે આરોપીના આગોતરા બારડોલી સેશન્સ કોર્ટે મંજુર કર્યા હતા.આ કેસની વિગત એવી છે કે, મહુવા તાલુકાના અલગટ ગામે રહેતા અને વકિલાત કરતા કૃપલ ઢોડિયા પટેલની કાર ઉપર ફાયરિંગ થયું હતું. આ ફાયરિંગ પ્રકરણમાં મહુવા પોલીસે સુરતના સમદ મસાલાવાલા, સુફિયાન લાખાણી, ધનંજય સહિતના આરોપીઓ વિરૂદ્ધ ગુનો દાખલ કર્યો હતો. આ કેસમાં પોલીસ ધરપકડથી બચવા સમદ અને સુફિયાને વકીલ વાજીદ શેખ મારફતે બારડોલી સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરી હતી. વકીલ વાજીદ શેખની દલીલો રહી હતી કે આરોપી તદન નિર્દોષ છે, તથા કોઈ પણ ગુનાહિત ઈતિહાસ ધરાવતા નથી. કોર્ટે બંને આરોપીના આગોતરા મંજુર કર્યા હતા.